વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૦મું
ઓક્ટોબર : ૨૦૨૫
અંક : ૫૬૯

મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૬૪)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## શુભ દિપાવલી
## અને
## નૂતન વર્ષાભિનંદન

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, ૩પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- ૧૫૦૦થી વધુ શાખા અને ૬૦થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે ૩.૨ મિલિયનથી વધુ ચોરસ ફૂટ જગ્યા
- ૨૫૦૦થી વધુ જીપીએસયુક્ત વાહનો
- ૨ મિલિયન ટન અને ૯૦ મિલિયન આર્ટિકલ્સ
- ૪૦૦૦થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- એક લાખથી વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code
for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE

35 Years Of Trust

# શું આંખોની તકલીફ છે?



ચિંતા ના કરતા,
જીવરાજ મહેતા હોસ્પિટલ છે ને!

ઝાંખુ દેખાવું, ચશ્માના નંબર, મોતીયો, ઝામર તેમજ બાળકોને થતાં આંખના રોગો તદ્ઉપરાંત આંખની કીકી (કોર્નિયા), આંખોના પડદા(રેટીના) ની તપાસ અને સારવાર

## આંખોની ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર, રાહત દરે!

- આંખોના નિષ્ણાત સર્જનો દ્વારા સારવાર
- FDA-મંજૂર લેન્સ સાથે પીડા અને ટાંકા વગરની સારવાર
- અદ્યતન ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય સ્તરની સર્જરી સુવિધા
- NABH-પ્રમાણિત વિશ્વસનીય હોસ્પિટલ
- કેશલેસ સારવાર*

OPD સમય:
સોમવાર થી શનિવાર | સવારે 9:00 થી સાંજે 5:00

NABL

For OPD Appointments, call: +91 6357 188 191

079 2663 6363 jivrajhealthcare.org info@jivrajhealthcare.org
Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 Follow us on:

24/7 EMERGENCY SERVICES

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

જીવનમાં બે વાત શીખી લો :
એક માફ કરવાનું
અને બીજું શાંત રહેવાનું.
તમે એવી તાકાત બની જશો
કે પહાડ પણ તમને રસ્તો આપી દેશે.

ક્યારેક ક્યારેક ઠોકરો પ્રત્યે પણ
પોઝીટીવલી જોવું જોઈએ.
એક તો તેના કારણે રસ્તા પરની રૂકાવટોનો
ખ્યાલ આવી શકે અને એ સમયે સંભાળી
લેવાવાળા હાથ કયા હતા
તેનો પણ ખ્યાલ આવી શકે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર
(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા



- તંત્રીની કલમે ..... **ફાલ્ગુની હિરેન** ..... ૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : નૂતન વર્ષ મિલન સમારંભ : જાહેર આમંત્રણ ..... ૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વસ્તીપત્રક ૨૦૨૫ ..... ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્વામિવાત્સલ્યના સ્મરણો : સ્નેહ મિલન કાર્યક્રમ ..... ૧૦
- સ્નેહ મિલન સમારંભનો સાંસ્કૃતિક કાર્યક્રમ ..... ૧૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ તેજસ્વી તારલાઓ : વર્ષ – ૨૦૨૫ ..... ૧૩
- સરનામા ફેરફાર, અવસાન નોંધ, સાભાર સ્વીકાર ..... ૧૬
- સમાજનું ગૌરવ ★ 'મંગલ મંદિર'ના પ્રાપ્ત થયેલ લવાજમોનું લીસ્ટ ★ ભૂલ સુધાર ..... ૧૮
- વયસ્ક સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ..... ૧૯
- અતીતના ઓવારેથી : મણકો-૨૬ ..... ૨૦
- 'મંગલ મંદિર'નું લવાજમ ..... ૨૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ..... ૨૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સ્નેહ મિલન કાર્યક્રમની તસવીરી ઝલક ..... ૨૮-૩૬
- ઉડતી નજરે ..... ૩૮
- હરખચંદ કે. સાવલા પ્રેરિત :
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખાતે કાઉન્સેલિંગ અને કારકિર્દી વિકાસ કેન્દ્ર ..... ૩૯
- આંજો કાગર ..... ૪૦
- પ્રતિભાવ ..... ૪૧
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ..... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૪૨

**તીર્થ દર્શન**

- દર્શન-૮૫ : શ્રી પાટલીપુત્ર તીર્થ (શ્રી વિશાલનાથ ભગવાન)
  દર્શન-૮૬ : શ્રી ચંપાપુરી તીર્થ (શ્રી વાસુપૂજ્ય ભગવાન) ..... **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૪૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૩૦ ..... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૪૫
- ***Nano Nine*** શબ્દ રમત-૨૨૩ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૭
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૮૧) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૯
- સંઘર્ષથી આત્મનિર્ભરતા સુધી : ભાગ્યશ્રી સોલંકી ..... ૫૦
- 'સક્ષમ કેરિયર કાઉન્સિલ સેન્ટર' : કેસ સ્ટડી "જય" (નામ બદલેલ છે) ..... ૫૧
- અન્ય સંસ્થાના સમાચાર ..... ૫૨
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ : ૧૦ ઓક્ટોબર ..... **ડૉ. મણિલાલ ગડા** ..... ૫૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા)**
- જીવનમાં હકારાત્મક દીવડા પ્રગટે – એ જ દિવાળી, નવું વર્ષ ..... **નવીન બી. વાછાણી** ..... ૫૭
- લીવર (યકૃત) કાર્ય પરીક્ષણની સમજ ..... **ડૉ. અભિલાષા ચૌબલ** ..... ૫૮
- જીવનમાં નાના-નાના પ્રશ્નો : ઉકેલ ..... **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૫૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : તેજસ્વી તારલાઓ-૨૦૨૫ : તસવીરો ..... ૬૧-૬૨

## જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતો

લે. જીના શેઠ ❙ કિં. 750




જૂની રંગભૂમિના દરેક નાટકમાં એની કથાને અનુરૂપ પ્રેરક અથવા રમૂજી ગીતો રજૂ થતાં અને એ ગીતો નાટક જેટલું જ, ક્યારેક નાટક કરતાં પણ વધારે મહત્ત્વ ધરાવતાં હતાં. ક્યારેક તો ગીતને કારણે જ પ્રેક્ષકો નાટક જોવા જતા!

આ પુસ્તકમાં રજૂ થયેલાં જૂની રંગભૂમિનાં કુલ 48 ગીતો એના વિરલ આસ્વાદ અને વિશિષ્ટ સંદર્ભ સાથે મૂકવાનો લેખિકાનો પ્રયત્ન પ્રશસ્ય છે. કોઈ ખાસ ભૂમિકા સાથે, આસ્વાદ સહિત ગીત માણવાનું હોય ત્યારે એમાં તરબોળ થવાનું સહજ બને. આ પુસ્તક કાવ્યરસિકો માટે તો મોંઘેરું ઘરેણું છે જ, સાથે-સાથે આપણી પ્રાચીન રંગભૂમિની વિરાસતનો વૈભવ પણ છે. ગુજરાતી સાહિત્યમાં એનું વિશેષ સ્થાન બની રહેશે.

## હૃદયરત્નો

લે. રોહિત શાહ ❙ કિં. 400




કેટલીક પ્રતિભાઓને સરકાર ‘ભારતરત્ન’થી સન્માને છે, તો કેટલીક પ્રતિભાઓને સમાજ ‘સમાજરત્ન’થી બિરદાવે છે.

આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રની 17 પ્રતિભાઓને ‘હૃદયરત્ન’થી સન્માની છે. જેમકે સ્વામી સચ્ચિદાનંદ, ડૉ. કુમારપાળ દેસાઈ, વાઘજીભાઈ વોરા (આસોપાલવ), જીવદયાપ્રેમી કુમારપાળ વી. શાહ અને કલ્પેશ વી. શાહ, એડવોકેટ રશ્મિન જાની, લીલાવતીબહેન શાહ, આ.શ્રી રાજશેખરસૂરિજી મ. વગેરે

## સંતો/આધ્યાત્મિક પ્રતિભાઓનાં જીવનચરિત્રો

**સંતચરિત્રો અને ચિંતન**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 400

**મહર્ષિ દયાનંદ સરસ્વતી**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 225

**સ્વામી ચિન્મયાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 200

**સ્વામી વિવેકાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 350

**મહાયોગી આનંદઘન**
લે. કુમારપાળ દેસાઈ
રૂ. 150

**જે. કૃષ્ણમૂર્તિ : જીવનચરિત્ર**
લે. પુપુલ જયકર, અનુ. હર્ષદ દવે
રૂ. 650

**પપાસ્વામી રામદાસ (ખંડ 1થી 4 સંયુક્ત)**
લે. રમણલાલ સોની
રૂ. 600

**રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ**
લે. સ્મિતા ભાગવત
રૂ. 130

**આદ્ય શંકરાચાર્ય**
લે. કૃપાશંકર મો. જાની
રૂ. 45

**મહર્ષિ અરવિંદ**
લે. હરેશ ધોળકિયા
રૂ. 125



**ધીરુબહેન પટેલની જન્મશતાબ્દી પ્રસંગે...**

ગુજરાતી મહિલા-લેખકોમાં આદરપાત્ર અને અત્યારે એમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે, તે સાહિત્યકાર ધીરુબહેન પટેલે બાળકિશોર સાહિત્યથી લઈને નવલકથાઓ અને નાટકોના વ્યાપક સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ અને સુગંધિત કર્યું છે. એમના સાહિત્યમાં માનવીય સંબંધો તથા સંવેદનાનો વિશેષ ધબકાર છે. એમનાં વિવિધ સ્વરૂપનાં પુસ્તકો મેળવવા માટે સંપર્ક કરો :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

## તંત્રીની કલમે...

ફાલ્ગુની હિરેન

**Hello!**

*ઓક્ટોબર માસનો આ અંક તમારા હાથમાં આવશે ત્યારે નવરાત્રિના પડઘમ શમી રહ્યા હશે અને દિવાળી – નવા વર્ષનો આનંદ આંગણે આવીને ઊભો હશે. નૂતન વર્ષ આપના અને આપના સ્વજનોના જીવનમાં સુખ, સમૃધ્ધિ, સ્વાસ્થ્ય, સફળતા અને શાંતિની સોગાત લઈને આવે, એવી આપ સૌને આગોતરી શુભેચ્છાઓ.*

*પરિવર્તન એ જગતનો નિયમ છે. સમયની સાથે જે બદલાતું નથી, એ નાશ પામે છે. પ્રકૃતિના આ નિયમોને અનુસરતા 'મંગલ મંદિર'માં પણ કેટલાક પરિવર્તનોનો પ્રયોગ કરવાનું ઠેરવ્યું છે. ગત મહિને 'મંગલ મંદિર'ના તંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. મૂળ તો 'મંગલ મંદિર'ની જવાબદારી સુપેરે સંભાળી રહેલા મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતાની વય સંલગ્ન સમસ્યાઓનો સવાલ હતો. તેમણે તંત્રી મંડળના સભ્યોમાંથી કોઈ મુખપત્રની જવાબદારી ઉપાડી લે, એવી અપીલ કરી હતી. પરંતુ વર્તમાન તંત્રી મંડળમાંથી કોઈના માટે એ શક્ય ન હોવાથી, માત્ર આ અંક પૂરતી – ઓક્ટોબરના અંક માટેની જવાબદારી મેં સ્વીકારી છે.*

*પરંતુ આવો પ્રશ્ન ભવિષ્યમાં ન ઉદ્‌ભવે, એ સુનિશ્ચિત કરવું વધુ અગત્યનું છે. આપણા સમાજમાંથી જ એવી પ્રતિભા આગળ આવે, જેને કલમ સાથે, શબ્દો સાથે, લેખન સાથે ઘરોબો હોય, એમાં રુચિ હોય અને તે માટેની સૂઝ હોય. ખાસ કરીને નાનપણથી જ બાળકોમાં લખવા-વાંચવા અંગે રસ કેળવાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે. કાવ્ય સ્પર્ધા, વાર્તા સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ડિબેટ જેવી હરીફાઈઓ, જે પહેલાં સમાજમાં નિયમિતપણે યોજાતી હતી, એવી પ્રવૃત્તિઓ ફરી શરૂ થવી જોઈએ. બાળકો, યુવાઓ અને મહિલાઓની ભાગીદારી વધે, એ માટે જાગૃત પ્રયાસો કરવા જોઈએ.*

*સવાલ એ પણ છે કે આપણા સમાજના આટલા સભ્યો અને એમના પરિવારમાંથી, ખરેખર કેટલા જણા 'મંગલ મંદિર' વાંચે છે? શું વાંચે છે? એમને શું વાંચવાનું ગમે છે? શેમાં રસ પડે છે? શી અપેક્ષા છે? આ પ્રશ્નોની સૂચિ લાંબી છે અને એના જવાબો થકી કદાચ ઘણી હકીકતો બહાર આવે, કદાચ થોડા ભ્રમ પણ ભાંગે! ભવિષ્ય માટે માર્ગદર્શન પણ મળે. શું સમાજના દરેક વયજૂથના લોકો 'મંગલ મંદિર' વાંચે છે? વધુમાં વધુ લોકો મુખપત્રમાં રસ લેતા થાય, એ માટે શું કરવું જોઈએ? નવી પેઢી જો વિમુખ થતી હોય, તો એ માટે ભાષા જવાબદાર છે? અંગ્રેજીમાં વધુ સામગ્રી પીરસવી જોઈએ? આ પ્રશ્નો અંગે વાચકોના પ્રતિભાવ / સૂચન આવકાર્ય છે.*

*દુનિયા ટેકનોલોજીના ક્ષેત્રમાં ખૂબ આગળ વધી રહી છે.* **KJSS** *પણ સમય સાથે કદમ મિલાવી રહ્યો છે. ટેકનોલોજીના આશીર્વાદને અપનાવી, કાર્યક્ષમતા વધારી રહ્યો છે. એવા સમયે મંગલ મંદિરે પણ ડિજીટલ ક્રાંતિ અપનાવવી જોઈએ? અમને જાણ છે કે નવી પેઢી મોબાઈલમાં આખ્ખે આખા પુસ્તકો પણ આસાનીથી વાંચી શકે છે. ફિલ્મ કે અન્ય પ્રોગ્રામ નિહાળી શકે છે. તો મારા જેવા પણ ઘણા લોકો હશે, જે લોકોને માત્ર* **Hard Copy** *માં જ* **comfortable** *લાગે. આજે નહીં ને કાલે, એવો સમય આવશે જ, જ્યારે બધું કામ ડિજીટલી જ થતું હશે. પરંતુ ત્યાં સુધી શું કરવું? રાતોરાત તો કશું નહીં બદલાય, પરંતુ બદલાવની શરૂઆત ક્યારેક તો કરવી જ રહી. ટેકનોસેવી લોકો આગળ આવે, સૂચન કરે, માર્ગદર્શન કરે તે માટે વિનંતી.*

*ડિજીટલાઈઝેશનની દુનિયામાં સમાજનું એક ક્રાંતિકારી પગલું છે, આપણું ડિજીટલ વસ્તીપત્રક. શું આપ એના વિશે જાણો છો?*

*'મંગલ મંદિર'ના આ જ અંકમાં અન્યત્ર એની વિગત છે. આપેલ* **Link** *પરથી નવા સભ્યો પોતાના અને પરિવારજનોના નામ ઉમેરવા માટે આપી શકશે. જૂના સભ્યો* **QR Code** *પરથી પોતાના નામ ચેક કરી શકશે, એમાં કોઈ ભૂલ સુધારવી હોય, ફેરફાર કરવા હોય, ઉમેરો કરવો હોય વગેરે સુધારો પોતાના કે પરિવારના નામ સાથે કરે, એટલે એડમિન એ સુધારાઓ / ફેરફારો માન્ય કરી એ ડિજીટલ વસ્તીપત્રકમાં મૂકી દેશે. અને બસ, વસ્તીપત્રક એક ક્લિકથી અપડેટ પણ થઈ જશે. આપણો સમાજ કેટલો* **Progressive** *છે, એનું જ્વલંત ઉદાહરણ આ ડિજીટલ વસ્તીપત્રક છે. તો રાહ કોની જુઓ છો?*

*આજે જ ચેક કરો તમારું નામ અને વિગતો... અને હા, શક્ય છે કે કદાચ ક્યાંક ટેકનિકલ ગ્લીચ આવે, તો નાસીપાસ ન થતા અને સમાજના આ ઐતિહાસિક પ્રયાસને વખોડવાને બદલે સહાયરૂપ બનવા કોશિષ કરજો. આ સમાજ પણ આપણો જ છે અને એના કાર્યો પણ આપણા સૌ માટે જ છે.*

*આપ સૌ જાણો છો કે સમાજની પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓના સમાચાર 'મંગલ મંદિર'માં પ્રકાશિત થાય જ છે અને 'મંગલ મંદિર'ની સોફ્ટ કોપી **PDF** સમાજના ગ્રુપ / ગ્રુપ્સમાં શૅર થાય છે. શું આપ એ **WhatsApp** ગ્રુપના સભ્ય છો? આપને સમાજની બધી માહિતીઓ મળે છે? નહીં? તો આપણા **GM** શ્રી કિશોરભાઈ ઠક્કર (મો. ૯૯૨૪૦ ૮૭૬૫૪)નો અથવા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર સંપર્ક કરી શકો છો.*

*શરૂઆતમાં જણાવ્યું તેમ ગત મહિને મળેલ 'મંગલ મંદિર'ની તંત્રી મંડળની મીટિંગમાં અન્ય પણ કેટલાક મુદ્દાઓ પર ચર્ચા થઈ. સમાજ તરફથી થયેલ રજૂઆત મુજબ 'મંગલ મંદિર'ના પાના ઘટાડવાનું નક્કી કરાયું છે. સમાજના મુખપત્ર તરીકે એમાં સમાજની પ્રવૃત્તિના, સમાજને લગતા અથવા સમાજને ઉપયોગી હોય તેવા જ સમાચાર / લેખનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. ઓક્ટોબરમાં દિવાળી હોવાથી અસંખ્ય સર્જકોએ દીપોત્સવી અંક માટેના એમના લેખ, વાર્તા, કવિતા વગેરે મોકલાવ્યા છે. દળદાર અંક બની શકે એવી સુંદર લેખ-સામગ્રીનો ભંડાર આપણી પાસે હોવા છતાં, આ અંકમાં તેનો સમાવેશ કરી શક્યા નથી. એ બદલ દિલગીર છીએ. લેખકો સાથે કદાચ વાચકોની અપેક્ષાઓ પણ નહીં સંતોષાય, તો અમને માફ કરશો. પણ આપના પ્રતિભાવો જરૂર જરૂર મોકલજો. જેથી અમારી ગતિવિધિઓને અને નિર્ણયોને દિશા મળે. સૌના સક્રિય પ્રતિભાવની પ્રતીક્ષા રહેશે.*

*નવું વર્ષ આપ સૌને નવી ઉર્જા, નવો ઉત્સાહ, નવો ઉમંગ અને નવા વિચારો સાથે પ્રગતિના પથ પર દોરી જાય, એવી પુનઃ શુભકામનાઓ...*

---

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ નૂતન વર્ષ મિલન સમારંભ ॥

### જાહેર નિમંત્રણ

વિક્રમ સંવત ૨૦૮૧ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૮૧ની આસો વદ અમાસ એટલે કે સોમવાર, તા. ૨૦-૧૦-૨૦૨૫ના રોજ આપણે ઉજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે સંવત ૨૦૮૧ને વિદાય કરી, બુધવાર, તા. ૨૨-૧૦-૨૦૨૫ એટલે કે કારતક સુદ એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે બુધવાર, તા. ૨૨-૧૦-૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારો, નિયાણી બહેનોને પણ પરિવાર સાથે આમંત્રિત કરવામાં આવે છે.

એ દિવસે આપણે એકબીજા સાથે હળીમળીને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીશું અને અંતે સ્વરૂચિ ભોજન લઇને છૂટા પડીશું.

**રજનીકાંત ડી. પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*__નોંધ__ : સમારંભમાં હાજર રહેવા ઈચ્છુક મેમ્બરોએ પોતાના પાસ શ્રી અમરીષભાઈ સંઘવી (મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨) પાસેથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી મેળવી લેવા.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વસ્તીપત્રક : ૨૦૨૫

### નવા સભ્યો માટે

નીચે દર્શાવેલ લીંકથી ફોર્મ ખોલવું.

**https://vastipatrak.kjss.org/new-registration**

(New Registration Page for Vastipatrak)

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં જૂના વસ્તીપત્રકમાં જેમનું નામ નથી અને નવા સભ્ય બનેલ હોય તેમણે ઉપરોક્ત લીંકનો ઉપયોગ કરી તેમાં જણાવેલ સ્ટેપ મુજબ વિગત ભરી આગળ વધવું અને કમ્પ્લીટ થયા બાદ સબમિટ કરવું.*

### જૂના સભ્યો માટે

**https://vastipatrak.kjss.org/**

**Login with your Mobile. Pin : 1234**

(Main Page for Vastipatrak)

*જૂના સભ્યો માટે આ **QR Code**નો ઉપયોગ કરી વસ્તીપત્રકમાં સુધારો કરવા માટે સૌ પ્રથમ આપણો મોબાઈલ નંબર નાંખવો. ત્યારબાદ પીન ૧૨૩૪ નાંખવી. ત્યારબાદ જરૂરિયાત મુજબની વિગતો ભરી સબમિટ કરવું.*

*નોંધ : ઉપરોક્ત પીન નંબર તમો તમારી રીતે બદલી શકશો.*

### માહિતી ભરવા – વીડિયો દ્વારા સમજવા માટે

**https://youtu.be/sCnaucHZ-_U**

*ઉપરોક્ત **QR Code**માં વસ્તીપત્રક ફોર્મમાં કેવી રીતે માહિતી ભરવી તેની સંપૂર્ણ સમજ આપેલ છે. જે લીંક ખોલવાથી વીડિયો દ્વારા સમજ આપેલ છે તેનો ઉપયોગ કરી શકાશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્વામિવાત્સલ્યના સ્મરણો...

## ॥ સ્નેહ મિલન કાર્યક્રમ ॥

મેઘલી અંધારી રાતે આકાશમાં કાળા ધબ્બ વાદળોમાંથી વીજના કડાકા વચ્ચે ક્યારેક વરસાદના અમીછાંટણા તો ક્યારેક વર્ષાની હેલી વચ્ચે ૬ સપ્ટેમ્બર, શનિવારની રાત્રે આવતીકાલના કાર્યક્રમ અંગે હોદ્દેદારો, કાર્યકરો, કન્વીનરોને ચિંતા જગાવી હતી કે આવતીકાલે શું થશે?

૭મી તારીખની પરોઢથી જાણે મેઘરાજા થાક્યા હોય તેમ તેમણે પોરો ખાવાનું શરૂ કર્યું અને સમાજના ચિંતાગ્રસ્ત લોકોના હૈયામાં ટાઢક વળવા માંડી. આવા વરસતા વરસાદના ઠંડા વાતાવરણમાં પણ કાર્યકરોનો જુસ્સો ઠંડો પડ્યો ન હતો. છત્રી અને રેઈનકોટના સહારે અમુક કાર્યકરો રાત્રિના બારથી એક વાગ્યા સુધી ટાગોર હોલ ખાતે પોતાની જવાબદારી અદા કરી રહ્યા હતા, તો અન્ય કાર્યકરો વહેલી સવારથી પ્રથમ પાલડી ભવન અને ત્યારબાદ ટાગોર હોલ ઉપર પોતાની જવાબદારી નિભાવવા હાજર થઈ ગયા હતા. વિવિધ સમિતિના કાર્યકરો જેમ કે રસોડા સમિતિ, વોલન્ટીયર સમિતિ, સરસ્વતી સન્માન સમિતિ, બ્લડ ડોનેશન અને અંગદાન સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, વૈયાવચ્ચ સમિતિ, મેડિકલ કાર્ડ સમિતિ અને અન્ય સમિતિના હોદ્દેદારો વહેલી સવારથી જ પોતાની ફરજ અદા કરવા લાગ્યા હતા.

જાણે ઈશ્વરે આપણી તરફેણ કરી હોય તેમ ધીરે ધીરે વરસાદ ઓછો થવા લાગ્યો અને કેટલાક સમય પછી બંધ થઈ ગયો અને સંન્નિષ્ઠ કાર્યકરોના મસ્તક ઉપરથી ચિંતાના વાદળો હટાવી દીધા. ધીરે ધીરે સમાજના સભ્યોનું આગમન શરૂ થઈ ગયું અને સંખ્યા પહોંચી ૧૧૦૦ (અગિયારસો) વ્યક્તિઓ સુધી...

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી યશ્વી પૂજે સૌ લોકોને આવકાર્યા હતા. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો. જેમાં સમાજના જ બાળકો અને યુવાનોએ ગીત-સંગીત, નૃત્ય અને નાટકની પ્રસ્તુતિ કરી હતી. ***(સાંસ્કૃતિક કાર્યક્રમનો વિસ્તૃત અહેવાલ અન્યત્ર આપવામાં આવેલ છે.)***

ત્યારબાદ સ્ટેજ ઉપર મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, માનદ્ મંત્રી શ્રી રજનીકાંત ધરમશી પારેખ, પ્રથમ ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ મુળજી સાવલા, દ્વિતીય ઉપપ્રમુખ શ્રી હિરેન કુંવરજી શાહ, ખજાનચી શ્રી વિમેશ ગુલાબચંદ શાહ, સહમંત્રી શ્રી વિશાલ મહેન્દ્ર શાહ, સહ ખજાનચી શ્રી દેવેશ દિલીપ દંડ, કાયમી ટ્રસ્ટી શ્રી રૂપેશ કાંતિલાલ સાવલાએ પોતાનું સ્થાન ગ્રહણ કરેલ હતું.

સૌપ્રથમ શ્રી પ્રતાપભાઈ દંડે સમાજના પધારેલા સર્વે સભ્યોને આવકાર્યા હતા અને આટલા વરસાદી વાતાવરણમાં પણ આટલા બધા લોકો પધારેલ છે તેઓની સમાજ પ્રત્યેની લાગણીને બિરદાવેલ હતી.

ત્યારબાદ શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી. તેમણે જણાવ્યું હતું કે જૈન ધર્મના અનુયાયીઓ માટે પાંચ કર્તવ્ય અનિવાર્ય છે. તેમાંનું એક કર્તવ્ય એટલે ક્ષમાપના. સંવત્સરીક પ્રતિક્રમણ સમયે જગતના દરેક જીવોની ક્ષમા માંગીએ છીએ, તેમ આપણે પરસ્પર એકબીજાની માફી માંગીએ છીએ. સાથે સાથે વિશ્વના તમામ જીવોની પણ માફી માંગીએ છીએ.

ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહે સમાજ દ્વારા ચલાવાતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આપણે માત્ર આપણા સમાજ માટે નહીં પરંતુ સમગ્ર માનવજાતની સેવા કરીએ છીએ. આપણે ચાર મેડિકલ સેન્ટર અને ત્રણ ડાયાલિસિસ સેન્ટર ચલાવીએ છીએ. તેમાં નાત-જાતના ભેદભાવ વગર દરરોજ લગભગ એકાદ હજાર માણસોની સેવા કરીએ છીએ. આપણે ત્રણેય ભવનમાં રાહત દરે બહારગામથી આવતા યાત્રાળુઓને રહેવાની તેમજ ભોજનની સુવિધા કિફાયતી દરે આપીએ છીએ. ખૂબ જ પછાત લોકોના ઘરમાં સુખરૂપી દીવો પ્રગટાવવા આપણે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચલાવીએ છીએ. આજ સુધી આ સ્કીલ ડેવલપમેન્ટ દ્વારા ૨૦૦થી વધુ ફેમિલીને કુટુંબનું જીવનધોરણ ઊંચું લાવવામાં મદદ કરી છે.

અંતમાં શ્રી રજનીકાંત પારેખે આભારવિધિ કરેલ હતી. તેમણે જણાવ્યું હતું કે આજનો આ કાર્યક્રમ ખૂબ જ સારી રીતે ગતિમાન છે ત્યારે આ કાર્યક્રમમાં પધારેલા મંચસ્થ મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, સભ્યશ્રીઓ અને તેમના પરિવારના

સભ્યોનો હું આભાર માનું છું. આ સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ દાતાશ્રીઓ માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા, માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા, શ્રીમતી લક્ષ્મીબેન વાલજી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા પરિવારોના સંયુક્ત સૌજન્યથી યોજવામાં આવે છે. એ સૌ દાતાશ્રીઓનો તેમણે આભાર માન્યો હતો.

ક્ષમાપના કરાવનાર સમાજના ટ્રસ્ટી શ્રી રમણિકલાલ ગોસર, સાંસ્કૃતિક કાર્યક્રમના બધા જ કલાકારો, સમિતિના સભ્યો, વોલન્ટીયર્સ, સરસ્વતી સન્માન કાર્યક્રમને સફળ બનાવનાર સમિતિના કન્વીનર શ્રી મનીષ વીરા અને સમિતિના સભ્યો તથા સરસ્વતી સન્માન કાર્યક્રમના દાતાશ્રીઓ માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ - હસ્તે ડૉ. ધીરેન શાહ, માતુશ્રી પ્રભાબેન કાંતિલાલ સાવલા અને માતુશ્રી પ્રભાબેન શાંતિલાલ સાવલા – હસ્તે દીપ ફાઉન્ડેશન, માતુશ્રી કાંતાબેન ખીમજી મહેતા – હસ્તે શ્રી રસીકલાલ ખીમજી મહેતા અને માતુશ્રી રંજનબેન કલ્યાણજી રવજી રાંભિયા – હસ્તે શ્રી પારસ રાંભિયાનો તેમણે સહૃદય આભાર માન્યો હતો.

સંસ્થાની વિવિધ સમિતિઓ પૈકી મહિલા ઉત્કર્ષ સમિતિ, વૈયાવચ્ચ સમિતિ, મેડિકલ કાર્ડ સમિતિ, વસ્તીપત્રક સમિતિ અને અંગદાન - બ્લડ ડોનેશન સમિતિ તરફથી યોજેલ કાર્યક્રમ માટે સમિતિના કન્વીનરશ્રીઓ અને સભ્યો ઉપરાંત આજના કાર્યક્રમ માટે સૌ સ્વયંસેવક ભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો. ફોટોગ્રાફર શ્રી જીતુભાઈ સંઘવી, સાઉન્ડ સિસ્ટમના જય અને સતીષભાઈનો, ટાગોર હોલના સ્ટાફનો, સિક્યોરીટી ગાર્ડ, એન્કર યશ્વી પૂજ તેમજ તમામ પ્રસંગોને સફળ બનાવવા રાત-દિવસ મહેનત કરનાર તમામ કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

અને છેલ્લે, સમાજની વિવિધ સમિતિઓના કાર્યકર્તાઓ, હાજર સૌ સભ્યો તથા વ્યવસ્થા જાળવનાર તમામ વોલન્ટીયર્સ ભાઈઓ - બહેનો અને આયોજનમાં જે કાર્યકરોએ સાથ સહકાર આપેલ છે તે સહુ કાર્યકરો કે જેઓએ અમારા પ્રત્યે લાગણી બતાવી આજના આ સમારંભને દીપાવેલ છે તે સહુનો આભાર માન્યો હતો.

ગીતોની પ્રસ્તુતિ બાદ હૃદય સ્પર્શી "એકાંતવાસ" નામની નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ નાટકમાં નીચેના કલાકારોએ ભાગ લીધો હતો. તેમનો લા-જવાબ અભિનય સૌને પ્રભાવિત કરી ગયેલ હતો. (૧) યશ્વી જય પૂજ, (૨) હિરેન અમૃતલાલ શાહ, (૩) ચૈતન્ય રાંભિયા, (૪) શ્લોક પ્રતીક ત્રેવાડિયા.

અંતમાં સૌ પધારેલા મહેમાનો સ્વામિવાત્સલ્યનો લાભ લઈને વિદાય થયા હતા.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે*
*જુઓ : પાના નંબર ૨૯ થી ૩૬*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : 'સ્નેહ મિલન' સમારંભનો સાંસ્કૃતિક કાર્યક્રમ

સમાજના સ્વામિવાત્સલ્યના પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ દ્વારા પરંપરાગત સંસ્કૃતિને આધુનિક રૂપે રજૂ કરવાનો એક નવો પ્રયાસ નવા કન્વીનર શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા તથા સહ કન્વીનર ડૉ. કેતન શાહ અને તેમની સમિતિના સભ્યો યશ્વી પુજ, આશિષ લોડાયા, નીલય ગડા, કૃપાલી રાંભિયા દ્વારા કરવામાં આવ્યો હતો. જેનો ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો. તે માટે આપ સૌનો ખૂબ જ આભાર. આપની તાળીઓથી આપે ભાગ લેનાર સર્વે પાર્ટીસિપન્ટ્સને પ્રોત્સાહિત કર્યા, તેમની મહેનતને સફળતા આપી એ માટે સાંસ્કૃતિક સમિતિ સૌનો દિલથી આભાર માને છે. સાંસ્કૃતિક સમિતિ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ કાર્યક્રમનો અહેવાલ નીચે મુજબ છે.

પ્રોગ્રામની શરૂઆત આપણા પંચ પરમેશ્વરની યાદ સાથે થયો. નવકાર મહામંત્રને ભરતનાટ્યમ શૈલીમાં પ્રિશા શાહે ખૂબ જ સુંદર રીતે રજૂ કર્યો. ત્યારબાદ વિઘ્નહર્તા દેવના આશીર્વાદ માટે એક નવીન પ્રયાસ કર્યો. ભરતનાટ્યમ શૈલીમાં હેત મારૂ અને રીયા નાગડાએ ગણેશ વંદના સંસ્કૃત સ્તુતિ રજૂ કરી. બાદમાં બોલીવુડના ગીત સંગાથે ગણપતિને રીઝવવા માટે પરંપરાગત લેઝીમ સાથે સુંદર રજૂઆત ફેરી નાગડા, ગુંજલ લોડાયા, ભક્તિ મહેતા, નેહલ મૈશેરી, વૈશાલી કોરડિયા તથા કૃપાલી રાંભિયાએ કરી.

આ સમયમાં અભ્યાસ સાથે બીજી પ્રવૃત્તિઓમાં પણ રૂચિ રાખતા ભાઈઓની જોડી – દર્ષ અને રોની દોશીએ ઓલ્ડ સ્કૂલ અને હિપહોપના નવા ટ્રેન્ડનું પરફોર્મન્સ આપી પ્રેક્ષકોની તાળીઓ અને સીટીઓના અવાજ સાથે માહોલ ગુંજાવ્યો.

ત્યારબાદ એક બાળકને તેની માતા વગર મોટું કરવામાં પિતાને પડતી તકલીફ અને સમય પ્રમાણે પિતાને બાળકની સાથે મિત્રતા કરવાનું મહત્ત્વ દર્શાવતી એક નાની સ્કીટની રજૂઆત સ્પર્શ અને શ્લોક ત્રેવાડિયા તથા આશિષ લોડાયાએ કરી હતી. તો આપણા નાના ભૂલકાંઓ દ્વારા રજૂ કરાયેલ ડાન્સની કૃતિએ હાજર બધા પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. તેમાં

ભાગ લેનાર ભૂલકાઓ રીધવ પુજ, રિયાન પુજ, ક્રિષા કોરડિયા, દેવાંશ લોડાયા અને પ્રિયાંશ રાંભિયાએ ખૂબ જ ઉલ્લાસ અને મહેનતથી માહોલમાં ખુશી પ્રસરાવી દીધી હતી.

ગરબા માત્ર નૃત્ય નથી, એ આપણી સંસ્કૃતિ અને સર્જનની ઓળખ છે. આ વર્ષના કાર્યક્રમમાં પરંપરાગત તાલ સાથે અનોખો મેળ કરતા લોકગીતને નવા સ્વરૂપે દર્શાવાયું. જેમાં મોજ, આધુનિકતા અને પરંપરા – ત્રણેયનો સંગમ હતો તેવી એક નવી અનુભૂતિ આપવાના પ્રયાસ સાથે લોક ગરબા અને ઈંગ્લીશ ગીત પર હેત મારૂ, વૈશાલી કોરડિયા, ફેરી નાગડા, ભક્તિ મહેતા, રીયા નાગડા, ગુંજલ લોડાયા, નેહલ મૈશેરી અને કૃપાલી રાંભિયાએ ગરબાની રમઝટ જમાવી, પ્રેક્ષકોની ખૂબ જ શુભેચ્છાઓ મેળવી હતી.

દર્શકોના આ પ્રોત્સાહન અને શુભેચ્છાઓ અમારો સાચો હેતુ છે. આ પ્રતિસાદ અમને સતત નવું સર્જવા અને પ્રસ્તુત કરવા માટે પ્રેરણા આપે છે.

મંચસ્થ કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સમાજના કલાકારો દ્વારા ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી.

| *ક્રમ* | *ગીત* | *કલાકાર (સિંગર્સ)* |
|---|---|---|
| *૧.* | *ડોન થીમ સોંગ* | *પ્રિયેશ સંઘવી, નિખિલ શાહ, ગીતેશ છેડા, મનીષ ખોના (બોબી)* |
| *૨.* | *પલ પલ દિલ કે પાસ* | *ગીતેશ છેડા* |
| *૩.* | *વાદા ન તોડ* | *હેતલ દંડ* |
| *૪.* | *પુકારતા ચલા હું મૈં* | *મયુર દેઢિયા* |
| *૫.* | *તુહી યે મુજકો બતા દે* | *મનીષ ખોના, હેતવી સંઘવી* |
| *૬.* | *સૂરમયી અખિયોં મેં* | *સુશાંત સાવલા* |
| *૭.* | *પ્યાર માંગા હૈ તુમ્હી સે* | *નિખિલ શાહ* |
| *૮.* | *તુમ અગર સાથ દેને કા વાદા* | *પ્રદીપ મહેતા* |
| *૯.* | *કહીં દૂર જબ દિન ઢલ જાય* | *પ્રદીપ મહેતા* |
| *૧૦.* | *આ લૌટ કે આજા મેરે મિત* | *નીતિન શાહ* |
| *૧૧.* | *હૈ અપના દિલ તો આવારા* | *પ્રિયેશ સંઘવી* |
| *૧૨.* | *રીમઝીમ ગિરે સાવન* | *પ્રિયેશ સંઘવી* |
| *૧૩.* | *કુછ ના કહો* | *તીર્થ સંઘવી* |
| *૧૪.* | *મૈં કોઈ ઐસા ગીત ગાઉં* | *મનીષ ખોના (બોબી)* |

અંતમાં એક અદ્‌ભુત નાટકથી સ્વામિવાત્સલ્ય દિવસ પૂરો કરવામાં આવ્યો.

## નાટક : "એકાંતવાસ"

એક માણસના એકલપણાની વ્યથા, મનની અંદરની લડત અને આશાની ઝલક દર્શાવતું અનોખું નાટક. ભાવનાઓથી ભરપૂર આ રંગમંચીય સફર લોકોને અંતર સુધી સ્પર્શી ગયું.

"એકાંતવાસ" – એકલતાની ગહેરાઈમાંથી આત્માની શોધ.

***કલાકારો*** : હિરેન શાહ, ચૈતન્ય રાંભિયા, શ્લોક ત્રેવાડિયા, સ્પર્શ ત્રેવાડિયા, યશ્વી મહેતા પુજ.

***સહાય*** : ખ્યાતિ ત્રેવાડિયા, પ્રતીક ત્રેવાડિયા, આશિષ શાહ, ગુંજલ શાહ, કૃપાલી રાંભિયા.

***દિગ્દર્શક*** : શ્રી અપલ શાહ.

સાંસ્કૃતિક સમિતિના કન્વીનર શ્રી ચૈતન્ય રાંભિયા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો યુવાનોને આ તક, એક સ્ટેજ આપવા બદલ ખૂબ આભાર માને છે અને વધુને વધુ યુવાનો આવા સમાજના પ્રોગ્રામમાં જોડાય તેવી દરેક સભ્યોને અપીલ કરે છે.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર ૨૯ થી ૩૬*

***ચૈતન્ય રાંભિયા, કન્વીનર - સાંસ્કૃતિક સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ તેજસ્વી તારલાઓ : વર્ષ - ૨૦૨૫

### ધ્યેય શેફાલીબેન તેજસભાઈ દોશી

**Std.-10 : 93.66%**

- સમાજમાં પ્રથમ.
- યોગામાં નિપુણ.
- માનવતાના કાર્યમાં આગળ છે. ગરીબ બાળકોને મીઠાઈ - કપડા વહેંચે છે.

### મોક્ષ ભાવનાબેન ભરતભાઈ ગાલા

**Std.-10 : 93.66%**

- સમાજમાં પ્રથમ.
- ટ્યુશન કે ક્લાસીસ વગર સરસ ટકાવારી મેળવી.
- દુનિયાના ૧૯૭ દેશોના ધ્વજ પળભરમાં ઓળખી બતાવે છે.

### મોનીલ નીધિબેન મનીષભાઈ ગાંધી

**Std.-10 : 93.00%**

- સમાજમાં દ્વિતીય.
- કરાટેમાં ઘણા મેડલ મેળવેલ છે.
- ઓલિમ્પિયાડની Examમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.

### ભવ્ય શ્રેયાબેન તપનભાઈ શાહ

**Std.-10 : 92.00%**

- સમાજમાં તૃતીય.
- ઉપધાન તપ પૂર્ણ કરેલ છે.
- પાંચ પ્રતિક્રમણ આવડે છે.

### અંશ પરિતાબેન તિમિરભાઈ ખોના

**Std. 12 (Commerce) : 88.8%**

- સમાજમાં પ્રથમ.
- હાલ CEP કરે છે.
- આગળ CSA કરવાનો પ્લાન છે.

### કાવ્યા રૂપલબેન અલ્પેશભાઈ શાહ

**Std. 12 (Commerce) : 88%**

- સમાજમાં દ્વિતીય.
- રેઈઝીંગ આર્ટમાં માસ્ટરી છે.
- ઉપધાન તપ કરેલ છે.
- પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ છે.

### મેહ પ્રેરણાબેન આનંદભાઈ શાહ

**Std. 12 (Commerce) : 88%**

- સમાજમાં તૃતીય.
- ક્રિકેટ અને ફુટબોલના માસ્ટર છે.

### સ્નેહ માનસીબેન વિવેકભાઈ દોશી

**Std. 12 (Science) : 82%**

- સમાજમાં પ્રથમ.
- JEE Exam માં ૯૭% મેળવેલ છે.
- Bits Pilani કોલેજ - ગોવામાં એડમિશન મેળવેલ છે.

### ક્રિષા પારૂલબેન સમીરભાઈ દોશી

**Std. 12 (Science) : 80%**

- સમાજમાં દ્વિતીય.
- યોગા અને કેલિગ્રાફીમાં માસ્ટર છે.

### કાવ્યા પારૂલબેન અમિતભાઈ છેડા

**Bachelor of Biophysics**

- હાલ હેમ્પટન યુનિવર્સિટીમાં બાયોલોજીમાં માસ્ટર કરે છે.
- મેગ્રા કમ લોડ ગ્રેજ્યુએટ કરેલ છે.
- સિરામિક સ્કલ્પચરની આર્ટીસ્ટ છે.

### દેવ મિત્સુબેન ભાવિનભાઈ મોરબીયા

**BBA**

- BBA ૯૫% સાથે કમ્પ્લીટ કરી યુનિવર્સિટીમાંથી ગોલ્ડમેડલ મેળવેલ છે.
- હાલ CFA કરી રહેલ છે.

### સાહિલ રીટાબેન અલ્પેશભાઈ નંદુ

**B.Tech.**

- હાલ ઈન્ફોસિસ કંપનીમાં જોડાયા છે.
- ક્રિકેટના ચેમ્પિયન છે.
- નિયમિત રક્તદાન કરે છે.

### તન્વી પૂજાબેન નરેન્દ્રભાઈ દંડ

**B.Pharm.**

- હાલ M.Pharm. કરે છે.
- રંગોળી અને મહેંદીમાં માસ્ટર છે.

### આર્ય ઝરણાબેન હેમાંગભાઈ પારેખ

**Computer Science**

- નાનપણથી ભણવામાં ડિસ્ટીંક્શન માર્કથી પાસ થયેલ છે.
- ક્રિકેટના માસ્ટર છે.

### નમ્ર પરિતાબેન નંદનભાઈ શાહ

**Computer Science**

- ધોરણ ૧૦ અને ૧૨માં સમાજમાં અગ્ર ક્રમાંક મેળવેલ છે.
- સ્પોર્ટસમાં ફૂટબોલમાં ચેમ્પિયન છે.

### ક્યવન નયનાબેન સુનીલભાઈ ગોગરી

**B.E. in Architechture**

- 4 CGPA સાથે BE in Architechture કમ્પ્લીટ કર્યું.
- ૧૦ વર્ષની ઉંમરનો હતો ત્યારે બિલકુલ અટક્યા વગર ૯૦ મિનિટ નોન સ્ટોપ તબલા વગાડીને રેકોર્ડ બનાવ્યો છે.
- ૨૦૧૮માં તબલા વાદનની વિશારદ ડિગ્રી મેળવી.

### ડૉ. નવ્યા હેતલબેન ડૉ. ધીરેન શાહ

**MBBS**

- નાનપણથી જ દરેક સ્ટાન્ડર્ડમાં ડિસ્ટીંક્શન માર્ક્સ મેળવીને ઉત્તીર્ણ.
- GMERS સોલા સિવિલથી MBBS કમ્પ્લીટ. હાલ ત્યાં જ ઈન્ટર્નશિપ ચાલુ છે.

### પાર્થ અમિતાબેન અમરભાઈ કોરડિયા

**CA**

- ૭૫% સાથે પ્રથમ ટ્રાયલે CA કમ્પ્લીટ.
- ઓલ ઈન્ડિયા ૨૮મો રેન્ક મેળવેલ છે.
- ક્રિકેટના માસ્ટર છે.

### નીલય અવંતીબેન દેવેશભાઈ દંડ

**CA**

- ૫૮% સાથે ફર્સ્ટ ટ્રાયલે CA કમ્પ્લીટ કરેલ છે.
- CA ના દરેક લેવલ પ્રથમ પ્રયત્નમાં પાસ કરેલ છે.
- નિયમિત બ્લડ ડોનેટ કરે છે.

### આકાશ હેમંતીબેન હિરેનભાઈ લોડાયા

**Master in Civil Engineering**

- ૮૯% સાથે ફ્લિન્ડર્સ યુનિવર્સિટી ઓસ્ટ્રેલિયામાં માસ્ટર ઈન સિવિલ એન્જિનિયરીંગ કરેલ છે.
- સેન્ડ એનિમેશનમાં માસ્ટર છે.
- એડીલેઈડ કાઉન્સિલમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કાર્યરત છે.

### યોગ જાગૃતિબેન જયેશભાઈ મહેતા

**MBA in Finance**

- 3.14 CGPA સાથે MBA Finance કમ્પ્લીટ.
- CFA Level-1 કમ્પ્લીટ કરેલ છે.
- ક્રિકેટના માસ્ટર છે.

### પ્રીત કવિતાબેન કીર્તિભાઈ નાગડા

**Master in I.T.**

- 3.7 CGPA ડિસ્ટીંક્શન સાથે I.T. માં માસ્ટરની ડિગ્રી RMIT યુનિવર્સિટી - ઓસ્ટ્રેલિયામાંથી મેળવેલ છે.
- ક્રિકેટના માસ્ટર છે.

### વિષુ અલ્પાબેન મેહુલભાઈ શાહ

**Master in Science**

- ૯૬% સાથે ન્યુયોર્ક યુનિવર્સિટીમાંથી માસ્ટર ઓફ કમ્પ્યુટર એન્જિનિયરીંગ કમ્પ્લીટ કરેલ છે.
- એમેઝોન સિએટલમાં જોબ મેળવી છે. જે ગૌરવની વાત છે.
- ટેબલ ટેનિસના ચેમ્પિયન છે.

### એરિક સ્નેહલતાબેન કુમારપાલભાઈ શાહ

**M.Sc. Data Science**

- AI અને મશીન લર્નિંગ ડિગ્રી ગુજરાત યુનિવર્સિટીથી મેળવી.
- M.Sc. Data Scienceની માસ્ટર ડિગ્રી લંડનથી મેળવી.
- હાલ લંડનમાં કમ્પ્યુટર સાયન્સમાં Ph.D. કરી રહ્યા છે.

### ફેમી મનીષાબેન દીપેશભાઈ ગડા

**MA (Psychology)**

- ડ્યુઅલ બેચલર ડિગ્રી એક સાથે બે જગ્યાએથી મેળવી.
- બેચલર ઓફ ડિઝાઈનિંગ ઈન વિઝ્યુઅલ કમ્યુનિકેશન GLS IDથી.
- બેચલર ઈન સાઈકોલોજી (IGNU) દિલ્હીથી.
- બંને ડિગ્રીમાં ફર્સ્ટ ડિવિઝન.

### પ્રશીલ નેહાબેન ભાવેશભાઈ પારેખ

**Master in Computer Engineering**

- Bits Pilani માંથી E.C. માં B.Tech. કમ્પ્લીટ કર્યું.
- અમેરિકામાં 4 CGPA સાથે માસ્ટર કમ્પ્લીટ કર્યું.
- હાલ એનવિડિયા કેલિફોર્નિયામાં સિનિયર ASIC એન્જિનિયર તરીકે કામ કરે છે.

### પ્રક્ષાલ નેહાબેન ભાવેશભાઈ પારેખ

**Master in Biotechnology**

- લાઈફ સાયન્સમાં B.Sc. Hons. ની ડિગ્રી મેળવી.
- અમેરિકામાં 4 CGPA સાથે માસ્ટર કમ્પ્લીટ કર્યું.
- હાલ ટેક્સાસમાં ન્યુરોસાયન્સમાં રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે સેવા આપે છે.

### અમીષા વર્ષાબેન દિલીપભાઈ મહેતા

**MBA in Business Intelligence**

- નાનપણથી દરેક સ્ટાન્ડર્ડમાં ડિસ્ટીંક્શન માર્ક મેળવેલ છે.
- બેડમિન્ટનના માસ્ટર છે.

### હર્ષેશ જ્યોત્સનાબેન અરવિંદભાઈ શાહ

**Technical Architect**

- અમેરિકામાં CTA સેલ્સફોર્સનું સર્ટીફિકેટ મેળવેલ છે.
- ખૂબ જ મુશ્કેલ Examમાં ફક્ત એક ટકો જ રીઝલ્ટ આવે છે તેમાં પાસ થયેલ છે.

## NON ACADEMIC ACTIVITY : 2025

### દૃષ્ટિ અંજુબેન અનિલભાઈ મહેતા

**Young Research Scientist 2025**

- માસ્ટર્સ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાંથી ગોલ્ડ મેડલ મેળવેલ છે.
- આપણા સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં કૉલમ પણ આપે છે.
- હાલમાં સિલ્વર ઑક યુનિવર્સિટીમાંથી બ્રેસ્ટ કેન્સર વિષય પર Ph.D. કરી રહ્યા છે.

### મોક્ષીલ શીતલબેન ધવીશભાઈ જૈન

**Chess Champion**

- ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા આયોજિત છઠ્ઠી ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટ – જેમાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી ૨૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, એમાં મોક્ષીલે અન્ડર ઈલેવનની કેટેગરીમાં જ્વલંત સફળતા મેળવેલ છે.

### મૌલી નિધિબેન મનીષભાઈ ગાંધી

**Arangetram**

- ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલી ભરતનાટ્યમમાં સાત વર્ષની સઘન તાલીમ પૂર્ણ કરી એની મંચ પ્રવેશની દીક્ષા પ્રાપ્ત કરી આરંગેત્રમની પ્રસ્તુતિ કરી છે.
- Std.-9 માં અભ્યાસ ચાલુ છે.

### પ્રિશા શીતલબેન ઉમંગભાઈ શાહ

**Arangetram**

- ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલી ભરતનાટ્યમમાં સાત વર્ષની સઘન તાલીમ પૂર્ણ કરી એની મંચ પ્રવેશની દીક્ષા પ્રાપ્ત કરી આરંગેત્રમની પ્રસ્તુતિ કરી છે.
- Std.-9 માં અભ્યાસ ચાલુ છે.

### દેવાંશ ગુંજલબેન આશિષભાઈ શાહ

**World Mind Sports Champion**

- ૯ વર્ષની ઉંમર અને 3rd Standardની નાની ઉંમરમાં દુબઈ પહોંચીને આ કોમ્પિટીશન જીતી લીધી.
- ઈન્ડિયા સિવાય બીજા ૧૧ દેશના બાળકોને કોમ્પિટીશનમાં પાછળ મૂકી દીધા.
- ભણવામાં ખૂબ જ તેજસ્વી છે.

*તેજસ્વી તારલાઓના ફોટોગ્રાફ જુઓ : પાના નંબર ૬૧-૬૨*


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ દંડ**
પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સરનામા ફેરફાર

- **રાજ ચંપકલાલ ઝવેરલાલ મહેતા**
  બી-૩૦૩, મલ્હાર મહાવીર સ્ટેટસ,
  કે.પી. હાઈટ્સની બાજુમાં, વિરાટનગર રોડ,
  ઓઢવ, અમદાવાદ-૩૮૨ ૪૧૫.
  મો. ૮૮૬૬૨ ૨૦૪૮૨, ૯૯૦૯૯ ૦૨૮૪૨
- **અનિલ મધુકાંત અમૃતલાલ શાહ**
  બી-૨૪, રોયલ ઓર્ચીડ, પિનાકલ બિઝનેસ પાર્કની સામે,
  પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૭૩૭૬ ૧૨૪૯૪, ૭૫૬૭૮ ૬૦૮૫૮
- **અભિષેક વિનોદ રામચંદ્ર ત્રેવાડિયા (શાહ)**
  ૧૦૭, નવનીત ભવન, બ્લોક-સી,
  આણંદજી કલ્યાણજી જૈન કમ્પાઉન્ડ, બહેરામપુરા પોલીસ ચોકીની સામે, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
  મો. ૮૮૪૯૨ ૬૮૦૪૮, ૭૦૪૧૪ ૯૭૭૯૭
- **હરીશ વીરચંદ ધનજી નાગડા (શાહ)**
  જી-૧૦૧, ધર્મ વાટીકા, બાલેશ્વર સિટી પાસે,
  હંગામા દાલ-બાટી પાછળ, હાથીજણ,
  અમદાવાદ-૩૮૨ ૪૨૪.
  મો. ૮૪૬૦૧ ૭૩૪૫૫, ૮૪૬૦૧ ૭૩૪૫૧

## અવસાન નોંધ

- *રવિવાર, તા. ૩૧-૦૮-૨૦૨૫*
  **શાંતાબેન પોપટલાલ ધરોડ (પત્રી – અમદાવાદ)** (ઉં.વ. ૯૪)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
  તેઓ સમાજના પૂર્વ અગ્રણી સ્વ. પોપટલાલ નેણશી ધરોડના પત્ની, ડૉ. અતુલ અને સૂચિબેન લલીતભાઈ શાહના માતાશ્રી અને અલ્પાબેનના સાસુ હતા.
- *બુધવાર, તા. ૦૩-૦૯-૨૦૨૫*
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટીઓમાંના એક શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાના ધર્મપત્ની **ચંચલબેન જગશીભાઈ જેઠાભાઈ છેડા (લાયજા મોટા - મુંબઈ)**નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- *સોમવાર, તા. ૨૨-૦૯-૨૦૨૫*
  રજનીભાઈ રતનશી વેલજી છેડાના ધર્મપત્ની **મીનાબેન** (ઉં.વ. ૬૧) **(પાલીતાણા - મોટા આસંબીયા)** નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. હર્ષ અને જીનલના માતુશ્રી, પાયલ અને ધવલના સાસુ, વિહાન અને વિહાનાના દાદી તથા દૈવિકના નાનીશ્રી...

*સદ્ગતશ્રીઓના આત્માની*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૧,૦૦૦/- શ્રી ચંદુલાલ પોપટલાલ ગણાત્રા, શ્રીમતી ઈંદિરાબેન ચંદુભાઈ ગણાત્રા તથા પરિવાર સાણંદ, અમદાવાદ (શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરની કામગીરી અને દાતાશ્રીઓના લગાડેલ બોર્ડ વિ.થી પ્રભાવિત થઈ વૈયાવચ્ચ ખાતે અનુદાન.)

રૂા. ૫,૦૦૦/- 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' – ડૉ. રાગેશ કાંતિલાલ ફડિયા - અમદાવાદ તરફથી તેઓના જન્મદિન નિમિત્તે

રૂા. ૧,૦૦૧/- સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ (તા. ૭-૯-૨૦૨૫)ના દિવસે – ટાગોર હોલ

### વયસ્ક સમિતિ

રૂા. ૩૦,૦૦૦/- એપોલો હોસ્પિટલ ઈન્ટરનેશનલ લિમિટેડ - અમદાવાદ

રૂા. ૧,૧૦૦/- શ્રી મહેન્દ્રભાઈ પુજ અને શ્રીમતી ચંદ્રિકાબેન પુજ - અમદાવાદ તરફથી બંનેની અઠ્ઠાઈ તપશ્ચર્યા નિમિત્તે

રૂા. ૧,૦૦૦/- શ્રી અનિલ મગનલાલ સંઘવી - અમદાવાદ

### સરસ્વતી સન્માન અને વિશિષ્ટ પુરસ્કાર સમિતિ

રૂા. ૧૫,૦૦૦/- શ્રી પારસ કલ્યાણજી રાંભિયા - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી અલકા રસીકલાલ મહેતા

રૂા. ૫,૦૦૦/- શ્રી વિવેક રસીકલાલ મહેતા

રૂા. ૫,૦૦૦/- શ્રી હર્ષિલ રસીકલાલ મહેતા

### શૈક્ષણિક લોન સહાય સમિતિ

રૂા. ૨૫,૦૦૦/- શ્રી મનહરલાલ વિશનજી મોનસી દેઢિયા - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*સંસારમાં સોય બનીને રહો,*
*કાતર બનીને નહીં.*
*સોય બે ને એક કરે છે*
*અને કાતર એકને બે કરે છે.*

## દુઃખદ અવસાન

**શ્રીમતી ચંચલબેન જગશીભાઈ છેડા (લાયજા, હાલે માટુંગા - મુંબઇ)**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટીઓમાંના એક શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાના ધર્મપત્ની **શ્રીમતી ચંચલબેન જગશીભાઈ છેડા (લાયજા, હાલે માટુંગા - મુંબઇ)**નું તા. ૦૩-૦૯-૨૦૨૫ના રોજ ૮૩ વર્ષની વયે સ્વર્ગવાસ થયો છે.

પ્રેમજી જેઠા પરિવાર એટલે મુંબઈ અને અમદાવાદમાં પેટ્રોલિયમ વ્યવસાયનો વિસ્તાર કરનાર ઉદ્યોગ સાહસિક. તેમણે લગભગ ૧૯૬૦માં પેટ્રોલ પંપના બિઝનેસમાં ઝંપલાવ્યું હતું. અંગત સૂઝ અને કુનેહથી ખૂબ સફળ થયા. તેમણે અનેક કચ્છીઓને પેટ્રોલિયમ વ્યવસાયમાં સ્થાપિત થવામાં મદદ કરી. વ્યવસાયીક રીતે અને પારિવરિક રીતે સહુના સન્માનપાત્ર નેતા બન્યા. સમાજના વર્તમાન ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા તેમજ પૂર્વ ઉપપ્રમુખ સ્વ. શ્રી કાંતિલાલ સાવલા પણ પ્રેમજી જેઠા છેડા પરિવાર પાસેથી કામની કુનેહ શીખ્યા હતા. મોટાભાઈ પ્રેમજીભાઈ અને શામજીભાઈના દેહાવસાન બાદ, જગશીભાઈએ કામ સંભાળ્યું. ધાર્મિક અને સામાજિક જવાબદારી નિભાવવામાં પણ તેઓ અગ્રેસર રહ્યા. તેમણે ઘણા વર્ષો સુધી માટુંગા દેરાસર ટ્રસ્ટનું નેતૃત્વ કર્યું. ઘણા વર્ષોથી લાયજા મહાજનનું નેતૃત્વ કરી રહ્યા હતા. અનેક સામાજિક સંસ્થાઓને આર્થિક મદદ પૂરી પાડી છે. પાલડી ખાતેના આપણા શ્રી કચ્છી જૈન ભવન માટે પ્રેમજી જેઠા છેડા ટ્રસ્ટ તરફથી તેમણે વ્યક્તિગત રીતે દાન આપી અન્ય ખમતીધરોને પ્રેરિત કરી, સમાજ માટે માતબર રકમ ઊભી કરી હતી. શ્રી જગશીભાઈ જેઠાના જીવનસાથી ચંચલબેનના દુઃખદ અવસાન બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શોકાંજલિ પાઠવીએ છીએ.

*ઈશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે, એ જ પ્રાર્થના.*

## કચ્છના જાણીતા સર્જક હંસરાજ કંસારાનું નિધન

અમદાવાદની કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા વર્ષ ૨૦૧૨માં પ્રકાશિત "કચ્છનો સર્વાંગી ઇતિહાસ : ભાગ ૧-૨"ના મુખ્ય સંપાદક અને ભારત સરકારના નિવૃત્ત અધિકારી કચ્છી સર્જક **હંસરાજભાઈ કંસારા**નું તા. ૨૦-૦૯-૨૦૨૫ના રોજ વહેલી સવારે ૯૧ વર્ષની જૈફ વયે નવી દિલ્હી ખાતે અવસાન થયું છે.

મૂળ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અનુસ્નાતક હંસરાજભાઈનો જન્મ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૩૫ રોજ થયો હતો. તેઓ કચ્છના પૂર્વ ન્યાયાધીશ અને જાણીતા ઇતિહાસકાર ઠાકરશી પી. કંસારાના પુત્ર હતા.

હંસરાજભાઈએ પોતાની કારકિર્દીના આરંભિક વર્ષો કચ્છમાં ગાળી, અમદાવાદ ખાતે આઈઆઈએમ તથા નવી દિલ્હીની ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કોમ્યુનિકેશન ખાતે ઉચ્ચ તાલીમ મેળવી, ૩૭ વર્ષ નવી દિલ્હી ખાતે ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયમાં ઉચ્ચ અધિકારી તરીકે સેવા આપી.

૨૦૦૪માં નિવૃત્ત થયા બાદ અમદાવાદ ખાતે સ્થાયી થયા તથા અમદાવાદ કચ્છી સમાજના સામયિક 'કચ્છશ્રુતિ' તથા કંસારા સમાજના સામયિક 'જ્ઞાતિ સેતુ'ના સંપાદક તથા સલાહકાર તરીકે આજીવન કાર્યરત રહ્યા હતા.

હંસરાજભાઈ ગુજરાતી સર્જન ક્ષેત્રે પણ કાર્યરત હતા. 'કચ્છમિત્ર'ની પૂર્તિ તથા દિવાળી અંકમાં તેમની વાર્તા અને કાવ્યો પ્રકાશિત થતા હતા. તેમની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ 'શતરંજના ખેલ' હાલ પ્રેસમાં છે. તાજેતરમાં જ તેનું પ્રકાશન થવાનું છે.

તેઓ 'કચ્છમિત્ર'ના પૂર્વ વ્યવસ્થાપક શૈલેષભાઈ કંસારાના પિતા થતા હતા.

*'મંગલ મંદિર' સદ્‌ગતના આત્માની શાંતિ પ્રાર્થે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | | |
|---|---|---|
| ■ *ખાતાનું નામ* | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ<br>[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad] |
| ■ *બેંક* | : | કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ<br>[Canara Bank, Paldi Branch - Ahmedabad] |
| ■ *એકાઉન્ટ નંબર* | : | ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] |
| ■ *IFSC કોડ* | : | CNRB0017007 |

## સમાજનું ગૌરવ

### આપણા સમાજના શ્રી મહેન્દ્ર દોશીનું સુરતની નર્મદ સાહિત્ય સભાએ સુવર્ણચંદ્રક અર્પણ કરી સન્માન કર્યું

ભારત સરકાર સંચાલિત ભાષા સંસ્થાન (મૈસુર)ના આર્થિક સહયોગ અને ગુજરાતની અન્ય સાત સંસ્થાઓના સહયોગથી મહેન્દ્રભાઈએ કચ્છી બોલી વિજ્ઞાન અંગેનું પુસ્તક – "સ્પીચ વેરાયટી ઑફ કચ્છી ડાયલેક્ટ" તૈયાર કર્યું હતું. જેમાં કચ્છ પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં બોલાતી સ્થાનિક કચ્છી ભાષાની વિવિધતા અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. કચ્છી, એ માત્ર કચ્છની ઉપબોલી નથી પરંતુ વૈજ્ઞાનિક આધાર સાથેની વિશિષ્ટતા, સમૃદ્ધતા અને મીઠાશ સાથેની પૂર્ણ ભાષા છે એવું પ્રથમવાર આ પુસ્તકમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. કચ્છની સ્થાનિક ભાષા અંગે થયેલા સર્વેના અહેવાલને કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગરે પુસ્તકરૂપે પ્રકાશિત કર્યું છે.

આપ સૌને યાદ હશે કે ૨૦૨૨ના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી મહેન્દ્રભાઈ દોશીના આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ વર્ષે એ પુસ્તકને પ્રતિષ્ઠિત સાહિત્ય સંસ્થા દ્વારા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થવો, એ નોંધનીય ઉપલબ્ધિ છે. મહેન્દ્રભાઈની આ સિદ્ધિ એ આપણા સમાજને પણ ગૌરવાન્વિત કરી છે. સમસ્ત કચ્છ અને સૌ કચ્છીઓ પણ ગર્વ લઈ શકે એવી ઉપલબ્ધિ માટે શ્રી મહેન્દ્રભાઈ દોશીને હાર્દિક અભિનંદન. આપની ક્ષમતાઓ થકી સાહિત્યની (કચ્છીની) સતત સેવા કરતા રહો, એ શુભેચ્છા.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૯-૦૮-૨૦૨૫થી તા. ૧૭-૦૯-૨૦૨૫ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | મણિલાલ ડી. રૂધાણી | પોરબંદર | ૧૭-૦૯-૨૫ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | હિરેન શિવજી ટોકરશી લોડાયા | અમદાવાદ | ૦૨-૦૯-૨૫ |

## "મંગલ મંદિર" : ભૂલ સુધાર

'મંગલ મંદિર' ઓગસ્ટ-૨૦૨૫ માસના તંત્રીલેખમાં 'મંગલ મંદિર'ની ૫૦ વર્ષોની યાત્રાનું વિહંગાવલોકન હતું. જેમાં મંગલ મંદિરના તંત્રીઓ અને સહયોગીઓનો ઉલ્લેખ કરાયો હતો. જેમાં શરતચૂકથી એક નામ છૂટી ગયું, જેમણે સતત ૧૭ વર્ષો સુધી મંગલ મંદિરના પૃષ્ઠોની સુંદર કાળજી લીધી હતી. એ વ્યક્તિ, તે **સ્વ. સૂરજલાલ મહેતા.**

કોઈ પણ પ્રકાશન માટે – એ અખબાર હોય, સામયિક હોય કે પુસ્તક હોય, એની મૂળ સામગ્રી પછીની સૌથી અગત્યની બાબત હોય, તો તે છે પ્રૂફ રીડિંગની. જોડણી સુધાર, શબ્દ સુધાર અને વાક્ય સુધારની. ઘણી વાર અવગણાઈ જતી આવી ભૂલો, સાચા વાચકને ખટકી જતી હોય છે. પ્રૂફ રીડિંગનું ખૂબ જવાબદારીભર્યું તથા ખંત અને ચીવટ માંગી લેતું કામ સ્વ. શ્રી સૂરજલાલભાઈ મહેતાએ પૂરેપૂરી નિષ્ઠાથી કર્યું. ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ, વ્યાકરણના નિયમોની ઊંડી સમજ અને વિપુલ શબ્દ ભંડોળની સંપત્તિના ઉપયોગ થકી તેમણે 'મંગલ મંદિર' અને તેની વાંચન સામગ્રીને સુંદરતમ બનાવી હતી. ૧૯૯૫થી પ્રૂફ રીડિંગની જવાબદારીથી મંગલ મંદિર સાથે જોડાયા બાદ, ૧૯૯૭થી સહ સંપાદક તરીકે અને ૧૯૯૮થી ૨૦૧૨ સુધી, અંતિમ શ્વાસ સુધી તેમણે તંત્રી મંડળમાં પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી.

ભૂલ સુધારની મળેલી તક ઝડપી લઈને પૂરી પ્રામાણિકતા અને મોકળાશથી કહીશ, કે સૂરજકાકાની વિદાય બાદ, તેમના જેટલા સક્ષમ અને નિષ્ઠાવાન પ્રૂફ રીડર 'મંગલ મંદિર'ને આજ સુધી મળ્યા નથી. સ્વ. સૂરજલાલ મહેતાની સેવાઓને સાભાર યાદ કરી, અમારી શરતચૂક બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

તદુપરાંત **શ્રી મહેન્દ્રભાઈ દોશી**એ પણ વખતોવખત મંગલ મંદિરની જવાબદારી ઉપાડી લીધી હતી. ભાષાના જાણકાર અને ખાસ કરીને કચ્છી ભાષાના ચાહક એવા મહેન્દ્રભાઈએ કચ્છી બોલીના જતન - સંવર્ધન માટે ખૂબ પ્રયત્નો કર્યા છે. કચ્છી બોલીને ભાષાનો દરજ્જો મળે, એની અકાદમી સ્થપાય એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. સમાજ માટે સંકટ સમયની સાંકળ બનીને તેમણે મંગલ મંદિરની જવાબદારી સંભાળી છે. મંગલ મંદિરની ૫૦ વર્ષની સુવર્ણ યાત્રાને વર્ણવતા ઓગસ્ટ ૨૦૨૫ના તંત્રી લેખમાં શ્રી મહેન્દ્રભાઈના યોગદાનનો ઉલ્લેખ પણ છૂટી ગયો હતો. શરતચૂક માટે દિલગીરી સાથે શ્રી મહેન્દ્રભાઈ દોશીના સહયોગ માટે આભાર પ્રગટ કરીએ છીએ.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

સમિતિ તરફથી તા. ૧૩-૦૯-૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કાર્યક્રમ યોજાઈ ગયો. સૌ પ્રથમ કન્વીનરશ્રીએ જણાવ્યું હતું કે ગત વર્ષ દરમિયાન વયસ્ક સમિતિ તરફથી કોઈનું પણ મન દુભાવ્યું હોય તો અમો ક્ષમા યાચના ઈચ્છીએ છીએ. આપણા વડીલ સાથીદાર સ્વ. મુકેશકુમાર જમનાદાસ મહેતા મહામૃત્યુંજય માસક્ષમણ તપની આરાધના પૂર્ણ કરીને દેવલોક થયા છે તો તેમના માનમાં બે મિનિટનું મૌન પાળીને નવકાર મંત્રનો જાપ કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ આ કાર્યક્રમમાં એપોલો હોસ્પિટલના વિવિધ ડૉક્ટરોએ પોતાનું વક્તવ્ય આપેલ હતું અને હાજર રહેલા વડીલોના સવાલોના જવાબ આપેલ હતા.

ડૉ. ચિત્રેશ મહેતા, જેઓ કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક ડૉક્ટર અને ટ્રોમા તેમજ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન છે, તેમણે શરીરના વિવિધ સાંધાઓમાં થતા દુઃખાવા અને ઘસારા અંગે માહિતી આપી હતી. તેમનો મુખ્ય વિષય ન્યૂનતમ એન્ટિયર હિપ રીપ્લેસમેન્ટ, રીવીઝન હિપ રીપ્લેસમેન્ટ, રોબોટીક હિપ / ઘુંટણની સર્જરી વગેરે હતો.

ડૉ. હિતેશ સોલંકી, જેઓ એપોલો સીબીસીસી કેન્સર કેર અમદાવાદ - ગાંધીનગર ખાતે કન્સલ્ટન્ટ હેડ અને નેક ઓન્કો સર્જન છે. તેમણે મોઢામાં થતા કેન્સર તેમજ માથા અને ગરદનની ત્વચામાં થતા કેન્સર, લાળગ્રંથિના કેન્સર, થાઈરોઈડની ગાંઠ, સાઈનોસલ અને ખોપરીના પાયાની ગાંઠો વિશે સમજણ આપી, આ કેન્સરથી કેવી રીતે બચી શકાય અને થયેલ હોય તો કેવી રીતે ઉપચાર કરવો જોઈએ તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ડૉ. અનાઘા ઝોપે જેઓ લીડ બ્રેસ્ટ ઓન્કોપ્લાસ્ટિક સર્જન છે અને જેમને ૨૮ વરસથી પણ વધારે સર્જિકલ અનુભવ છે, તેમણે તેમના પ્રવચનમાં સ્તન કેન્સર અંગે ખૂબ જ ઝીણવટથી સમજણ આપેલ હતી. તેમણે કેન્સર થવાના કારણો, તેના ઉપચાર અને સર્જરી પછીની સંભાળ ઉપરાંત અત્યારે જે આધુનિક સારવાર ચાલી રહી છે તેની વિસ્તૃત માહિતી આપી હતી.

ડૉ. ચિત્રેશ મહેતાનું બહુમાન શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી મનીષભાઈ વીરાએ કર્યું હતું. ડૉ. હિતેશ સોલંકીનું બહુમાન શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર અને શ્રી દિલીપભાઈ દંડે કર્યું હતું. ડૉ. અનાઘા ઝોપનું બહુમાન શ્રીમતી સરલાબેન શાહ, શ્રીમતી મીનાક્ષીબેન પારેખ, શ્રીમતી વિમળાબેન શાહ અને શ્રીમતી દમયંતીબેન દંડે કરેલ હતું.

શ્રીમતી પ્રભાબેન જયંતીલાલ કાનજી દેઢિયા તરફથી વયસ્ક સમિતિને રૂા. ૫,૦૦૦/-નું અનુદાન મળેલ હતું. તેમનું બહુમાન શ્રીમતી મીરાબેન દંડ અને લક્ષ્મીબેન વીરાએ કર્યું હતું.

શ્રી મહેન્દ્ર પૂજ અને શ્રીમતી ચંદ્રિકાબેન પૂજ – બંનેની અઠ્ઠાઈ તપસ્યા નિમિત્તે વયસ્ક સમિતિને રૂા. ૧૧૦૦/-ની સ્પોન્સરશિપ કરી હતી.

ત્યારબાદ હાઉસીની રમત રમાડવામાં આવી હતી અને અંતે બધાએ ભોજનને ન્યાય આપેલ હતો.

***રજનીકાંત પારેખ***
***કન્વીનર - વયસ્ક સમિતિ***

## માણસાઈના દીવા

મા-બાપને માથુ ઊંચું રાખીને જીવવા દે
ઘડપણમાં લાકડી બનીને રહે
**એનું નામ સંતાનો....**

સંકટમાં ખભેથી ખભો મિલાવીને ઊભા રહે
**એનું નામ ભાઈઓ...**

સુખ-દુઃખમાં સહભાગી અને ગરીબીમાં સાથ આપે
**એનું નામ ધર્મપત્ની...**

થોડું આપો કે ઘણું આપો સંતોષ માણીને ખુશ થઈને જાય
**એનું નામ બહેન દીકરીઓ....**

ગમે એટલા મતભેદો હોવા છતાં ભેગા બેસીને પ્રસંગ સુધારે
**એનું નામ કુટુંબ...**

કોઈપણ સંકટ કે દુઃખમાં સાથ આપે
**એનું નામ સગાવહાલા ને મિત્રો...**

અંદરોઅંદર ઈર્ષ્યા ને ટાંટિયાખેંચ ના કરે,
બહારના સંકટમાં એકજૂટ થઈને સાથ આપે
**એનું નામ સમાજ...**

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૬

*'મંગલ મંદિર' ના ઓક્ટોબર-૨૦૨૫ના અંકમાં આપણે છેક ૧૯૬૮થી શરૂ થતા ભૂતકાળમાં નજર ફેરવીશું.*

*એ સમયે આ સંસ્થાનું નામ શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ હતું. એ સમયે સંસ્થાના સભ્યોનું લીસ્ટ ૭૦ની આસપાસનું છે.*

*અહીં આપણે નીચે મુજબની સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સનો અભ્યાસ કરીશું.*

*૧. તા. ૪-૮-૧૯૬૮ની સામાન્ય સભા.*

*૨. તા. ૨૫-૧૧-૧૯૬૮ની સામાન્ય સભા.*

*૩. તા. ૨૬-૧-૧૯૬૯ની સામાન્ય સભા.*

*૪. તા. ૨૮-૧૨-૧૯૬૯ની સામાન્ય સભા.*

*૫. તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભા.*
*(આ મીટિંગમાં સંસ્થાનું નામ 'શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ' હતું તેના બદલે 'શ્રી કચ્છી જૈન સમાજ' રાખવાનું નક્કી કરવામાં આવ્યું.)*

*૬. તા. ૨૦-૧૨-૧૯૭૦ની સામાન્ય સભા*
*(શ્રી કચ્છી જૈન સમાજની પ્રથમ સામાન્ય સભા)*

*૭. તા. ૯-૧૨-૧૯૭૧ની સામાન્ય સભા.*

***– તંત્રી મંડળ***

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ

### (૧) તા. ૪-૮-૧૯૬૮ની સામાન્ય સભા

**હાજરી :**

(૧) શ્રી ડુંગરશી વેલજી રાંભિયા (પ્રમુખપદે)
(૨) શ્રી હીરજી પાસુ દેઢિયા
(૩) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
(૪) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૫) શ્રી મગનલાલ ધનજી ગડા
(૬) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા
(૭) શ્રી તલકશી ખેતશી છેડા
(૮) શ્રી જેઠાલાલ રતનશી શાહ

**આવતા વર્ષની કારોબારી :**

| | | |
|---|---|---|
| શ્રી હીરજી પાસુ દેઢિયા | – | પ્રમુખ |
| શ્રી પોપટલાલ નેણશી ધરોડ | – | મંત્રી |
| શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા | – | ખજાનચી |
| શ્રી ડુંગરશી વેલજી રાંભિયા | – | કારોબારી સભ્ય |
| શ્રી મૂળચંદ નરશી રાંભિયા | – | કારોબારી સભ્ય |
| શ્રી તલકશી ખેતશી છેડા | – | કારોબારી સભ્ય |

**જ્ઞાતિપત્ર :**

જ્ઞાતિપત્ર છપાવવાનું નક્કી કરવામાં આવ્યું.
૧૦૦૦ કોપીના રૂા. ૫૦૦/-ના ખર્ચનો અંદાજ.

**જાહેર ખબરના ભાવ :**

| | | | |
|---|---|---|---|
| આગળનું ૧/૪ પાનું | : | રૂા. ૪૦/- | કવર પેઈજ-૧ |
| મુખપૃષ્ઠનું અંદરનું આખું પાનું | : | રૂા. ૬૦/- | કવર પેઈજ-૨ |
| છેક છેલ્લું પેજ | : | રૂા. ૭૫/- | કવર પેઈજ-૪ |
| છેલ્લાનું આગળનું પેજ | : | રૂા. ૫૦/- | કવર પેઈજ-૩ |
| અંદરનું આખું પાનું | : | રૂા. ૪૦/- | |
| અંદરનું અડધું પાનું | : | રૂા. ૨૦/- | |

## (૨) તા. ૨૫-૧૧-૧૯૬૮ની સામાન્ય સભા

**હાજરી :**

(૧) શ્રી હીરજી પાસુ દેઢિયા (પ્રમુખપદે)
(૩) શ્રી જેઠાલાલ રતનશી શાહ
(૫) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૭) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
(૯) શ્રી માવજી ગાંગજી દેઢિયા
(૨) શ્રી કેશવજી ઉકેડા ગોગરી
(૪) શ્રી ડુંગરશી વેલજી રાંભિયા
(૬) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા
(૮) શ્રી મગનલાલ ધનજી ગડા

**બંધારણીય સુધારા :**

આ સભામાં બંધારણીય સુધારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતા.

૧. સુધારેલ બંધારણનો અમલ તાત્કાલિક રીતે કરવો.
૨. હાલની કારોબારી સુધારેલ બંધારણ પ્રમાણે ડિસેમ્બર-૧૯૬૯ સુધી ચાલુ રહેશે.
૩. લેખાધિકારી, ઉપપ્રમુખ તથા અન્ય બે કારોબારી સભ્યોની ચૂંટણી હવે પછી મળનારી સામાન્ય સભામાં થશે.
૪. ચાલુ સભ્યપદના લવાજમ ૩૦ જૂન ૧૯૬૯ને બદલે ૩૧ ડિસેમ્બર ૧૯૬૯ના રોજ પૂરા થશે.
૫. તા. ૨૫-૧૧-૧૯૬૮ એટલે કે આજથી હાલના હિસાબો ૧૯૬૯ના ચૂંટાયેલા પ્રતિનિધિઓની મર્યાદામાં રહેશે.

**લોન :**

શ્રી શામજી પુનશી નંદુની રૂા. ૧૦૦/-ની લોન મંજૂર કરવામાં આવી હતી. દર મહિને રૂા. ૫/-ના હિસાબે ૨૦ મહિનામાં લોન પરત લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. જામીન તરીકે બાબુભાઈ નરશી રાંભિયાનો સ્વીકાર કરવામાં આવેલ હતો.

*જિંદગી એ કિસ્મતનો ખેલ છે.*
*જો બુદ્ધિથી જિંદગી બનતી હોત તો આજે વાણિયાના રજવાડા હોત*
*અને બધું મહેનતથી મળતું હોત તો મજૂરોને પણ મોટી ગાડી હોત.*

## (૩) તા. ૨૬-૧-૧૯૬૯ની સામાન્ય સભા

**હાજરી :**

(૧) શ્રી હીરજી પાસુ દેઢિયા (પ્રમુખપદે)
(૨) શ્રી કેશવજી ઉકેડા ગોગરી
(૩) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૪) શ્રી જેઠાલાલ રતનશી શાહ
(૫) શ્રી ટોકરશી કેશવજી મારૂ
(૬) શ્રી દેવજી રતનશી છેડા
(૭) શ્રી નાનજી કાનજી ગાલા
(૮) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૯) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા
(૧૦) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
(૧૧) શ્રી લખમશી હીરજી ભેદા

**બંધારણીય સુધારો :**

ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ આ સભામાં નીચે મુજબનો બંધારણીય સુધારો રજૂ કરેલ હતો.

આ સંસ્થાનું નામ "શ્રી કચ્છી જૈન મિત્ર મંડળ" રાખવામાં આવશે.

આ સુધારાની તરફેણમાં ૬ મત અને વિરૂધ્ધમાં ૫ મત પડ્યા હતા.

જરૂરી ૨/૩ બહુમતિ ન મળતાં આ સુધારો ઉડી ગયો હતો.

**હોદ્દેદારો :**

નીચે મુજબના હોદ્દેદારો સર્વાનુમતે ચૂંટાયા હતા.

| | | |
|---|---|---|
| ઉપપ્રમુખ | : | શ્રી ટોકરશી કેશવજી શાહ |
| કારોબારી સભ્યો | : | (૧) શ્રી કેશવજી ઉકેડા ગોગરી |
| | | (૨) શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| લેખાધિકારી/ઓડિટર | : | શ્રી દેવજી રતનશી છેડા (તા. ૧-૧૨-૬૮થી તા. ૩૦-૧૧-૬૯) |

★

**(૪)** વર્ષ ૧૯૬૯ના સભ્ય લીસ્ટમાં ૬૬ નામ નોંધાયેલ છે.

આ ૬૬ નામમાં નીચેના નામોનો પણ સમાવેશ થાય છે :

(૧) શ્રી આણંદજી વેલજી વીરા
(૨) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૩) શ્રી ટોકરશી કેશવજી મારૂ
(૪) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૫) શ્રી બાબુભાઈ કેશવજી શાહ
(૬) શ્રી બંસીલાલ મગનલાલ ગડા
(૭) શ્રી માવજી ધારશી ફુરિયા
(૮) શ્રી શાંતિલાલ મૂળજી સાવલા
(૯) શ્રી હીરજી પાસુ દેઢિયા
(૧૦) શ્રી શાંતિલાલ રામજી ગાલા
(૧૧) શ્રી નવીન નાનજી પોલડિયા
(૧૨) શ્રી મણિલાલ નાનજી ગાલા

*બીજાના પડછાયામાં ઉભા રહેવાથી પોતાનો પડછાયો ક્યારે પણ દેખાતો નથી.*
*પોતાનો પડછાયો નિર્માણ કરવા માટે પોતે તડકામાં ઉભા રહેવું પડે છે.*

## (૫) તા. ૨૮-૧૨-૧૯૬૯ની સામાન્ય સભા

**હાજરી :**

(૧) શ્રી હીરજી પાસુ દેઢિયા (પ્રમુખપદે)
(૨) શ્રી ટોકરશી કેશવજી મારૂ
(૩) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૪) શ્રી દેવજી રતનશી છેડા
(૫) શ્રી નવીનચંદ્ર નાનજી પોલડિયા
(૬) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૭) શ્રી મગનલાલ ધનજી ગડા
(૮) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
(૯) શ્રી મણિલાલ નાનજી ગાલા

**નવી કારોબારી :**

૧૯૭૦ના વર્ષ માટે નીચે મુજબ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી : શ્રી હીરજી પાસુ શાહ
ઉપપ્રમુખ : શ્રી ટોકરશી કેશવજી શાહ
મંત્રીશ્રી : શ્રી પોપટલાલ નેણશી ધરોડ
ખજાનચી શ્રી : શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
કારોબારી સભ્યો : (૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૨) શ્રી નવીનચંદ્ર નાનજી પોલડિયા
(૩) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા
(૪) શ્રી મણિલાલ નાનજી ગાલા
(૫) શ્રી શાંતિલાલ શામજી વીરા
લેખાધિકારી/ઓડિટર : શ્રી દેવજી રતનશી છેડા (વર્ષ ૧૯૬૯-૧૯૭૦ માટે)

★

**(૬)** ૧૯૭૦ના સભ્યોની યાદી

૭૧ સભ્યોના નામની નોંધણી થયેલ છે. તેમાં નીચેના સભ્યો પણ હતા.

શ્રી લાલજી રામજી ગાલા

શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા.

## (૭) તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભા

**હાજરી :**

(૧) શ્રી હીરજી પાસુ દેઢિયા (પ્રમુખપદે)
(૨) શ્રી નાનજી પ્રેમજી ગાલા
(૩) શ્રી અમૃતલાલ લાલજી નંદુ
(૪) શ્રી આણંદજી વેલજી વીરા
(૫) શ્રી કાંતિલાલ કુંવરજી સાવલા
(૬) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૭) શ્રી ટોકરશી કેશવજી શાહ
(૮) શ્રી ઠાકરશી વેલજી રાંભિયા

(૯) શ્રી દિનેશ દામજી શાહ
(૧૦) શ્રી દેવજી રતનશી છેડા
(૧૧) શ્રી નાનજી કેશવજી મારૂ
(૧૨) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૧૩) શ્રી પ્રેમજી ખેતશી દેઢિયા
(૧૪) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા
(૧૫) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
(૧૬) શ્રી મણિલાલ નાનજી ગાલા
(૧૭) શ્રી લક્ષ્મીચંદ રવજી વીરા
(૧૮) શ્રી લક્ષ્મીચંદ લાલજી સાવલા
(૧૯) શ્રી વિશનજી દેવજી દેઢિયા
(૨૦) શ્રી શાંતિલાલ રામજી ગાલા
(૨૧) શ્રી હરખચંદ પ્રેમજી શાહ
(૨૨) શ્રી લખમશી રતનશી દેઢિયા
(૨૩) શ્રી વેલજી કરમશી ગાલા

**બંધારણીય સુધારા :**

(૧) ***રજૂ કરનાર*** : શ્રી ટોકરશી કેશવજી મારૂ
***ટેકો આપનાર*** : શ્રી નાનજી કેશવજી મારૂ
કારોબારી સમિતિએ રજૂ કરેલ બંધારણીય સુધારાઓ આ સભા સ્વીકારે છે અને મંડળનું હાલનું નામ બદલીને "શ્રી કચ્છી જૈન સમાજ" રાખવાનું નક્કી કરે છે. – સર્વાનુમતે પસાર

(૨) ***રજૂ કરનાર*** : શ્રી ઠાકરશી વેલજી રાંભિયા
***ટેકો આપનાર*** : શ્રી દિનેશ દામજી શાહ
નવા બંધારણનો અમલ કરવાનું આ સભા આજથી ઠરાવે છે. જેથી આ સંસ્થા હવે "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ"ને બદલે "શ્રી કચ્છી જૈન સમાજ"ને નામે ઓળખાશે. – સર્વાનુમતે પસાર.

(૩) ***રજૂ કરનાર*** : ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
***ટેકો આપનાર*** : શ્રી અમૃતલાલ લાલજી નંદુ
સુધારેલ બંધારણ પ્રમાણે નવી કારોબારી સમિતિ ચૂંટાય ત્યાં સુધી હાલની કારોબારી સમિતિ ચાલુ રહેશે.

(૪) આ સંસ્થાને પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના ધારા હેઠળ રજિસ્ટર્ડ કરાવવાનું પણ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

# શ્રી કચ્છી જૈન સમાજ

## (૮) તા. ૨૦-૧૨-૧૯૭૦ની સામાન્ય સભા (શ્રી કચ્છી જૈન સમાજની પ્રથમ મીટિંગ)

**હાજરી :**

(૧) શ્રી હીરજી પાસુ દેઢિયા (પ્રમુખપદે)
(૨) શ્રી આણંદજી વેલજી વીરા
(૩) શ્રી ગંગાજર કેશવજી મોમાયા
(૪) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૫) શ્રી ટોકરશી કેશવજી મારૂ
(૬) શ્રી નાનજી કેશવજી મારૂ
(૭) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૮) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
(૯) શ્રી મણિલાલ નાનજી ગાલા
(૧૦) શ્રી લક્ષ્મીચંદ રવજી હરિયા
(૧૧) શ્રી હરખચંદ પ્રેમજી શાહ
(૧૨) શ્રી હીરજી લાલજી ગડા
(૧૩) શ્રી કેશવજી કાનજી ધુલ્લા
(૧૪) શ્રી જેઠાલાલ રતનશી મોમાયા
(૧૫) શ્રી ખીમજી આણંદજી લોડાયા
(૧૬) શ્રી ઠાકરશી પદમશી શાહ

(૧૭) શ્રી નેણશી વેલજી મોતા
(૧૮) શ્રી શીવજી કુંવરજી શાહ
(૧૯) શ્રી સોમચંદ ખીંયશી છેડા
(૨૦) શ્રી શામજી કેશવજી નાગડા
(૨૧) શ્રી તારાચંદ માણેકજી દંડ
(૨૨) શ્રી હેમચંદ ફતેહચંદ શેઠ
(૨૩) ડૉ. વાડીલાલ દામજી શાહ

**વર્ષ ૧૯૭૧ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી | : | શ્રી હીરજી પાસુ શાહ |
| ઉપપ્રમુખશ્રી | : | શ્રી ઠાકરશી પદમશી શાહ |
| મંત્રીશ્રી | : | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| સહમંત્રી | : | શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી |
| ખજાનચી શ્રી | : | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા |
| કારોબારી સભ્યો | : | (૧) શ્રી ઉમરશી માણેકજી ભારાણી |
| | | (૨) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| | | (૩) શ્રી ટોકરશી કેશવજી શાહ |
| | | (૪) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા |
| | | (૫) શ્રી મનુભાઈ ભવાનજી શેઠ |
| | | (૬) શ્રી મહેન્દ્રકુમાર મણિલાલ વસા |
| | | (૭) ડૉ. વાડીલાલ દામજી શાહ |
| | | (૮) શ્રી શામજી કેશવજી નાગડા |
| વર્ષ ૧૯૭૧ની સલાહકાર સમિતિ | : | (૧) શ્રી શીવજી નરશી શાહ |
| | | (૨) શ્રી કેશવજી ઉકેડા ગોગરી |
| | | (૩) શ્રી મણિલાલ પ્રેમચંદ વસા |
| | | (૪) શ્રી બાબુભાઈ વીરમ શાહ |
| | | (૫) શ્રી માણેકજી જેઠાભાઈ દંડ |

## (૯) તા. ૫-૧૨-૧૯૭૧ની સામાન્ય સભા

**હાજરી :**

(૧) શ્રી હીરજી પાસુ દેઢિયા (પ્રમુખપદે)
(૨) શ્રી કનકલાલ વિશનજી સંઘવી
(૩) શ્રી કાંતિલાલ વિશનજી સંઘવી
(૪) શ્રી કાંતિલાલ કુંવરજી સાવલા
(૫) શ્રી કીર્તિલાલ ગેલચંદ સંઘવી
(૬) શ્રી ખીમજી આણંદજી લોડાયા
(૭) શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા
(૮) શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા
(૯) શ્રી જેઠાલાલ રતનશી મોમાયા
(૧૦) શ્રી ટોકરશી કેશવજી મારૂ
(૧૧) શ્રી ઠાકરશી પદમશી શાહ
(૧૨) શ્રી દેવેન્દ્રકુમાર કરશનજી શાહ
(૧૩) શ્રી ધીરજલાલ સ્વરૂપચંદ શાહ
(૧૪) શ્રી પ્રાગજી પ્રેમચંદ શાહ
(૧૫) શ્રી પોપટલાલ નેણશી ધરોડ
(૧૬) શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા

(૧૭) શ્રી મનસુખલાલ કલ્યાણજી ત્રેવાડિયા
(૧૮) શ્રી મુળજી નરશી લોડાયા
(૧૯) શ્રી લક્ષ્મીચંદ રવજી હરિયા
(૨૦) શ્રી વાડીલાલ દામજી શાહ
(૨૧) શ્રી શામજી કેશવજી નાગડા
(૨૨) શ્રી સોમચંદ ખીંયશી છેડા
(૨૩) શ્રી હરખચંદ નેમિદાસ શસંઘવી
(૨૪) શ્રી હીરજી લાલજી ગડા
(૨૫) શ્રી હીરાલાલ સાકળચંદ શાહ

**વર્ષ ૧૯૭૨ની કારોબારી :**

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી | : | શ્રી હીરજી પાસુ શાહ |
| ઉપપ્રમુખશ્રી | : | શ્રી ઠાકરશી પદમશી શાહ |
| મંત્રીશ્રી | : | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| સહમંત્રી | : | શ્રી શામજી કેશવજી નાગડા |
| ખજાનચી શ્રી | : | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા |
| કારોબારી સભ્યો | : | (૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| | | (૨) શ્રી જેઠાલાલ રતનશી મોમાયા |
| | | (૩) શ્રી ટોકરશી કેશવજી શાહ |
| | | (૪) શ્રી દેવેન્દ્રકુમાર કરશનજી શાહ |
| | | (૫) શ્રી બાબુભાઈ નરશી રાંભિયા |
| | | (૬) શ્રી મનસુખલાલ કલ્યાણજી ત્રેવાડિયા |
| | | (૭) શ્રી મુળજી નરશી લોડાયા |
| | | (૮) શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી |

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**● મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે ●**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ
  [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ – અમદાવાદ
  [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- ***IFSC** કોડ* : CNRB0017007

***રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૨૧-૮-૨૦૨૫**

- તબીબી સેવા સમિતિની મીટિંગ સાંજે ૭ વાગે મળેલ હતી. તેમાં એક્સ-રે ફિલ્મની ખરીદીમાં Cash Discount આપવા માટે ડૉ. હિતેન્દ્ર શાહ પટેલ બાયોમેડિકલ્સમાં વાત કરશે તેવું નક્કી કરવામાં આવેલ.

  દાંત વિભાગ માટે ૫૦ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે રાહતની લિમિટ રૂા. ૧૦,૦૦૦/-થી વધારીને રૂા. ૧૫,૦૦૦/-ની કરવાનું નક્કી કરવામાં આવેલ.

  લેબોરેટરીમાં Sysmex કંપનીનું Automated Hematolyzer ૮ વર્ષ જૂનું થઈ ગયેલ છે અને તેના સ્પેર પાર્ટસ મળતા નથી. માટે નવું Transasia કંપનીનું મશીન રૂા. ૩,૨૫,૦૦૦/- + G.S.T. અને રૂા. ૫૦,૦૦૦/-ના Reagents Freeમાં મળે એ શરતે ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું.

**તા. ૭-૯-૨૦૨૫**

- સ્વામિવાત્સલ્યના દિવસે મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા ૭૩ મહિલાઓનું મેમોગ્રાફી અને પેપ સ્મિઅર નિઃશુલ્ક કરવા માટે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું.

**તા. ૮-૯-૨૦૨૫**

- આજથી મહિલા ઉત્કર્ષ સમિતિના રોજના ૪ મેમોગ્રાફી અને પેપ સ્મિઅર ચાલુ કરવામાં આવ્યા.

**તા. ૧૧-૯-૨૦૨૫**

- Transasia કંપનીનું Automated Hematolyser મશીન લેબોરેટરીમાં આજ રોજ આવેલ છે. સામે Sysmex કંપનીનું મશીન Buy Back માં નક્કી કર્યા મુજબ આપવાનું નક્કી કરેલ છે.

**તા. ૧૫-૯-૨૦૨૫**

- શ્રી કે.ડી. શાહ અને શ્રી પ્રદીપભાઈએ શ્રી પીન્ટુ પટેલ સાથે મેડિકલ કાર્ડ તૈયાર કર્યા બાદ તેની PDF બનાવીને વૉટ્સએપ પર મોકલી દેવા અંગે ચર્ચા આવી. જેથી મોબાઈલમાં તેનો ફોટો બતાવી, કચ્છી મેમ્બર ૭૫% રાહતમાં મેડિકલ સેન્ટરની સેવાઓનો લાભ લઈ શકે.

**તા. ૧૬-૯-૨૦૨૫**

- મેડિકલ સેન્ટરમાં રૂમોના નંબર દૂરથી સરળતાથી વાંચી શકાય એ માટે શ્રી કે.ડી. શાહની સૂચનાથી શ્રી સંદીપ મોતા સાથે સેમ્પલ મંગાવી નવા બોર્ડ બનાવવા માટે કાર્યવાહી કરવામાં આવી.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૨૩-૮-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે મેડિકલ સેન્ટરમાં સ્ટાફ અંગે જાહેરાત આપવા જણાવેલ હતું.

**તા. ૨૪-૮-૨૦૨૫**

- આજ રોજ સિટી લાઈન ન્યુઝ પેપરમાં કાઉન્ટર ક્લાર્ક, ઓ.પી.ડી. આસિસ્ટન્ટ અંગે જાહેરાત આપવામાં આવેલ હતી.

**તા. ૧-૯-૨૦૨૫**

- આજ રોજથી ડૉ. દિનેશ શાહ (Dermatologist) એ ઓ.પી.ડી.નો ટાઈમ બદલેલ હતો. તેઓ રોજ સવારે ૧૦થી ૧૨ ઓ.પી.ડી.માં આવશે અને સોમ-શુક્ર-શનિવારે સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન આવશે.

**તા. ૨૬-૮-૨૦૨૫**

- આજ રોજ ડાયાલિસિસમાં એક નવું પેશન્ટ આવેલ હતું.

**તા. ૩૦-૮-૨૦૨૫**

- આજ રોજ ડાયાલિસિસમાં એક નવું પેશન્ટ આવેલ હતું.

**તા. ૧-૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. રીદ્ધિએ ઈન્ટરવ્યુમાં નક્કી કરેલ એક કાઉન્ટર ક્લાર્ક (ફુલ ટાઈમ), કાઉન્ટર ક્લાર્ક (પાર્ટ ટાઈમ), ઓ.પી.ડી. આસિસ્ટન્ટ (પાર્ટ ટાઈમ), ઓ.પી.ડી. આસિસ્ટન્ટ (ફુલ ટાઈમ)ની નિમણુંક કરેલ હતી. જેની જાણ ડૉ. રીદ્ધિએ ડૉ. હિતેન્દ્ર શાહને કરેલ હતી.
- આજ રોજ ઓગસ્ટ-૨૦૨૫નો મંથલી ડેટા ડૉ. રીદ્ધિએ ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતો. જેમાં ૭૦૫૮ દર્દીઓએ મેડિકલ સેન્ટરમાં મુલાકાત લીધેલ હતી. કુલ ૩૩૩ ડાયાલિસિસ

થયેલ હતા.

**તા. ૫-૯-૨૦૨૫**

- ડાયાલિસિસમાં R.O. ની મોટર કામ ન કરતા ક્વોટેશન મંગાવીને બદલાવેલ હતી.

**તા. ૬-૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા. ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ત્રણ ઑપરેશન થયેલ હતા.

**તા. ૧૩-૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું અને ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

- તા. ૨૦-૮-૨૦૨૫થી તા. ૨૩-૮-૨૦૨૫ દરમિયાન સેન્ટર ઉપર એસેમ વર્કસ પ્રા.લિ. કંપનીનાં કુલ ૨૫ કર્મચારીઓનું રૂા. ૬૫૦/-નું ફૂલ બોડી ચેક-અપ કરવામાં આવ્યું અને તા. ૨૬-૮ના રોજ બધા કર્મચારીઓની ફાઈલ પણ કંપનીમાં આપવામાં આવી.

**તા. ૨૩-૮-૨૦૨૫**

- આજ રોજ તારા પેઈન્ટ્સ કંપનીની મુલાકાત લેવામાં આવી અને શ્રી જીજ્ઞેશભાઈ (HR) ને મળીને સેન્ટર વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી. કંપનીએ સેન્ટર સાથે તેમની કંપનીનાં કર્મચારીઓની મેડિકલ સારવાર સેન્ટર ઉપર કરાવવા માટે પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરી અને કંપનીનો ટાઈ-અપ લેટર લેવામાં આવ્યો.

**તા. ૨૫-૮-૨૦૨૫**

- આજ રોજ સન્ટર ઉપર હેમા રેમેડાઈઝ પ્રા.લિ. કંપનીના એક નવા કર્મચારીનું મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યું.

**તા. ૩૦-૮-૨૦૨૫**

- આજ રોજ સેન્ટર ઉપર કે.કે. કેટરર્સ કંપનીનાં કુલ ૧૨ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ કરવામાં આવેલ છે.

★

- તા. ૧-૯-૨૦૨૫થી તા. ૬-૯-૨૦૨૫ સુધીના દિવસમાં કુલ ૨૫ કંપનીઓમાં જઈને ઓગસ્ટ-૨૦૨૫ના પેશન્ટના બીલ આપવાનું કામ પૂરું કરવામાં આવ્યું.

**તા. ૪-૯-૨૦૨૫**

- આજ રોજ પાલડી ભવન ખાતે મુલાકાત લેવામાં આવી અને પેથોલોજી ડિપાર્ટમેન્ટનો સામાન સેન્ટર ઉપર પહોંચાડવામાં આવ્યો. ત્યારબાદ PNDT ડિપાર્ટમેન્ટ - લાલ દરવાજાની મુલાકાત લીધી અને એન્ટીનેટલ સોનોગ્રાફીનાં ફોર્મ જમા કરવાનું કામ પૂર્ણ કર્યું.

**તા. ૬-૯-૨૦૨૫**

- આજ રોજ મોરૈયા ગ્રામ પંચાયતની મુલાકાત લેવામાં આવી અને દુકાન નં.-૧ અને દુકાન નં.-૨ના પ્રોપર્ટી ટેક્ષના ચેક જમા કરાવેલ છે. (પરમકૃપા મેડિકલ સેન્ટર / પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન.)

**તા. ૧૧-૯-૨૦૨૫**

- આજ રોજ એમનિલ ફાર્માસ્યુટીકલ કંપનીમાંથી કુલ ૧૧ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ સ્ક્રિનિંગ સેન્ટર ઉપર કરવામાં આવ્યું.

**તા. ૧૫-૯-૨૦૨૫**

- આજ રોજ પાલડી ભવનથી ખુશ્બુબેન શાહે (HR) સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટર ચોવીસ કલાક માટે શરૂ થયા બાદ પેશન્ટ બાબતે ડૉ. કિશન માળીને મળ્યા તેમજ પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદી સાથે સેન્ટરનાં કામ બાબતે ચર્ચા કરી અને દરેક સ્ટાફ સાથે કામ બાબતે ચર્ચા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું.
- આજ રોજ કેમેક્સ વેલનેસ કંપનીમાંથી ત્રણ કર્મચારીનું મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યું.
- તા. ૧૫-૯-૨૦૨૫ સુધીમાં સેન્ટરની નજીકના વિસ્તાર જેવા કે મોરેયા, ચાંગોદર, નવાપુરા, મટોડા વગેરે દસ ગામમાં પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદીએ મુલાકાત લીધી અને બેનર લગાવવાનું કામ પૂરું કર્યું. ત્યારબાદ દરેક ગામનાં અગ્રણી તેમજ સરપંચને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપવામાં આવી. જેમાં ચોવીસ કલાક સારવાર અને દાખલ થવાની સુવિધા પણ છે તે બાબતની જાણકારી આપવામાં આવી. દરેક ગામ - દુકાનમાં જઈને ઘરે ઘરે પેમ્ફલેટનું વિતરણ કર્યું.

**(અનુસંધાન : જુઓ પાના નંબર – ૩૭ ઉપર)**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્વામિવાત્સલ્ય કાર્યક્રમની તસવીરી ઝલક

રવિવાર, તા. ૧૪-૦૯-૨૦૨૫ । ટાગોર હોલ, પાલડી, અમદાવાદ



સ્ટેજ પર બિરાજમાન હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ. (ડાબેથી) દેવેશ દંડ, હિરેન શાહ, રજનીકાંત પારેખ, પ્રતાપભાઈ દંડ, શાંતિભાઈ સાવલા, રૂપેશ સાવલા, વિમેશ શાહ અને વિશાલ શાહ




સભાને આવકારતા અને ઉદ્‌બોધન કરતા મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ



સર્વેને ક્ષમાપના કરાવતા ટ્રસ્ટી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર



સંસ્થાની પ્રવૃત્તિની માહિતી આપતા ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ



આભારવિધિ કરતા માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ



નવકાર કરતા પ્રિશા વિશાલ શાહ



ગણેશ વંદના - ભરત નાટ્યમ હેત મારૂ અને રીયા નાગડા



ડાન્સ - દર્શ દોશી


ગણેશ વંદના


ડાન્સ : રોની દોશી અને દર્શ દોશી


વેસ્ટર્ન ડાન્સ


ગરબો


Kids Dance


સ્કીટ


કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્ય પરિવારો


કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્ય પરિવારો

# સરસ્વતી સન્માન કાર્યક્રમ




સરસ્વતી સન્માનનું ઉદ્‌બોધન કરતા
સમિતિના કન્વીનર શ્રી મનીષ વીરા



સરસ્વતી સન્માનના દાતાઓ. (ડાબેથી) માતુશ્રી વિમળાબેન શાહ,
માતુશ્રી પ્રભાબેન સાવલા, શ્રીમતી શીતલબેન સાવલા,
માતુશ્રી રંજનબેન રાંભિયા, શ્રીમાન રસીકભાઈ મહેતા











# સરસ્વતી સન્માન કાર્યક્રમ























# સરસ્વતી સન્માન કાર્યક્રમ


















# ગીત સંગીતનો કાર્યક્રમ

































(ડાબેથી) તીર્થ સંઘવી, સુશાંત સાવલા, મનીષ ખોના, નિખખિલ ખોના, હેતવી સંઘવી, હેતલ દંડ, પ્રદીપ મહેતા, ગીતેશ છેડા, પોરસ ખોના અને પ્રિયેશ સંઘવી



બ્લડ ડોનેશન કેમ્પ



બ્લડ ડોનેશન કેમ્પ




બ્લડ ડોનેશન સમિતિના કન્વીનરશ્રી, સમિતિના સભ્યશ્રીઓ અને બ્લડ ડોનેશન કેમ્પ માટે આવેલ સેવાકીય ટીમ




મહિલા ઉત્કર્ષ સમિતિના સભ્યો




વૈયાવચ્ચ કાઉન્ટરની કામગીરી સંભાળતા કિન્નરીબેન અને કિરણભાઈ



વિદ્યાર્થીઓને ઇનામ વિતરણની કામગીરી



વિદ્યાર્થીઓને ઇનામ વિતરણની કામગીરી





'એકાંતવાસ' નાટિકાના દૃશ્યો



સાંસ્કૃતિક સમિતિના સભ્યો તથા કલાકારો

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમ



ડૉ. ચિત્રેશ મહેતાનું બહુમાન કરતાં (ડાબેથી) શ્રી મનીષ વીરા, શ્રી રજનીકાંત પારેખ, ડૉ. ચિત્રેશ મહેતા અને શ્રી પ્રતાપભાઈ દંડ



ડૉ. હિતેશ સોલંકીનું બહુમાન કરતા (ડાબેથી) શ્રી રમણિકલાલ ગોસર, ડૉ. હિતેશ સોલંકી, શ્રી દિલીપભાઈ દંડ અને શ્રી કે.ડી. શાહ



ડૉ. અનાઘા ઝોપેનું બહુમાન કરતા (ડાબેથી) શ્રીમતી સરલાબેન શાહ, શ્રીમતી મીનાક્ષી પારેખ, ડૉ. અનાઘા ઝોપે, શ્રીમતી વિમળાબેન શાહ અને શ્રીમતી દમયંતીબેન દંડ



શ્રીમતી પ્રભાબેન જયંતીલાલ દેઢિયાનું બહુમાન કરતા (ડાબેથી) શ્રીમતી લક્ષ્મીબેન વીરા, શ્રીમતી પ્રભાબેન દેઢિયા અને શ્રીમતી મીરાબેન દંડ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## દૈનિક ડાયરી

(અનુસંધાન : પાના નંબર – ૨૮ ઉપરથી ચાલુ)

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૬-૮-૨૦૨૫**

- આજથી જશોદાનગર સેન્ટર પર પલ્મોનોલોજિસ્ટ દ્વારા ફેફસાની કાર્યક્ષમતા ચકાસવા માટેનો ટેસ્ટ (PFT) શરૂ કરાયો.

**તા. ૨૮-૮-૨૦૨૫**

- આજ રોજ ડો. નુપૂર પટેલ (Breast Oncosurgeon) એ જશોદાનગરની મુલાકાત લીધી.

**તા. ૦૧-૦૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. હિતેન્દ્ર શાહને ઓગસ્ટ-૨૦૨૫નો મંથલી રીપોર્ટ આપ્યો. જેમાં કુલ ૨૫૭૨ દર્દીઓએ સેવાનો લાભ લીધો.
- આજ રોજ જશોદાનગર સેન્ટર પર સાયકિયાટ્રીસ્ટ (મનોચિકિત્સક)ની નવી ઓ.પી.ડી. શરૂ થઈ. સાઇકિયાટ્રીસ્ટ ડૉ. રોશની પટેલ દર સોમવારે સવારે ૧૦.૦૦થી ૧૧.૦૦ ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૦૨-૦૯-૨૦૨૫**

- આજ રોજ શ્રી ક.જૈ.સે.સ.ના સોશિયલ મીડિયા માર્કેટીંગ દ્વારા સોશિયલ મીડિયા મેનેજર ક્રિષ્નાએ જશોદાનગરના અલગ અલગ ડૉક્ટર્સને મળીને ઈન્સ્ટાગ્રામ પર મૂકવા માટે શોર્ટ રીલ તૈયાર કરી.

**તા. ૦૮-૦૯-૨૦૨૫**

- આજથી ઓર્થોપેડિક ડૉ. અભિષેક બાફનાની ઓ.પી.ડી. ફરીથી શરૂ કરવામાં આવી. ડૉ. અભિષેક પહેલાં સાંજે ૫.૦૦થી ૬.૩૦ ઓ.પી.ડી.માં આવતા હતા. હવેથી મંગળ – બુધ – શનિ સવારે ૧૧.૦૦થી ૧૨.૩૦ મળશે.

**તા. ૦૯-૦૯-૨૦૨૫**

- આજથી ડૉ. આકાશ શાહ નેફ્રોલોજિસ્ટની ઓ.પી.ડી. દર બુધવારે સવારે ૧૨.૦૦થી ૧.૦૦ શરૂ થઈ.
- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન થયું.
- આજ રોજ ફાયર ઓફિસર આશિષભાઈ મિશ્રા તથા ફાયરમેન ગઢવી સાહેબે જશોદાનગર સેન્ટરની વિઝીટ કરી. ફાયર સેફ્ટીના મશીનોની ચકાસણી કરી તથા ફેરફાર અંગે જરૂરી સૂચનો કર્યા.

**તા. ૧૨-૦૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન થયું.
- આજ રોજ વટવા જી.આઈ.ડી.સી. સામે આવેલ યુનિક પેટ્રોલ પંપ ઉપર રેડક્રોસ દ્વારા GES ડોનેશન કેમ્પ વટવા જી.આઈ.ડી.સી. એસો. દ્વારા રાખેલ હતો. જેમાં એડમિન સ્નેહલભાઈ ભાવસાર તથા સ્ટાફ ધ્રુવ પારેખ દ્વારા સવારથી સાંજ સુધી પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યા. જેમાં લોકોનો પ્રતિભાવ ખૂબ જ સારો મળ્યો.

**તા. ૧૩-૦૯-૨૦૨૫**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર તથા ગિરીશભાઈ પોલડિયાએ સેન્ટરની વિઝીટ કરી.

*પાણીથી નહાય તે કપડાં બદલી શકે છે,*
*પણ જે પરસેવે નહાય તે કિસ્મત બદલી શકે છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

**ઉડતી નજરે....** *માસ ઓગસ્ટ-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૪૫૨<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૩૮<br>● બોડી ચેક-અપ ........ ૨૨૦<br>● સોનોગ્રાફી ........ ૧,૦૩૯<br>● ટી.એમ.ટી. ........ ૩૩<br>● ઑપરેશન ........ ૫<br>● ઈકો ........ ૧૭૬<br>● અન્ય ........ ૬,૭૧૦ | ૮,૬૭૩ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૩૨૩<br>● સ્ત્રીઓ ........ ૧૬૭<br>● બાળકો ........ ૨૮<br>● કેન્ટીન ........ ૨,૯૬૦ | ૩,૪૭૮ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૭૭<br>● સ્ત્રીઓ ........ ૨૩<br>● બાળકો ........ ૦૧ | ૧૦૧ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૫૭ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૧,૨૧૯<br>● મ્યુઝિયમ ........ ૮૫૯<br>● કેન્ટીન ........ ૨,૮૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૨૯૪<br>● ડિસ્પેન્સરી ........ ૭૯ | ૫,૩૦૧ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૬૨૫ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ ........ ૧૯૩<br>● સોનોગ્રાફી ........ ૨૭૬<br>● ઑપરેશન ........ ૪<br>● માઈનોર ઓ.ટી. ........ ૫<br>● ફિઝિયોથેરાપી ........ ૧,૫૪૮<br>● અન્ય ........ ૫,૦૩૨ | ૭,૦૫૮ |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ................ | **૩૩૩** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ................<br>*જેમાંથી* – ● એક્સ-રે ........ **૧૮૪**<br>● સોનોગ્રાફી ........ **૫૧**<br>● બોડી ચેક-અપ ........ **૪૪૭**<br>● ઈકો ........ **૭**<br>● અન્ય ........ **૧,૯૨૨** | **૨,૬૧૧** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ................<br>*જેમાંથી* – ● એક્સ-રે ........ **૩૫૬**<br>● સોનોગ્રાફી ........ **૧૭૮**<br>● ફિઝિયોથેરાપી ........ **૬૩૬**<br>● ડેન્ટલ ........ **૧૯૬**<br>● બોડી ચેક-અપ ........ **૮૯**<br>● 2-D ઈકો ........ **૧૯**<br>● પેથોલોજી ........ **૨૮૮**<br>● ઈ.સી.જી. ........ **૫૪**<br>● ટી.એમ.ટી. ........ **૩૧**<br>● ઑપરેશન ........ **૨**<br>● અન્ય ........ **૭૨૩** | **૨,૫૭૧** |
| | *માસ ઓગસ્ટ – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* ................ | **૩૦,૯૦૯** |

***શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા** *સંચાલિત*

**"સક્ષમ કેરિયર કાઉન્સિલ સેન્ટર"**

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)

★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.

★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઈન્ટેલિજન્સ (Multiple Intelligence)

★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)

★ ઈમોશનલ ઈન્ટેલિજન્સ (Emotional Intelligence)

★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)

★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.

★ લાઈફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)

★ સ્ટ્રેસ પ્રોફાઈલિંગ (Stress Profiling)

★ બ્લોકેજ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*

*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

# આંજો કાગર

## 'મંગલ મંદિર' ચમકે છે

સપ્ટેમ્બર-૨૦૨૫ના 'મંગલ મંદિર'નું મુખપૃષ્ઠ પર્યુષણ પર્વને અનુરૂપ છે. કચ્છી જૈન સેવા સમાજની વિવિધ સંસ્થામાં જુલાઈ-૨૦૨૫માં વિવિધ સેવાઓનો લાભ લેનાર લાભાર્થીઓની કુલ સંખ્યા ૩૭૮૯૭ – જે સમાજની પ્રગતિની ઝલક દર્શાવે છે. છેલ્લા ત્રણ મહિનાના હકારાત્મક, પ્રગતિકારક તેમજ માહિતીપ્રદ સમાચારોને યોગ્ય સ્થાન અપાયું છે. અત્યારે ચારે તરફ નકારાત્મક સમાચારો સતત સાંભળવા તથા વાંચવા મળે છે તેવા સંજોગોમાં સ્થાનિક અને વિશ્વના પસંદ કરવામાં આવેલા સમાચારો વીણેલા મોતી સમાન છે. તંત્રીશ્રીએ એક સુંદર હકારાત્મક અભિગમ અપનાવેલ છે. 'અતીતના ઓવારેથી'માં ગુજરાત રાજ્યના તત્કાલીન ઉદ્યોગમંત્રી શ્રી અનિલ પટેલ તથા તત્કાલીન ઉદ્યોગ અગ્રસચિવની મુલાકાતમાં કચ્છમાં ઉદ્યોગના વિકાસની તકો, કચ્છમાંથી નીકળતા મિનરલ, માંડવી બંદરની વિકાસની તકો જેવી જાણકારી ફ્લેશબેક સ્વરૂપે પ્રાપ્ત થઈ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૈનિક ડાયરી દ્વારા વિવિધ સેવા કેન્દ્રોમાં ચાલતી પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રાપ્ત થાય છે. આ કેન્દ્રો પર ફરજ બજાવતા ડૉક્ટરોની કામગીરીથી વાકેફ થવાય છે. ચૌલા કુરૂવાની 'દેશ-વિદેશ' કોલમમાં દેશ-વિદેશના ૨૭ સમાચારોની વિવિધતા એક ન્યુઝ બુલેટીન કહી શકાય. રસીક ખીમજી મહેતા દ્વારા જ્ઞાન-વિજ્ઞાન લેખમાળા સુંદર જ્ઞાનનો ખજાનો છે. પપુઆ ન્યુગીનીના દેશમાં જુદી જુદી ૮૦૦ ભાષાઓ બોલાય છે તથા બોરિયલ ફોરેસ્ટમાં રંગ બદલતા સસલા જોવા મળે છે – જેવી અચરજ પમાય તેવી જાણકારી પ્રાપ્ત થાય છે.

પ્રતિભાવ વિભાગમાં વિવિધ ડાયાલિસિસ સેન્ટર ખાતે સારવાર લેનાર વ્યક્તિઓના અભિપ્રાય સંસ્થા તથા તેના કર્મચારીઓ – બંનેનું ગૌરવ વધારે છે. અન્ય સંસ્થાા સમાચારો પણ જાણવા યોગ્ય હોય છે. સ્વાધીનતા સંગ્રામના શૂરવીરોમાં તાત્યા ટોપેની કથા રોમાંચક છે. ડૉ. કુમારપાળ દેસાઈનો સાચા દિલની ક્ષમા લેખ પ્રસંગોચિત તથા હૃદયસ્પર્શી છે. સેવા પ્રવૃત્તિઓના વટવૃક્ષમાં કુલીનકાંત લુઠિયાની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ – તેઓને જોડાયેલા જોઈ પૃથ્વી પર એક ફરીશ્તા તરીકે જન્મ લીધો હોય તેમ લાગે છે. આપણો દેશ આવા સંસ્કાર અને સંસ્કૃતિથી ટકી રહ્યો છે. ડાયરેક્ટ માર્કેટીંગ કંપનીઓની માયાજાળ લેખમાં ચૌલા કુરૂવા દ્વારા ભય સ્થાનોને સારી રીતે ઉજાગર કરી લાલબત્તી ધરી છે. તીર્થ દર્શન શ્રેણીમાં શ્રી સમેતશિખર તથા શ્રી પાવાપુરી તીર્થ જેવા મહાન તીર્થોની ગાથા રજૂ થયેલ છે, જે આ તીર્થોનું કેટલું મહત્ત્વ છે તે દર્શાવે છે. નરેશ અંતાણી પ્રસ્તુત દરિયાઈ ઈતિહાસમાં 'વીટા અકસ્માત' એક દારૂણ ઐતિહાસિક ઘટના છે. ૩૮ પેસેન્જરોના જાન જોખમમાં આવી પડવા, ત્યારબાદ ઈબ્રાહીમ ટંડેલ દ્વારા જાનના જોખમે ૩૨ વ્યક્તિઓના જીવ બચાવવા એક બહાદુરીભર્યું પગલું હતું. આવી દિલધડક કથા વાંચવી જ રહી. અંકમાં પ્રકાશિત તસવીરો આકર્ષક હોય છે. ***શ્રાવણ માસમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે સૂર્ય કિરણોના તેજ લીસોટા ચમકે છે તેમ મંગલ મંદિર વિવિધ વિષયોના વાદળો વચ્ચે ચમકે છે.***

***અશોક વી. શાહ - ગાંધીનગર***
***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

★

'મંગલ મંદિર'નો સપ્ટેમ્બર મહિનાનો આંક વિશિષ્ટ અને વૈવિધ્યસભર છે. કેવળ હકારાત્મક્તાનો ભારપૂર્વક સંદેશો આપતો તંત્રીલેખ અને એની પૂર્તતા માટે ૧ મે ૨૦૨૫થી ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીની લાંબી સમય પગથારને આવરી લેતી હકારાત્મક ઘટનાઓની ચારણી-સારણી જેવી સૂક્ષ્મ તારવણી. ધન્યવાદ... ધન્યવાદ...

અગાઉના વર્ષોમાં ગુજરાતી અખબારી વિશ્વની એક પરંપરા હતી કે દીપોત્સવ પહેલાં ૪ થી ૭ દિવસ સુધી ચચ્ચાર પાનામાં અલગ અલગ વિષયો પર આવી રીતે વિશિષ્ટ ઘટના નોંધ - દૈનંદિની પ્રકાશિત કરતા. સૌ એનું રસપૂર્વક વાંચન-સંગ્રહ કરતા. હજુય આ પરંપરા છે. પણ મુદ્રણ ક્ષેત્રે નવી ટેકનો-નવોન્મેશથી એની રજૂઆત સચિત્ર થવા સાથે દિવસોની દૃષ્ટિએ અને વિષય વૈવિધ્યની રીતે સંકોચાઈ ગઈ છે. એ રીતે 'મંગલ મંદિર'ની સંપાદકીય કવાયત ધન્યવાદ... ધન્યવાદની અધિકારી છે.

શ્રી પ્રવીણભાઈ લહેરી, રિશી ત્રિવેદી, ડૉ. મિહિર વોરા, પ્રા. સૂર્યકાંત ભટ્ટ, પ્રા. પ્રવીણભાઈ ઠક્કર, મનીષ જોશીના અભ્યાસુ અને માહિતીસભર લેખો પણ આવકાર્ય છે અને વિશેષરૂપે તો જગદીશચંદ્ર છાયા અને ભાઈ નરેશ અંતાણીના લેખો માટે એ બંને લેખકો તેમજ સંપાદકશ્રીને અભિનંદન ઘટે છે.

સાવ સાચું કહું તો એકી બેઠકમાં આ અંક માણ્યો. પુનઃ ધન્યવાદ... ધન્યવાદ... ધન્યવાદ...

***જગદીશ રવિલાલ શાહ - વડોદરા***

# પ્રતિભાવ

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે મારા પિતાજીના ડાયાલિસિસનું PMJAY અંતર્ગત જે કાર્ય થઈ રહ્યું છે તે ખૂબ સરસ છે. ભવન ખાતેના સ્ટાફના વાણી, વર્તન અને સ્વભાવ ખૂબ સરસ છે. ડાયાલિસિસમાં જે રૂા. ૩૦૦/- મળે છે તે સમયસર અમારા ખાતામાં જમા થઈ જાય છે. આ બાબતે અમારા તરફથી કોઈ ફરિયાદ નથી કે અમને કોઈ તકલીફ પડતી નથી.

*અમિત મથુરભાઈ પટેલ – અમદાવાદ*
*મો. ૯૪૨૬૧ ૫૦૦૦૩*

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે મારા માતાશ્રીનું આયુષ્માન કાર્ડ પર ડાયાલિસિસ કરવામાં આવે છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો સ્ટાફ તેમજ ડાયાલિસિસનો સ્ટાફ ખૂબ જ સારો છે. અમને અહીં ચા ની પણ વ્યવસ્થા મળી રહે છે. કેન્ટીનની સુવિધા પણ સ્વચ્છ અને સારી છે. આ અંતર્ગત અમને અહીં ડાયાલિસિસના પૈસા પણ મળે છે. અહિયા ડાયાલિસિસમાં અમને કોઈપણ જાતની તકલીફ પડતી નથી.

*ફાલ્ગુની મકવાણા - રખિયાલ, અમદાવાદ*

★ **हम लोग इंदोर से आए एवं तीन दिन आपके विश्राम गृह में रहे । काफी अच्छी व्यवस्था थी । रहना, खाना सभी एवं समस्त स्टाफ का व्यवहार बहुत अच्छा था ।**

**हमारी शुभकामनाएं हैं ।**

*मुकेश राठोड - इंदोर (मो. ७८९८५ १०५१३)*

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રહેવાની તથા જમવાની વ્યવસ્થા ખૂબ સારી છે. અમારા કોટી કોટી નમન – દાતાશ્રીઓને જેમના યોગદાનથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ બનેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન, જેમને આવા સારા કામ કરવાના સંસ્કાર મળેલ તેમના વડીલોને કોટી કોટી વંદન. ભવનની સ્વચ્છતા તથા કર્મચારીઓનો સ્વભાવ સારો છે. ભવનને ચાર ચાંદ લગાવતા કચ્છી સંસ્કૃતિ મ્યુઝીયમને જોઈને સેંકડો વર્ષની યાદ તાજી થઈ ગઈ.

ખૂબ ખૂબ વંદન શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - અમદાવાદ...

*રાણાજી સુરાભાઈ કારાણી - ભચાઉ, કચ્છ*

★ I am very glad to be here. It is home away from home. All staff is very nice and helping. Here they are serving to society. I don't have words to describe my happiness. You all are working selfless 24 Hours – 365 Days for our Jain Samaj and Society. Thank You!

***Advocate Chintan Jain - Mumbai***

★ Very happy to stay here. It feels like home. Whenever we visit to Ahmedabad, we always stay here without any thought. We feel safe and comfortable. Thank you for your service and hospitality. We came from Mandvi (Kutch). We had come for hospital treatment and this is the best place to stay.

***Shailesh Giri - Mandvi, Kutch***
***M. 97266 81722***

★ I stayed here alongwith my family for 2 days. It is very peaceful and comfortable stay. Also, it is very neat & clean.

***Amalendu Das - Kolkata***
***M. 91636 33740***

★

### *Appreciation for your Proactive Support*

I would like to express my gratitude for your assistance with my booking cancellation. Although the process took a couple of days, I truly appreciate the way Mr. Hiren Shah proactively noticed the matter through mail and immediately took the initiative to contact me. He ensured that the cancellation and refund were handled smoothly and very quickly.

This kind of proactive and professional service builds great trust and confidence. My appreciation to Mr. Hiren Shah and the entire Paldi team for the excellent support. Thanks.

***Dipen Dedhia - Mumbai***

★

### *Appreciation for my stay at KJSS*

I would like to express my sincere gratitude for the warm hospitality extended to me during my stay at KJSS.

What I truly liked was the comfortable and well-maintained accomodation along with the peaceful environment, which made the experience very pleasant.

I especially appreciated the cleanliness, safety and organized facilities, which made my stay both convenient and memorable.

Thank you once again for providing such a great stay. I look forward to visiting KJSS again in the future.

***Nirav Mukesh Lapasiya (Bhavnagar - Naliya)***

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## વિશ્વની પ્રગતિનું મોટું પરિબળ : પૈડાં અને ધરી

રોજિંદા જીવનમાં સાણસી, ચીપિયા, કાતર, પક્કડ વગેરે અનેક સાધનો ઉપયોગમાં આવે છે. વિજ્ઞાનની દૃષ્ટિએ આ સાધનો સાદા યંત્રો કહેવાય છે. આ યંત્રોથી આપણા અનેક કામ સરળ બન્યા છે અને ઉદ્યોગના વિકાસમાં પણ ઝડપ અને સરળતા આવી છે. પૈડું અને ધરી – આ સાધનોમાં અગ્રણી છે. ચક્રાકાર ફરતી વસ્તુઓના ઉપયોગ આપણે જાણીએ જ છીએ. વાહનો, મેળાની રાઈડ્સ, ઘડિયાળ, ઘણાં રમકડાં અને કમ્પ્યુટરમાં પણ ચક્રાકાર ગતિનો ભરપૂર ઉપયોગ જોવા મળે છે. ચક્રની ગતિથી જ જગત ગતિશીલ બન્યું છે તેવું લાગે. પૈડાં અને ધરીની ઘણી વાતો જાણવા જેવી છે.

પૈડાં અને ધરીનું જોડાણ બે રીતે થાય છે. એક તો પૈડું ધરીથી મુક્ત રહીને ધરી પર ફરે છે. અને બીજું ધરી સાથે જોડાઈને ધરી સાથે જ ફરે. પંખા, વાહનોના આગળના વ્હીલ ધરીથી મુક્ત રીતે ફરતા હોય છે. તેમાં ઘર્ષણ નિવારવા બોલબેરિંગ નાંખવા પડે છે. સાઈકલના પૈડાં ધરીની સાથે જ ફરતા હોય છે. દરેક વાહનોમાં હેતુ પ્રમાણે ધરી અને પૈડાંની રચના હોય છે. ઘડિયાળ જેવા યંત્રોમાં અનેક દાંતાવાળા ચક્રો એકબીજાને ફેરવતા હોય છે. આ ચક્રો ધરીથી મુક્ત હોય છે. કેટલીક ધરીમાં જ દાંતા હોય છે. તે બીજા ચક્રને ફેરવી પૈડાંને જમીનને સમાંતર રાખી નિયમિત ગતિ રાખવામાં મદદરૂપ થાય છે.

## આંધ્ર પ્રદેશની પાતાળગંગા બેલુમ ગુફાઓ

આંધ્ર પ્રદેશમાં આવેલી બેલુનની કુદરતી ગુફા ભારતની સૌથી લાંબી ગુફા છે. જમીનના પેટાળમાં વહેતા પાણીથી ખડક કોતરાઈને બનેલી આ ગુફા ૩૨૨૯ મીટર લાંબી છે. ગુફાના સાંકડા રસ્તા અને તાજા પાણીના કુંડ છે. ગુફા કાળા ચૂનાના પથ્થરોની બનેલી છે. ગુફાનું સૌથી વધુ ઊંડાણ ૧૫૦ ફૂટ છે. આ સ્થળને પાતાળગંગા કહે છે. ઈ.સ. ૧૮૮માં આ ગુફાઓની શોધ થઈ હતી.

બેલુમમાં ઘણી જોવાલાયક રચનાઓ છે. સાંકડું સિંહના મોં ના આકારનું બિલ્લીદ્વાર છે. શિવલિંગ આકારના સ્થંભ, જમીનમાં અદૃશ્ય થઇ જતું ઝરણું પાતાળગંગા, એક ગુફામાં તો લાકડી પછાડીએ તો સાત સૂરોના અવાજ સંભળાય છે. તેને સાત સ્વરા ગુફા કહે છે. ગુફાના પ્રવેશદ્વાર નજીક ધ્યાન મંદિર છે. જેમાં બૌદ્ધ સાધુઓ રહેતા હોવાનું મનાય છે. બેંગ્લોરથી ૩૦૦ કિ.મી.ના અંતરે આવેલી આ ગુફાઓ જોવા જેવી છે.

## ગરમી વિશે જાણવા જેવું

ગ્લોબલ વોર્મિંગને કારણે પૃથ્વી પરનું તાપમાન વધી રહ્યું છે. ઉનાળો, એ ગરમીની સીઝન છે. હવે ઉનાળામાં ગરમીનું પ્રમાણ વધતું જાય છે. આપણે સમાચારમાં વિવિધ વિસ્તારના તાપમાનના સમાચાર જોઈએ છીએ. આ ગરમી અને ઉષ્ણતામાનનું વિજ્ઞાન અનોખું છે.

તાપમાન એટલે ટેમ્પરેચર અને ગરમી કે હીટ – એ બે અલગ વસ્તુ છે. ઊંચું તાપમાન અને હીટવેવ – આ બંને પણ વિજ્ઞાનની ભાષામાં જુદા છે. ૪૦ ડિગ્રી તાપમાન હોય તેને પ્રચંડ ગરમી કહેવાય પણ તેને હીટવેવ કહેવાય નહીં. વિજ્ઞાનીઓના નિયમો અનુસાર તાપમાનમાં એકાએક આઠ ડિગ્રીનો વધારો થાય તે સ્થિતિને હીટવેવ કહેવાય.

ઉનાળામાં જમીન પર એક ચોરસ સેન્ટીમીટર વિસ્તારમાં વર્ષે બે લાખ કેલરી ગરમી વરસે છે.

સામાન્ય રીતે વ્યવહારમાં આપણે ગરમી અને ઠંડી – એમ બે શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. આ શબ્દો અનુભવ અને હેતુ આધારિત છે. વિજ્ઞાનીઓ ઠંડીને નીચા તાપમાન તરીકે જ ઓળખે. ગરમીના પ્રમાણને ટેમ્પરેચર નામ અપાયું છે. તેના મુખ્ય ત્રણ પ્રમાણ છે : કેલ્વિન, ફેરનહીટ અને સેલ્સિયસ. સામાન્ય રીતે વ્યવહારમાં ગરમીનું માપ સેલ્સિયસ ડિગ્રીમાં માપવામાં આવે છે. કેટલાક દેશોમાં ફેરનહીટ પ્રચલિત છે. કેલ્વિન ડિગ્રી વિજ્ઞાન પ્રયોગોમાં ઉપયોગી છે. માઈનસ ૨૭૩.૫ સેલ્સિયસ ડિગ્રીએ કેલ્વિનનું માપ શૂન્યથી શરૂ થાય છે. ગરમી, એ શક્તિ છે. તેના જથ્થાને કેલરી કહે છે. એક સરખી ગરમી આપવાથી જુદી જુદી ચીજોનું તાપમાન જુદું જુદું હોઈ શકે છે.

## કેમિસ્ટ્રીમાં સાદો અને સરળ ટેસ્ટ : 'લિટમસ'

ઘણી વખત વ્યવહારમાં અઘરી કસોટીને 'લિટમસ ટેસ્ટ'

કહેવાનો રીવાજ છે. લિટમસ ટેસ્ટ ખરેખર તો કેમિસ્ટ્રીમાં કોઈપણ પદાર્થ એસિડીક છે કે કેમ તે જાણવા માટેની સૌથી જૂની અને સરળ ટેસ્ટ છે. ૧૩મી સદીમાં સ્પેનના એમેલ્ડ્સ ડી. વિલાનોવા નામના વિજ્ઞાનીએ પ્રથમવાર લિટમસ ટેસ્ટ કરેલો. લિટમસ પેપર નેધરલેન્ડમાં થતા લિશત્સ નામના છોડના રેસામાંથી બને છે. આ છોડના રેસામાં ઘણા બધા રંગો હોય છે.

ભૂરા લિટમસ પેપરને એસિડીક પ્રવાહીમાં બોળતાં લાલ થઈ જાય છે અને લાલ લિટમસને બોળતાં તે ભૂરો થઈ જાય છે. કોઈપણ પ્રવાહીમાં લિટમસ પેપર બોળીને તે એસિડીક છે કે આલ્કલી, તે તરત જ જાણવા મળે છે. કેમેસ્ટ્રીમાં પ્રવાહી એસિડીક છે કે આલ્કલી, તે મહત્ત્વપૂર્ણ છે. એટલે આ ટેસ્ટ આજે પણ વ્યાપક રીતે ઉપયોગી થાય છે. હવે તો ઘણા બધા છોડના રસમાં લિટમસ જેવા ગુણ હોવાનું જાણવા મળ્યું છે. લાલ કોબીજના રસામાંથી પણ લિટમસ પેપર બનાવી શકાય છે. પીવાના પાણીમાં એસિડીક દ્રવ્યો છે કે કેમ તે જાણવા પણ લિટમસ ટેસ્ટ થાય છે.

## ખોરાક ચાવીને કેમ ખાવો પડે?

તંદુરસ્ત રહેવા માટે એક કહેવત છે : "દૂધ ચાવીને ખાવ અને અનાજ ચાવીને પીઓ." આપણું મોં ખોરાકનું પ્રવેશદ્વાર છે. ખોરાક રોજિંદી શક્તિ મેળવવા અને શરીરનો વિકાસ કરવા લેવો પડે છે. તેમાં સ્વાદની ભૂમિકા મહત્ત્વની છે. ખોરાકનું પાચન મોંમાં જ શરૂ થાય છે. મોં માં ઉત્પન્ન થતી લાળ ખોરાકના પાચનમાં ઉપયોગી છે. લાભમાં ટાયલીન નામનું દ્રવ્ય છે જે ખોરાકમાંથી સાકરને ગ્લુકોઝમાં ફેરવે છે. દૂધ ધીમે ધીમ મોં માં વધુ સમય રહે તો લાળ સારી રીતે ભળે અને તેનું સારી રીતે પાચન થાય. ઘન ખોરાકને લાળમાં ભેળવવા ચાવીને સહેલાઈથી ગળે ઉતરે તેવો બનાવવો જરૂરી છે. દરેક સસ્તન પ્રાણીઓ ખોરાકને ચાવીને જ ખાય છે. ખોરાક વધુ ચાવવાથી સ્વાદિષ્ટ લાગે છે. સ્વાદ વધુ લાળ પેદા કરવાનું પરિબળ છે.

## અંધકારમાં દૃષ્ટિ : નાઇટ વિઝન ડિવાઈસ

રાત્રિના અંધાકરમાં આપણને કશું ના દેખાય. જો કે બિલાડી જેવા કેટલાક પ્રાણીઓ અંધકારમાં પણ જોઈ શકે છે. વિજ્ઞાનીઓએ અંધકારમાં જોઈ શકાય તેવું સાધન વિકસાવ્યું છે. તેને નાઈટ વિઝન ડિવાઈસ કહે છે. આ સાધન સીમા પર તૈનાત જવાનોને બહુ ઉપયોગી છે. આધુનિક નાઈટ વિઝન ડિવાઈસ સામાન્ય ચશ્માં નહીં પણ ઘણા બધા ભાગ ધરાવતું કેમેરા જેવું મોટું સાધન છે. તે આંખો પર પહેરવાનું હોય છે. આ સાધનથી ૨૦૦ મીટર દૂર સુધીની વસ્તુઓ અંધકારમાં હોય તો પણ નજરે પડે છે. આ સાધનમાં બે ટેકનોલોજી છે. માણસ કે પ્રાણીઓના શરીરમાંથી ગરમીના તરંગો છૂટતા હોય છે. અંધકારમાં ઊભેલા માણસ કે પ્રાણીના શરીરમાંથી વહેતા ગરમીના તરંગો ઈન્ફ્રા રેડ કિરણોના હોય છે. આ સાધન ઈન્ફ્રા રેડ કિરણોને જોઈ શકે તેવું છે. તેને થર્મલ ઈમેજિંગ કહે છે. તેમાં લીલા રંગની ઈમેજ ઉપસે છે. નાઈટ વિઝનનો મુખ્ય ભાગ તેની ઈમેજ ઇન્ટેસીફાયર ટ્યુબ છે. પ્રકાશના ફોટોના કણોને તે ઈલેક્ટ્રોનમાં ફેરવે છે અને ટ્યુબમાં રહેલા ફોસ્ફોરના કણોથી ઈમેજ બને છે. આ સાધન બેટરી દ્વારા ચાલે છે. નાઈટ વિઝનનો મુખ્ય લેન્સ ઈન્ફ્રારેડ કિરણોને એકત્રિત કરી ટ્યુબમાં મોકલે છે. જેમાં લીલા રંગની ઈમેજ જોવા મળે છે. આ ઈમેજ સીધી આંખ વડે અથવા તો કમ્પ્યુટરના મોનિટર ઉપર ટ્રાન્સફર કરીને પણ જોઈ શકાય છે. નાઈટ વિઝનની શોધ ૪૦ વર્ષ અગાઉ થઈ હતી. તેમાં સુધારા વધારા થઈ આજે વીડિયો કેમેરા કદના નાઈટ વિઝન વિકસ્યા છે. તેનાથી અંધારામાં જોઈ શકાય છે અને તસવીરો પણ પાડી શકાય છે.

## શક્તિ વધારવાનું મિકેનિઝમ : દાંતાવાળા ચક્રો

વાહન પહેલા કે બીજા ગીયરમાં ચાલે છે તે આપણે જાણીએ છીએ. આ ગીયર એટલે શું? ગીયર એટલે દાંતાવાળું ચક્ર. દાંતાવાળા બે ચક્ર નજીક તેના દાંતા એકબીજામાં ફીટ થાય તેમ ગોઠવીને એક ચક્ર ફરે તો તેના ધક્કાથી બીજું ચક્ર પણ ફરે. આ સામાન્ય વાત છે પણ તેનો ફાયદો બહુ મોટો છે. મજાની વાત એ છે કે મોટા અને વધુ દાંતાવાળા ચક્ર પાસે નાનું અને ઓછા દાંતાવાળું ચક્ર ગોઠવાય ત્યારે મોટું ચક્ર એક આંટો ફરે ત્યારે નાનું ચક્ર બે થી ત્રણ આંટા ફરી જાય. દાંતાની સંખ્યાની ગણતરી કરીને વિવિધ પરિણામો મેળવી શકાય. ઘડિયાળના ત્રણે કાંટા દાંતાવાળા ચક્રોની વિવિધ ગતિથી ચાલે છે. વાહનોમાં શક્તિ વધારવા દાંતાવાળા ચક્ર વપરાય છે.

સાઈકલમાં પેડલનું મોટું વ્હીલ પગની શક્તિથી ફરે. પેડલ એક આંટો ફરે ત્યારે નાનું વ્હીલ બે થી ત્રણ આંટા ફરે. એટલે સાઈકલ ઝડપથી ચાલે. વધુ વજન ઊંચકતી ક્રેનમાં દાંતાવાળા ચક્રોની ગોઠવણીથી એક જ વ્યક્તિ સાંકળ ખેંચીને હજારો કિલો વચન ઊંચકી શકે. ગીયર ગતિની દિશા બદલવામાં પણ કામકરે છે. સીડી પ્લેયરમાં ચક્રાકાર ફરવા ઉપરાંત તે સીડીને અંદર કે બહાર ધકેલી શકે છે.

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૮૫


### શ્રી પાટલીપુત્ર તીર્થ
### (શ્રી વિશાલનાથ ભગવાન)



ગંગા નદીને કિનારે આવેલા બિહારના પાટનગર પટણા શહેરની વચ્ચે બાડેકી ગલીમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી વિશાલનાથ સ્વામીની શ્વેત વર્ણની લગભગ ૬૦ મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. પ્રાચીન સમયમાં આ નગર કુસુમપુર, પુષ્પપુર વગેરે નામથી જાણીતું હતું. શ્રેણિક રાજાના પૌત્ર ઉદયને વિ.સ. પૂર્વે ૪૪૪ની આસપાસ આ શહેર વસાવ્યું એવો ઉલ્લેખ મળે છે. જૈન ધર્મના અનુયાયી ઉદયને અહીં જિનમંદિર પણ બંધાવ્યું અને એના પછી ગાદી પર આવેલા મહાપદાનંદ રાજાના સમયમાં જૈન ધર્મનો ઘણો પ્રભાવ અને પ્રસાર થયો. રાજા મહાપદમાનંદનના સમયમાં અંતિમ કેવળી શ્રી જંબુસ્વામીના શિષ્ય શ્રી યશોભદ્રસૂરિશ્વરજી મ.નો અહીં જન્મ થયો. તેમના શિષ્ય શ્રી સંભૂતિવિજય અને શ્રી ભદ્રબાહુસ્વામી જૈન શ્રમણ સંઘના નેતા બન્યા હતા. તેઓનો જન્મ અહીં થયો હતો. આ જ શ્રી સંભૂતિવિજયજી પાસે કોશા નર્તકીને ત્યાં રહેતા શ્રી સ્થૂલિભદ્રજીએ દીક્ષા લીધી હતી. આર્ય શ્રી સ્થૂલિભદ્રસૂરિએ જૈન સંઘને એકઠો કરી આગમોની વાચના એકત્રિત કરી ૧૧ અંગ વ્યવસ્થિત કર્યા હતા. આથી આ વાચના જૈન સાહિત્યમાં પહેલી 'પાટલીપુત્ર વાચના' તરીકે પ્રસિદ્ધ છે. ઈ.સ. પૂર્વે ૩૧૧માં શ્રી સ્થૂલિભદ્રસૂરિ પાટલીપુત્રમાં સ્વર્ગસ્થ થયા. તેમનું સ્મારક પટણાના ગુલજાર બાગમાં છે. આ પછી સમ્રાટ સંપ્રતિ પ્રતિબોધક સુહસ્તિસૂરિજી, આ.શ્રી વજસ્વામી, શ્રી આર્યરક્ષિતસૂરિ, આ.શ્રી ઉમા સ્વામી, શ્રી પાદલિપ્તસૂરિ વગેરે અનેક પ્રકાંડ આચાર્યગણોએ અહીં ધર્મ પ્રભાવનાનાં અનેક કાર્યો કર્યા. શેઠ સુદર્શનનું સ્મારક પણ અહીં જોવા મળે છે. જૈન રાજા ઉદયને આ નગરની સ્થાપના કરી હતી અને એ પછી ૭મી સદી સુધી જૈનોની અહીં ખૂબ જ જાહોજલાલી હતી.

## તીર્થ દર્શન-૮૬

### શ્રી ચંપાપુરી તીર્થ
### (શ્રી વાસુપૂજ્ય ભગવાન)



ભાગલપુર સ્ટેશનની નજીક ગંગા નદીને કિનારે ચંપાનાળા પાસે આવેલા આ સ્થળને ચંપાનગર (ચંપાપુરી) કહે છે. અહીં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૪૫ સે.મી. ઊંચી પ્રતિમા મળે છે. આ મંદિરમાં ચાર પાષાણની અને તેર ધાતુઓની મૂર્તિ છે. વિ.સં. ૧૮૫૬માં આ મંદિરનો જીર્ણોધ્ધાર થયો હતો. વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ – એમ પાંચેય કલ્યાણકોની આ પાવન ભૂમિ છે. બધા તીર્થોમાં એ એક જ તીર્થ એવું છે કે જ્યાં તીર્થંકર પરમાત્માનાં પાંચેય કલ્યાણકો એક સાથે થયા હોય. ભગવાન શ્રી આદિનાથે દેશને બાવન જનપદોમાં વિભાજિત કર્યા ત્યારે તેમાં એક અંગ જનપદ પણ હતું અને એની રાજધાની ચંપા હતી. એક સમયે આ નગરનો ઘણો વિસ્તાર હતો અને અત્યંત વૈભવ સંપન્ન હતું. શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન આ ભૂમિમાં વિચરી ચૂક્યા હતા. પ્રભુ મહાવીરના પટ્ટધર શ્રી સુધર્માસ્વામી અને શ્રી જંબુસ્વામીએ પણ અહીં પદાર્પણ કર્યા હતા. ભગવાન મહાવીરે ત્રીજો અને બારમો ચાતુર્માસ આ નગરીમાં કર્યો હતો. શ્રી મહાવીરના પરમભક્ત શ્રાવક કામદેવ, શ્રી સુદર્શન શેઠ, મહારાજા શ્રીપાલ અને સતી ચંદનબાળાની આ જન્મભૂમિ છે. એ ઉપરાંત અહીં અનેક શૂરવીર જૈન રાજાઓ અને શ્રેષ્ઠીઓ થઈ ગયા. નગરી એટલી પ્રાચીન અને પ્રભાવશાળી હોવા છતાં જીર્ણોધ્ધારને કારણે કે અન્ય કારણે એટલી પ્રાચીન કલા જોવા મળતી નથી. અહીં મૂળનાયકજીના દેરાસર સાથે વાસુપૂજ્ય સ્વામીના પાંચ કલ્યાણકોનાં મંદિરો પણ આવેલાં છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો 30

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ**

(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

**● આ અંકના સવાલો ●**

૧. કચ્છના બંદરો પર સ્ટીમરનું આવાગમન ઇ.સ. ________ પછી શરૂ થયું. (૧૯૬૦, ૧૯૭૫, ૧૮૯૪)

૨. ________ ની શોધ થઈ ના હોત તો જંગલો સાફ થઈ ગયા હોત...
(સિંચાઇ પદ્ધતિ, ટપક પદ્ધતિ, પ્લાસ્ટિક)

૩. ભુજિયા ડુંગરમાં ________ ની રચના કરવામાં આવી.(મ્યુઝીયમ, સ્મૃતિ વન, જળ સંયત્ર)

૪. ________ ભાવિ તીર્થંકર (આગામી ચોવીસીમાં) થવાના છે.
(પુણિયો શ્રાવક, શ્રેણિક મહારાજા, શાલીભદ્ર)

૫. સર્વ પ્રથમ ગુજરાતી ફિલ્મ સાપ્તાહિક "ચિત્રપટ" શરૂ કરનાર ________ હતા.
(અમૃતલાલ શેઠ, નગીનદાસ શાહ, પ્રો. કે.ટી. શાહ)

૬. ગુજરાતનો ________ મો સ્થાપના દિવસ તા. ૧-૫-૨૦૨૫ના રોજ હતો. (૬૬, ૭૨, ૬૧)

૭. 'ભારત છોડો' સૂત્ર કચ્છી સપૂત ________ એ આપેલ હતું.
(ડૉ. મહિપતરાય મહેતા, યુસુફ મહેરઅલી, પ્રેમજીભાઈ ઠક્કર)

૮. અંબાજી સમુદ્રતટથી ________ મીટરની ઊંચાઈએ આવેલું છે. (૪૮૦, ૪૯૨, ૪૩૨)

૯. ________ એ જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વિદેશમાં વ્યાખ્યાનો (શિકાગો - વિશ્વધર્મ પરિષદમાં) આપ્યા છે. (સ્વામી વિવેકાનંદ, વીરચંદ રાઘવજી ગાંધી, જયભિખ્ખુ)

૧૦. ઈલેક્ટ્રીક કાર કેવી રીતે ચાલે છે.... લેખમાળાના લેખક છે : ________
(ડૉ. આશિષ ચોક્સી, રસિકલાલ ખીમજીભાઈ મહેતા, પ્રો. પ્રવીણચંદ્ર ઠક્કર)

## • મણકા—૨૯ ના સવાલોના સાચા જવાબો •

૧. **ગોતી લો** ફિલ્મ ત્રણે પેઢીને સાંકળે છે.

૨. શ્રી કચ્છી જૈન ભવનને **૧૦** વર્ષ પૂર્ણ થાય છે. ★ 'મંગલ મંદિર'ને **૫૦** વર્ષ પૂર્ણ થાય છે.
શ્રી કચ્છી વિશ્રામ ગૃહને **૫** વર્ષ પૂર્ણ થાય છે.

૩. **શાંતિલાલ સાવલા**ને શાસન ગૌરવ ઍવોર્ડ આપવામાં આવ્યો. આ વ્યક્તિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **ઉપપ્રમુખ** પદે બિરાજે છે.

૪. આપણા સમાજના સભ્ય **શ્રી કાંતિલાલ પૂજ** હાઈકોર્ટના પૂર્વ જસ્ટીસ હતા.

૫. જૂન માસ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો કુલ **૩૪૭૬૯** વ્યક્તિઓએ લાભ લીધો હતો.

૬. જશોદાનગર મેડિકલ સેન્ટરને તા. **૧-૭-૨૦૨૫** ના રોજ એક વર્ષ પૂર્ણ થયું.

૭. પર્યાવરણને સૌથી વધુ ઉપયોગી વસ્તુ **વાંસ** છે.

૮. નવા વિચારો... નવી પદ્ધતિ... નવો ઉત્સાહ લેખનો ઓગસ્ટ માસમાં મણકા નંબર **૩૭** છે.

૯. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાં **૯.૧૯** કરોડ કરદાતાઓએ રીટર્ન ફાઈલ કર્યા.

૧૦. સમયના **ત્રણ** પ્રકાર છે.

***મણકા-૨૯ (મંગલ મંદિર સપ્ટેમ્બર-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. નીલમ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૨. નરેન્દ્રકુમાર પ્રજાપતિ – પાલડી ભવન
૩. હસમુખભાઈ દામજી દેઢિયા – અડાલજ
૪. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૫. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૬. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૭. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૮. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૯. દયમંતીબેન દિલીપભાઈ દંડ – નારાણપુરા, અમદાવાદ
૧૦. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૧૧. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૨. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૧૩. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૧૪. નિશિતભાઈ શાહ – અમદાવાદ
૧૫. અમરીષ કે. સંઘવી – લાઈબ્રેરી, પાલડી
૧૬. કિંજલ દિવ્યેશ શેઠ – સુભાષબ્રિજ, અમદાવાદ
૧૭. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૮. સ્મિતા શાહ – અમદાવાદ
૧૯. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૦. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૧. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨૨. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૨૩. ઊર્મિલા એન. પટેલ – બોપલ, અમદાવાદ
૨૪. ઝલક ડી. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૫. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૨૬. હેમાબેન જગતકુમાર શાહ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

**૧. નીલમ સંઘવી – શાહીબાગ, અમદાવાદ**
**૨. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ**
**૩. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ**
**૪. દિશા પટેલ – પાલડી, અમદાવાદ**
**૫. ચંદ્રા એમ. શાહ – અમદાવાદ**

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :**

*(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

## NanoNine® શબ્દ રમત-૨૨૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ૭ | ૮ |
| ૯ | | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | | |
| ૧૨ | | | ■ | ■ | | ■ | ૧૩ | | | ■ | |
| ■ | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | | | ■ | ૧૭ | |
| ૧૮ | ■ | ૧૯ | | | ■ | | ■ | ૨૦ | ૨૧ | ■ | |
| ૨૨ | ૨૩ | | | ■ | ૨૪ | | | ■ | ૨૫ | | ■ |
| ૨૬ | | | ■ | ૨૭ | | | ■ | ૨૮ | | ■ | ૨૯ |
| ■ | | ■ | ૩૦ | | | ■ | ૩૧ | | | ■ | |
| ૩૨ | | ૩૩ | | ■ | ૩૪ | | | | ■ | ૩૫ | |
| | ■ | ■ | ■ | ૩૬ | ■ | ■ | | ■ | ■ | | ■ |
| ૩૭ | ૩૮ | ૩૯ | | ■ | ૪૦ | ૪૧ | ■ | ૪૨ | | | ■ |
| ૪૩ | | | ■ | ૪૪ | | | | | ■ | ■ | ૪૫ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૦-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. નસકોરામાંની કુમળી ચામડી (૪)
૨. પૃથ્વીનું બહુ ઉંડુ તળ (૩)
૬. વગાડવું તે, બજાવવું તે (૩)
૯. ખેલ, ક્રીડા (૩)
૧૦. એક કંદ જે ફરાળમાં ખવાય (૩)
૧૧. અશ્વાર, ઘોડે સવાર (૪)
૧૨. શ્રમજીવી, રોજિંદા દામ લઈ કામ કરનાર (૩)
૧૩. આસ્થા, લાગણી જૈન મંદિરમાં સ્તવન ગાન (૩)
૧૪. ઝાકળ, ઓસ, શબનમ (૨)
૧૬. સારું, શ્રેષ્ઠ, ઉત્તમ (૩)
૧૭. પ્રારંભનું, પ્રારંભ, શરૂઆત (૨)
૧૯. ટેવ, લત, વ્યસન (૩)
૨૦. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૨૨. ડોક, ગળચી, બોચી (૪)
૨૪. જુદું, નોખું, ભિન્ન (૩)
૨૫. અણીદાર, નખિયું, આબુમાં આવેલ તળાવ (૨)
૨૬. બધું, સર્વ, સઘળું (૩)
૨૭. સમય, ટાઈમ, કાળ (૩)
૨૮. શઠ, ધૂર્ત (૨)
૩૦. નિસરણી, સીડી (૩)
૩૧. વાર્તા, કથા, ટૂંકી વાર્તા, નવલિકા (૩)
૩૨. ______ મંદિર નડિયાદમાં આવેલું છે (૪)
૩૪. સત્રાંત, અંતિમ, છેલ્લું, વાહનનું છેલ્લું સ્ટેશન (૪)
૩૫. અંતઃકરણ, દિલ, મરજી, ઈચ્છા (૨)
૩૬. ૧/૪ ભાગ (૧)
૩૭. એક છોડ જેના પાનને અડવાથી તે પાન સંકોચાઈ જાય છે (૪)
૪૦. ઓરડો, શયનખંડ (૨)
૪૨. અપવિત્ર (૩)
૪૩. નમસ્કાર, વંદન (૩)
૪૪. પરમશ્રેષ્ઠ આનંદ, પરબ્રહ્મ (૫)
૪૫. સવારની તાજગીભર્યું પીણું (૧)

### ઊભી ચાવીઓ

૧. પોચું, મુલાયમ, મૃદુ (૩)
૨. સમાધાન, સુલેહ, સંધિ (૪)
૩. પર્વતમાં ઉંડો પહોળો ખાડો (૩)
૪. નાના બાળકને સુવાડવાનું ઘોડિયું (૩)
૫. તંગી, અછત, શોર્ટેજ (૨)
૬. કામના, વાસ, ગંધ (૩)
૭. ઔષધ (૨)
૮. દયાળુ, રહેમદિલ (૫)
૧૧. તક, સમય, ટાણું (૪)
૧૩. વજન, બોજ (૨)
૧૪. ચહેરો, મુખાકૃતિ, શિકલ (૩)
૧૫. આદત, ટેવ, વ્યસન (૨)
૧૬. સગવડ, વ્યવસ્થા, ફેસિલીટી (૪)
૧૮. ભક્તિ કરનાર (૩)
૧૯. સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (૩)
૨૧. જંગલમાં ઉગેલ લતા (૪)
૨૩. શ્રી લક્ષ્મીજીના પતિ, વિષ્ણુ (૪)
૨૪. એક સૂકો મેવો (૪)
૨૭. અંધારિયું, કૃષ્ણપક્ષ (૨)
૨૮. ઔષધ ઘૂંટવાનો ખલ (૩)
૨૯. પુષ્પ, ફૂલ, દેવ (૩)
૩૦. દર, ભાવ, કિંમત (૨)
૩૧. વાંદરો, કપિ (૩)
૩૨. એકઠું કરવું તે, સંગ્રહ, સંકલના (૪)
૩૫. મશ્કરી, ટીખળ (૩)
૩૮. પ્યાલો, મુરબ્બો, જામફળ (૨)
૩૯. દિલ, અંતઃકરણ, ઈચ્છા, મરજી (૨)
૪૦. હાથ, વેરો (૨)
૪૧. માફી (૨)
૪૨. અવાજ, ઘોષ, ધ્વનિ (૨)

***નોંધ*** *: "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફા | ર્મ | હા | ઉ | સ | | બ | ને | વી | | લા | ય |
| ળ | | ક | મા | ડ | | હુ | | ર | હે | વા | સ |
| કો | મ | લ | | સ | મા | ધા | ન | | ળગ | | |
| | સ્ત | | બ | ડા | ઈ | | મ | હે | ર | બા | ની |
| લ | | સ | | ટ | ક | ટ | ક | | | દ | ર |
| બ | લ | રા | મ | | | પા | | મા | | શા | |
| | બા | ઇ | ક | | આ | લી | શા | ન | | હ | ર |
| તા | ડ | | સ | મ | ય | | શ્વ | | ક | | હે |
| જ | | ભે | દ | | નો | બ | ત | | શ | ર | મ |
| મ | જ | લ | | પુ | | ગી | | કા | મ | | ન |
| હે | | પૂ | જ | ની | ય | | ક | | ક | ર | જ |
| લ | વ | રી | | ત | શ | રી | ફ | | શ | | ર |

### ઓગસ્ટ-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૫. ફાલ્ગુની ડી. શાહ – અમદાવાદ
૬. વંદના શાહ – અમદાવાદ
૭. મિત્તલ પટેલ – અમદાવાદ
૮. દિશા પટેલ – અમદાવાદ
૯. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૧૦. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૧. ગુણવંતી ગુલાબચંદ ડાઘા – અમદાવાદ
૧૨. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૧૩. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૧૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૫. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૧૬. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૧૭. અરવિંદ જયંતિલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૮. હસમુખ દામજી દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૯. જીતેન્દ્ર વી. મહેતા – અમદાવાદ
૨૦. પ્રવીણ જે. દંડ – અમદાવાદ
૨૧. હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – મુંબઈ
૨૨. જ્યોતિ ખુશાલ ગડા – અમદાવાદ
૨૩. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૨૪. નવલ શિવજી નીસર – સુરત
૨૫. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૨૬. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૨૭. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૨૮. જય બીપેન્દ્ર ગોગરી – અમદાવાદ
૨૯. જ્યોત્સના બીપેન્દ્ર ગોગરી – અમદાવાદ
૩૦. કલ્પના નીતિન પાલાણી – અમદાવાદ
૩૧. ચેતના હાર્દિક મહેશ્વરી – આદિપુર (કચ્છ)
૩૨. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૩૩. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૪. પ્રભા મહેન્દ્ર શેઢિયા – વલસાડ
૩૫. હંસાબેન પી. ઠાકોર – અમદાવાદ
૩૬. અલ્કા દિનેશ વોરા – અમદાવાદ
૩૭. કંચનબેન વાડીલાલ મોરબીયા – ભુજ (કચ્છ)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) વંદના શાહ – અમદાવાદ
(૨) જય બીપેન્દ્ર ગોગરી – અમદાવાદ
(૩) જયશ્રી મોહન સાવલા – અમદાવાદ

### ઓગસ્ટ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૯ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. નયના ઉદય કારાણી – અમદાવાદ
૪. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૫. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૬. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૭. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૮. અરવિંદ જયંતિલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૯. હેમલતા હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૦. જીતેન્દ્ર વી. મહેતા – અમદાવાદ
૧૧. મિતેશ જયંતિલાલ દેઢિયા – અમદાવાદ
૧૨. જ્યોતિ ખુશાલ ગડા – અમદાવાદ
૧૩. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૧૪. ઈંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૧૫. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૬. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૭. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૮. નયના જય ગોગરી – અમદાવાદ
૧૯. હેનીલ નિમેષ ગોગરી – અમદાવાદ
૨૦. દ્રવ્ય મોરબીયા – અમદાવાદ
૨૧. કલ્પના નીતિન પાલાણી – અમદાવાદ
૨૨. ચેતના હાર્દિક મહેશ્વરી – આદિપુર (કચ્છ)
૨૩. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૨૪. આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
૨૫. પ્રભા મહન્દ્ર શેઢિયા – વલસાડ
૨૬. હંસાબેન બી. ઠાકોર – અમદાવાદ
૨૭. માનીસ પ્રીત શાહ – અમદાવાદ
૨૮. દિનેશ મોહનલાલ વોરા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) સરોજ જયેશ શાહ – અમદાવાદ
(૨) જીતેન્દ્ર વી. મહેતા – અમદાવાદ
(૩) દ્રવ્ય મોરબીયા – અમદાવાદ

## NanoNine™ Sudoku

**ઓગસ્ટ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૯ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ**

**પાના નંબર – ૪૮**

*હિંમત ક્યાંયે ભાડે નથી મળતી*
*અને કોશિશના ક્યાંય કારખાના નથી હોતાં,*
*બંને પોતે જ કરવી પડે છે.*

★

*દર્દ બધાનું એકસરખું છે*
*પરંતુ હોંસલા બધાના અલગ અલગ હોય છે.*
*કોઈ હતાશ થઈને હારી જાય છે*
*તો કોઈ સંઘર્ષ કરીને નીખરી આવે છે!*

★

*તમારી હાલતને એવી ના બનાવો કે*
*આપ હિંમત હારી જાવ પરંતુ હિંમત*
*એવી રાખો કે તેનાથી હાલત હારી જાય*
*અને પરિસ્થિતિ સુધરી જાય.*

★

*માન્યું કે મુશ્કેલીઓ આવવાથી માણસ*
*એકલો પડી જાય છે*
*પરંતુ મુશ્કેલીઓ આવવાથી જ*
*એકલી વ્યક્તિ*
*મજબૂત થઈને બહાર આવે છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૮૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 9 | | | | 3 | 2 |
| 1 | 9 | | 3 | 4 | | 8 | | 6 |
| 6 | | 7 | 1 | | 8 | | 5 | |
| | | 3 | 8 | 9 | | 6 | | 7 |
| 2 | | 9 | | 1 | 4 | 3 | | 5 |
| | 7 | 4 | | 3 | 6 | 2 | | |
| | 5 | | 2 | | 1 | | 9 | 3 |
| 9 | | 8 | | | 3 | | | 1 |
| 3 | 2 | | | 7 | 9 | 5 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | | | 5 | | | 6 | 2 |
| | | | 3 | | 7 | 8 | 1 | |
| 3 | | 2 | | | 1 | | | 7 |
| | 3 | | 4 | | | 2 | 8 | 6 |
| 4 | 2 | 9 | | 6 | 8 | | 3 | |
| | 8 | | | | 3 | | 9 | |
| 2 | | 7 | 8 | 4 | | 6 | | 3 |
| | | 4 | | | 6 | | | |
| 8 | 6 | | | 1 | 2 | | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | 6 | | 8 | 2 | |
| 4 | 5 | | | | 1 | 9 | 6 | |
| | | 1 | 7 | 2 | | 3 | | 4 |
| | 4 | | | | 2 | 1 | | |
| 1 | 2 | 3 | 4 | | 8 | | 7 | 5 |
| | 9 | | 1 | 7 | | | 4 | |
| 9 | | 4 | | 1 | 7 | 5 | | |
| | | 7 | | 8 | 5 | | 3 | 6 |
| 6 | | 5 | 2 | | | 7 | | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 6 | 3 | 7 | | | 8 |
| | 5 | | | | | 6 | 4 | |
| 6 | 9 | | | 5 | 8 | 3 | | 2 |
| 1 | 8 | 6 | 2 | | | | | 5 |
| | 3 | 9 | 8 | 1 | 5 | 7 | | |
| | | | | | 3 | 2 | 8 | |
| | 6 | 4 | | | 9 | | 2 | |
| 9 | | 3 | 5 | | | | 7 | 6 |
| | | | 3 | 2 | 6 | 4 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૮૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 9 | 4 | 1 | 3 | 8 | 5 | 6 |
| 3 | 4 | 5 | 8 | 2 | 6 | 9 | 1 | 7 |
| 8 | 1 | 6 | 7 | 5 | 9 | 2 | 4 | 3 |
| 7 | 3 | 1 | 2 | 4 | 5 | 6 | 9 | 8 |
| 6 | 5 | 2 | 3 | 9 | 8 | 1 | 7 | 4 |
| 4 | 9 | 8 | 6 | 7 | 1 | 5 | 3 | 2 |
| 9 | 2 | 3 | 1 | 6 | 7 | 4 | 8 | 5 |
| 5 | 6 | 7 | 9 | 8 | 4 | 3 | 2 | 1 |
| 1 | 8 | 4 | 5 | 3 | 2 | 7 | 6 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 1 | 7 | 2 | 5 | 6 | 9 | 4 |
| 9 | 5 | 2 | 6 | 4 | 8 | 1 | 3 | 7 |
| 6 | 7 | 4 | 9 | 1 | 3 | 2 | 5 | 8 |
| 8 | 6 | 3 | 5 | 7 | 2 | 4 | 1 | 9 |
| 5 | 4 | 7 | 3 | 9 | 1 | 8 | 6 | 2 |
| 2 | 1 | 9 | 4 | 8 | 6 | 5 | 7 | 3 |
| 4 | 3 | 8 | 1 | 5 | 7 | 9 | 2 | 6 |
| 7 | 2 | 5 | 8 | 6 | 9 | 3 | 4 | 1 |
| 1 | 9 | 6 | 2 | 3 | 4 | 7 | 8 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 8 | 7 | 2 | 9 | 5 | 1 | 4 | 3 |
| 5 | 2 | 4 | 1 | 6 | 3 | 7 | 9 | 8 |
| 1 | 9 | 3 | 8 | 4 | 7 | 6 | 2 | 5 |
| 8 | 5 | 9 | 6 | 2 | 4 | 3 | 7 | 1 |
| 3 | 4 | 6 | 5 | 7 | 1 | 9 | 8 | 2 |
| 2 | 7 | 1 | 3 | 8 | 9 | 4 | 5 | 6 |
| 7 | 6 | 5 | 9 | 3 | 8 | 2 | 1 | 4 |
| 4 | 3 | 8 | 7 | 1 | 2 | 5 | 6 | 9 |
| 9 | 1 | 2 | 4 | 5 | 6 | 8 | 3 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 4 | 9 | 6 | 8 | 2 | 7 | 1 |
| 6 | 2 | 1 | 3 | 7 | 4 | 9 | 5 | 8 |
| 9 | 7 | 8 | 5 | 2 | 1 | 6 | 3 | 4 |
| 3 | 1 | 9 | 4 | 8 | 5 | 7 | 6 | 2 |
| 4 | 6 | 7 | 1 | 3 | 2 | 8 | 9 | 5 |
| 8 | 5 | 2 | 7 | 9 | 6 | 4 | 1 | 3 |
| 2 | 9 | 5 | 8 | 1 | 7 | 3 | 4 | 6 |
| 7 | 4 | 6 | 2 | 5 | 3 | 1 | 8 | 9 |
| 1 | 8 | 3 | 6 | 4 | 9 | 5 | 2 | 7 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# સંઘર્ષથી આત્મનિર્ભરતા સુધી

૩૦ વર્ષીય **ભાગ્યશ્રી સોલંકી** આજે એક શાંત પણ શક્તિશાળી સંદેશ આપી રહી છે – કે સંજોગો કેટલાય ખરાબ હોય, તો પણ અવસરો મળે અને હિંમત રાખીએ, તો જીવન બદલી શકાય છે.

ભાગ્યશ્રીનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો. જ્યાં સંસાધનો ખૂબ જ મર્યાદિત હતા. બાળપણથી જ તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો – એવું જીવન કે જે મોટાભાગના લોકોનો આત્મવિશ્વાસ તોડી નાખે. પણ ભાગ્યશ્રીએ હાર માનવાનું નક્કી જ નહોતું કર્યું. તે ધીરે ધીરે, પગલાએ પગલું ભરતી રહી – મનમાં સ્વપ્ન અને હૃદયમાં હિંમત સાથે.

ભાગ્યશ્રી તેની માતા, બહેન અને ભાઈ સાથે રહે છે. તેની માતા ઘરમાં રહેતી ગૃહિણી છે. જ્યારે નાની બહેન એક ખાનગી હોસ્પિટલમાં કામ કરીને માસિક ફક્ત રૂા. ૪૦૦૦/- કમાય છે. નાનો ભાઈ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

તેમનો પરિવાર પહેલેથી જ અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો અને અચાનક છ મહિના પહેલા પરિવારના આધારસ્તંભ – તેના પિતાનું અવસાન થયું. તેઓ એક સુરક્ષા રક્ષક તરીકે કામ કરતા અને રૂા. ૮૦૦૦/- જેટલું માસિક કમાતા. તેમના અવસાન બાદ પરિવારની આર્થિક સ્થિતિ બેહાલ બની ગઈ.

તેમનો પરિવાર એક ભાડાના ઘરમાં રહે છે. જેમાં ભાડું રૂા. ૪૫૦૦/- છે – જેના પછી જીવન જરૂરિયાતો માટે ઘણું ઓછું બચતું. ભોજન, ભાઈનું શિક્ષણ અને બહેનની નોકરી – બધું જ જોખમમાં હતું.

એ સમયે, ઘરમાં મોટી અને અપરિણીત હોવાથી, ભાગ્યશ્રી પર ખૂબ જ દબાણ આવ્યું અને તેમણે પોતાનું શિક્ષણ પૂરું નહોતું કર્યું. જેના કારણે તેમને સારી નોકરી મેળવવામાં તકલીફ થઈ રહી હતી. જ્યાં પણ નોકરી માટે અરજી કરતી, ત્યાં તેને ઓછા પગારની કે નકારાત્મક જવાબ મળતો.

ઘણા નિરાશાના દિવસો બાદ, એક દિવસ મિત્ર સાથે તેના જીવનના સંઘર્ષોની વાતો કરતી વખતે, તેણે તેના મિત્ર પાસેથી અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર વિશે જાણ્યું, જેની ફીસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી ભરવામાં આવે છે. મિત્રએ જણાવ્યું કે અહીં વિવિધ તાલીમ કાર્યક્રમો આપવામાં આવે છે, જે લોકોને કાબિલ બનાવી આગળ વધવામાં મદદ કરે છે – ભલે તેમનો અભ્યાસ ઓછો હોય.

આ વાતથી ભાગ્યશ્રીના દિલમાં આશાની એક નવી જ્યોત જાગી. તેણે તરત જ સેન્ટરની મુલાકાત લીધી. ત્યાં તેને બે કોર્સની માહિતી આપવામાં આવી : જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ અને બ્યુટી થેરાપિસ્ટ. જેમાંથી તેમણે બ્યુટી થેરાપિસ્ટમાં એડમિશન લીધું. કોર્સમાં તે સંપૂર્ણ રીતે જોડાઈ ગઈ. અહીં તેને થિયરી, પ્રેક્ટીકલ ટ્રેનિંગ, કસ્ટમર હેન્ડલિંગ, હાઈજીન પ્રેક્ટીસ અને હોમ-સેલોન શરૂ કરવાની રીતો શીખવવામાં આવી. ટ્રેનર્સ પણ ખૂબ જ સહાયક અને પ્રોત્સાહક હતા. ભાગ્યશ્રીને પ્રથમ વખત લાગ્યું કે તેનું જીવન યોગ્ય દિશામાં આગળ વધી રહ્યુ છે.

તેણે ઘરે સતત પ્રેક્ટિસ શરૂ કરી. પહેલા ક્લાયન્ટ્સ તેના મિત્રો અને પડોશી હતા. દરેકે તેમના કામની પ્રશંસા કરી. થોડા જ સમયમાં, તેના ઘરના વિસ્તારમાં લોકો વચ્ચે એ વાત ફેલાઈ ગઈ કે ભાગ્યશ્રી સારી બ્યુટી સર્વિસ આપે છે. આજે તે ઘરે રહીને ફેસિયલ, વેક્સિંગ, થ્રેડિંગ, હેરકેર અને બ્રાઇડલ મેક-અપ જેવી સેવાઓ આપે છે – અને માસિક આશરે રૂા. ૭,૦૦૦/- સુધી કમાઈ રહી છે.

આ રકમ મોટાભાગના લોકોને ઓછી લાગે છે પણ તેના માટે આ એ સફળતા છે જેની કલ્પના પણ તેણે કોર્સ પહેલા નહોતી કરી.

આજે ભાગ્યશ્રી પોતાના પરિવાર માટે આધાર બની છે. તેની બહેન પર જવાબદારીનો ભાર ઓછો થયો છે અને ભાઈ પણ તેના અભ્યાસને આગળ વધારી રહ્યો છે.

આ બદલાવ માટે ભાગ્યશ્રી દિલથી આભાર વ્યક્ત કરતા લખે છે :

***"હું તમામનો દિલથી આભાર માનવા માગું છું – કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો, જેમના લીધે આજે હું મારા પગે ઊભી રહી શકી છું. જે સપનું પહેલા અસંભવ લાગતું હતું, તે હવે સાકાર થતું દેખાઈ રહ્યું છે."***

ભાગ્યશ્રીની આ સફર માત્ર વ્યક્તિગત વિજય નથી પણ દરેક મહિલાઓ માટે સંદેશ છે – કે જો ઈચ્છાશક્તિ હોય અને યોગ્ય માર્ગદર્શન મળે તો કંઈ પણ શક્ય છે.

ગીતામંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા, હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયીક બંને પાસાઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે, વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

*અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઈને મદદ કરી શકીએ છીએ :*

***હોમ કેર / એટેન્ડન્ટ / ઘરે બ્યુટી પાર્લર માટે સંપર્ક : ૭૮૬૨૮ ૪૩૦૯૨***

***ઘરે બ્યુટી પાર્લર સેવા સંપર્ક કરવા માટે : ૮૪૬૯૪ ૩૪૫૭૪***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
*સંચાલિત*
**અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર**
**શ્રી બિપીનચંદ્ર જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર**

**શ્રી હરખચંદ કુંવરજી સાવલા** *પ્રેરિત*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા** *સંચાલિત*
**"સક્ષમ કેરિયર કાઉન્સિલ સેન્ટર"**

## કેસ સ્ટડી "જય" (નામ બદલેલું છે.)

જયના પિતાએ અમારો સંપર્ક ત્યારે કર્યો હતો ત્યારે તે ધોરણ ૯ માં અભ્યાસ કરતો હતો. તે સમયે તેની વર્તણૂકમાં કેટલાક ચિંતાજનક લક્ષણો જોવા મળ્યા હતા – જેમ કે નિરાશાભર્યા વિચારો, અભ્યાસમાં રસ ન હોવો તથા વ્યવહારમાં વાતચીતનો અભાવ વગેરે.

પ્રારંભિક ઈન્ટરવ્યૂ અને બેઠક દરમિયાન અમે જોયું કે તેની અભ્યાસની આદતો યોગ્ય ન હતી, શિક્ષણ માટે યોગ્ય રીતે પ્રોત્સાહિત ન હતો અને આત્મવિશ્વાસ પણ ઘટેલો હતો.

જયની વર્તણૂકની વિસ્તૃત સમજૂતી માટે માતા-પિતા અને કેટલાક શિક્ષકોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા. ત્યારબાદ Multiple Intelligences Profiling અને Locus of Control Analysis જેવી મનોવૈજ્ઞાનિક કસોટી હાથ ધરવામાં આવી.

આ તમામ બાબતોના આધારે એક વિસ્તૃત કાર્યયોજનાની રચના કરવામાં આવી. જેમાં Rational Emotive Therapy અને રોજિંદા જીવનમાં અમલમાં મુકાય તેવી પ્રવૃત્તિઓ દ્વારા તેનું આત્મસન્માન, વાતચીત કૌશલ્ય અને અભ્યાસની આદતો સુધારવા પર વિશેષ ધ્યાન આપ્યું.

ધીરે ધીરે જયમાં સકારાત્મક બદલાવ આવવા લાગ્યો. તેણે ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો અને ત્યારબાદ ધોરણ ૧૨ (કોમર્સ) માં વર્ગના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું.

**જયના પિતાનું નિવેદનઃ**

*"જયના જીવનમાં આવેલું આ પરિવર્તન અમારા પરિવાર માટે અત્યંત આનંદદાયક છે. શરૂઆતમાં અમને લાગતું હતું કે કદાચ તે પોતાની ક્ષમતા સુધી ક્યારેય પહોંચી નહીં શકે, પરંતુ આપના માર્ગદર્શન, સંવેદનશીલ અભિગમ અને વ્યવસ્થિત કાર્યપદ્ધતિના કારણે આજે તે આત્મવિશ્વાસપૂર્વક જીવનમાં આગળ વધી રહ્યો છે. આપનો આભાર."* — (નામ ગોપનીય)

**ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા અને ડૉ. નીરવ ઠક્કર** – બંને PhD દર રવિવારે પોતાની સેવાઓ KJSSમાં આપે છે. આપ પણ આપના બાળકોની સમસ્યાઓ/ મુશ્કેલીઓ/ વિદ્યાર્થીઓની કેરિયર કે અંગત બાબતોની જાણકારી તથા માર્ગદર્શન લેવા માંગતા હોવ, તો

***શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત***
***"સક્ષમ કેરિયર કાઉન્સિલ સેન્ટર"માં આવી શકો છો.***

***માત્ર અગાઉથી લીધેલી એપોઈન્ટમેન્ટ મુજબ જ સમય આપવામાં આવે છે.***

***સંપર્ક : હિતેન ગાલા : ૭૩૮૩૩ ૫૨૫૫૩***

*કમાલ છે ને? સામાના લાખ આગ્રહ છતાં હું આગ પર નથી જ ચાલતો. સામાની લાખ ઈચ્છા છતાં હું મોઢામાં કાદવ નથી જ નાખતો. સામાની પ્રચંડ લાગણી છતાં હું આઠમા માળેથી કૂદકો નથી જ લગાવતો. પણ પાપો જ્યારે પણ હું કરી લઉં છું અને એ બદલ મને કોઈ પડકારે છે કે ઠપકો આપે છે ત્યારે હું એને તુર્ત સંભળાવી દઉં છું કે 'મારી તો કોઈ ઈચ્છા જ નહોતી, પણ પરિસ્થિતિ જ એવી સર્જાઈ ગઈ કે મારે પાપો કરવા જ પડ્યા!'*
*આને કહેવાય હોંશિયારી!*

# અન્ય સંસ્થાના સમાચાર

## ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ ૨૦૨૫ ગ્લોબલ કચ્છ

તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ ૨૦૨૫ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના કેબિટને મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના હસ્તે 'ગ્લોબલ કચ્છ' સંસ્થાને એવોર્ડ અપાયો હતો. 'ગ્લોબલ કચ્છ' દ્વારા સમગ્ર કચ્છમાં પર્યાવરણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. જેમાં કચ્છની સૂકી જમીનના જળસ્તર ઊંચા લાવવાના કામો મુખ્ય છે. જેવા કે તળાવો ઊંડા કરવા, ચેક ડેમ બનાવવા વગેરે. ઉપરાંત ગાય આધારિત ખેતીને પણ પ્રાધાન્ય અપાય છે. 'ગ્લોબલ કચ્છ'ના કાર્યોમાં 'કચ્છમિત્ર' પણ સહયોગી છે.

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યભરમાં થતી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે યોજાયેલા કાર્યક્રમમાં 'ગ્લોબલ કચ્છ'ની પ્રવૃત્તિઓને સન્માનિત કરાઈ હતી. જેમાં સન્માનપત્ર, રૂા. ૨૫,૦૦૦/-નો ચેક તથા સેપ્લીંગ (નાનકડો છોડ) સમાવિષ્ટ હતા. 'ગ્બોલ કચ્છ' ટીમ વતી શ્રી મહેન્દ્ર ગડા, શ્રી વિશાલ ગડા, શ્રી જયંતિલાલ મામણિયા, શ્રી મયુર દેઢિયા અને શ્રી કપિલ વ્યાસ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા અને સન્માનનો સ્વિકાર કર્યો હતો.

ટીમ 'ગ્લોબલ કચ્છ'ને અભિનંદન અને આપણા કચ્છને નંદનવન બનાવવાના પ્રયાસો માટે શુભેચ્છાઓ.

## કચ્છમાં સેવા પખવાડિયાની ઉજવણી

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિત્તે આયોજિત સેવા પખવાડિયા અંતર્ગત શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ અને શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ દ્વારા મુંદ્રા તાલુકાના ગામડાંઓમાં 'ગામતળ સફાઈ' અભિયાનના મહાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો.

વડીલ મુરબ્બી શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી અને શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ બંને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે મુંદ્રા તાલુકાના ગામડાંઓમાં વરસાદી પાણી ભરાયા બાદ ગંદકીથી ઉપજનાર રોગચાળાથી બચવા મુંદ્રા તાલુકાના બેરાજા ગામથી 'ગામતળ સફાઈ અભિયાન' અંતર્ગત સફાઈ કાર્યનો દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ થયો.

મુંદ્રા તાલુકાના તમામ ગામડાંઓમાં આવેલ જિનાલય, મંદિર, શૈક્ષણિક સંકુલ, જાહેર જગ્યાઓ વગેરે સ્થળોએ આ યોજના અંતર્ગત સફાઈ કામ કરી સ્વચ્છ ભારત - સ્વસ્થ ભારતના નિર્માણમાં યોગદાન આપવામાં આવશે.

આ સમગ્ર યોજના માટે આર્થિક સહાય શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડા હસ્તે હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર તરફથી આપવામાં આવશે.

આ પ્રસંગે ગ્રામજનો દ્વારા શ્રી જીગર તારાચંદભાઈ છેડાનું પાઘડી પહેરાવી, શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

## ભુજના હાર્દસમા ભુજ - માધાપર હાઈવે પર અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ હોટેલ રીજેન્ટાનો ભવ્ય પ્રારંભ

દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી કચ્છ જિલ્લાએ પ્રવાસન ક્ષેત્રે વિકાસની રફતાર પકડી છે. સરહદી કચ્છ જિલ્લામાં બારે મહિના દેશ દેશાવરથી બહોળી સંખ્યામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળે છે. કચ્છના ઔદ્યોગિક અને બંદરીય વિકાસના કારણે ઘણી મોટી કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ પણ અવારનવાર કચ્છ જિલ્લામાં આવતા રહે છે. જેના પગલે કચ્છ જિલ્લામાં પ્રવાસીઓ માટેની સુવિધાઓમાં ખૂબ જ મોટેપાયે વિકાસ થયો છે. જિલ્લા મથક ભુજ આવતા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા ભુજ - માધાપર હાઈવે પર રીજીનલ સાયન્સ સેન્ટરની બાજુમાં હોટલ રીજેન્ટા સાયન્સ સેન્ટરનો દબદબાભેર પ્રારંભ થયો છે.

અતિથિ દેવો ભવઃના સૂત્રને સાર્થક કરવા માટે જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ છેડા પરિવાર દ્વારા હોટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આદ્યશક્તિ આરાધનાના પર્વ નવરાત્રીના બીજા દિવસે આ હોટલ લોકોની સેવામાં સમર્પિત કરવામાં આવી છે.

છેડા પરિવારના પૌત્ર શ્રી કિરણભાઈ છેડાએ જણાવ્યું હતું કે અત્યાધુનિક સુવિધાઓથી સુસજજ આ હોટલમાં ૬૦ રૂમ, જીમ, સ્પા, સ્વિમિંગ પુલ, રેસ્ટોરન્ટ, બેન્કવેટ હોલ, ભુજની સર્વપ્રથમ ટેરેસ રેસ્ટોરન્ટ, ભુજનો મોટામાં મોટો સ્વીટરૂમ વગેરેની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

આ પ્રસંગે કચ્છના સાંસદ, પૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો, અગ્રણીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કુમારપાળ દેસાઈના ત્રણ ગ્રંથોનું વિમોચન

ગૂર્જર સાહિત્યભવન દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈના મહાભારતનાં કુંતીના પાત્ર પર નવલકથા 'અનાહતા' અને ગાંધારીના પાત્ર પર આધારિત 'અગ્નિશીખા' – એ બે નવલકથાઓનાં વિમોચન સમયે સંસ્કૃત સાહિત્યના વિદ્વાન શ્રી વિજય પંડ્યાએ કહ્યું કે, આ ગ્રંથોમાં આલેખાયેલા પ્રસંગોની લેખકે પોતાની આગવી મૌલિક દષ્ટિએ માવજત કરી છે. વિશેષ તો કુંતી અને ગાંધારીના ઉપેક્ષિત પાત્રોને એમણે જુદા જુદા દષ્ટિકોણથી ઉપસાવીને સાંપ્રત સંદર્ભમાં ઉજાગર કર્યા છે. આજે દરેક સર્જક 'મીથ' પાસે જાય છે, ત્યારે આ મીથનું અર્થઘટન કરવામાં આ સર્જકની વિશિષ્ટ શક્તિ જોવા મળે છે. આ ગ્રંથોનું વિમોચન કરતા શ્રી રઘુવીર ચૌધરીએ કહ્યું કે જૈન દર્શનનાં અભ્યાસી એવા કુમારપાળ દેસાઈએ આ મહાભારતના કથાનકમાં જૈન દષ્ટિનો વિનિયોગ કર્યો છે. લેખક કુમારપાળ દેસાઈએ પ્રતિભાવ આપતા કહ્યું કે, મહાભારત એ માનવપ્રજ્ઞાનું મહાનિર્માણ છે અને એથી પ્રત્યેક સમયે મહાભારત સાંપ્રત હોય છે. આજે વિશ્વમાં થતા સંહારક દશ્યો સાથે ગાંધારીએ દિવ્ય દષ્ટિથી જોયેલા કુરૂક્ષેત્રના દશ્યોને સરખાવી શકાય. વળી એની સાથોસાથ ગાંધારી એક એવું પાત્ર છે કે નિયતિએ જેને જીવનભર આઘાત આપ્યો અને એ આઘાતોની વચ્ચે એ સત્યનિષ્ઠાથી અડગ રહી. એની સત્યનિષ્ઠા એ મહાત્મા ગાંધીજીની સત્યનિષ્ઠાનું ક્યારેક સ્મરણ કરાવે છે, તો મહાભારતમાં કૌરવો અને પાંડવોનાં યુદ્ધ સમયે એક જ છાવણીમાં કુંતી અને ગાંધારી રહે છે અને ઘટોત્કચ કે અભિમન્યુ હણાય ત્યારે કુંતીને ગાંધારી આશ્વાસન આપે છે અને નવ્વાણું કૌરવો રણભૂમિમાં હણાય છે, ત્યારે કુંતી ગાંધારીને આશ્વાસન આપે છે. આમ પુરુષો વચ્ચે સતત વેરઝેરની આગ પ્રજ્વલિત હોય અને નારી હૃદયો આવા કાળઝાળ સમયોમાં પણ પરસ્પર પ્રત્યે સ્નેહ, સંવાદ અને સમભાવ ધરાવતા હોય એ વિરલ ઘટના મહાભારતમાં જોવા મળે છે. કાર્યક્રમના પ્રારંભે ગૂર્જર પ્રકાશનનાં શ્રી મનુભાઈ શાહે જણાવ્યું કે, 'જયભિખ્ખુ' અને એ પછી શ્રી કુમારપાળ દેસાઈનાં તમામ પુસ્તકો પ્રકાશિત કરવાની અમને તક મળી છે અને તે અમારા માટે સુવર્ણ તક છે. ત્યારબાદ કુમારપાળ દેસાઈની 'અનાહતા' નવલકથા પરથી કમલ જોશી અને અન્ય બાવીસ કલાકારોએ 'અનાહતા' નામનું નાટક પ્રસ્તુત કર્યું હતું. જેમાં પ્રેક્ષકોને કુંતીના કુમારિકા, પત્ની અને માતા તરીકેનાં જુદા જુદા સ્વરૂપોનો માર્મિક ચિતાર પ્રગટ કર્યો હતો. આ પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં સાહિત્યકારો, નાટ્ય રસિકો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## હેમરાજ શાહ લિખિત અને સંપાદિત પુસ્તકોનું સેલ

### STOCK CLEARANCE SALE

***નિયમો :*** (૧) આ બુકના લીસ્ટમાંથી ૫૦%ના ભાવે જે પુસ્તક હશે તે મોકલવામાં આવશે. પહેલા આપને જે પુસ્તક જોઈતા હોય તે પત્ર લખો કે ઇ-મેઇલ કરો (hemrajvshah@gmail.com) પછી તમને કયા પુસ્તકો મળી શકશે તે અમે જણાવીશું. પછી ૫૦% કાપીને અમે કિંમત જણાવીશું. એ પુસ્તકો તમે NEFT/RTGS કરશો, એ અમને મળી જાય એટલે Regd. Post થી અથવા કુરિયરથી મોકલી આપીશું. આ SALE દિવાળી સુધી રહેશે.

### હેમરાજ શાહ લિખિત અને સંપાદિક પુસ્તકોની યાદી

**હેમરાજ શાહ લિખિત**

| | | |
|---|---|---|
| ૧. | પ્રાસંગિક પ્રતિબિંબ | ૧૫૦/- |
| ૨. | પ્રાસંગિક પડછાયા | ૧૦૦/- |
| ૩. | પ્રાસંગિક પ્રસંગો | ૧૫૦/- |
| ૪. | પ્રાસંગિક વિમર્શ | ૨૦૦/- |
| ૫ | વિમર્શ | ૧૨૦/- |
| ૬. | સમયનો સાદ | ૯૦/- |
| ૭. | પ્રાસંગિક ઘટનાઓ | ૧૭૫/- |
| ૮. | વિચાર વિમર્શ | ૧૭૫/- |
| ૯. | વિમર્શ દર્શન | ૧૭૫/- |
| ૧૦. | રાષ્ટ્રમાતા ઈંદિરા ગાંધી | ૧૨૫/- |
| ૧૧. | શાંતિદૂત જવાહરલાલ | ૧૨૫/- |
| ૧૨. | પોલાદી પુરુષ : વલ્લભભાઈ પટેલ | ૧૨૫/- |
| ૧૩. | બે ગાંધી | ૧૨૫/- |
| ૧૪. | મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકર | ૧૨૫/- |
| ૧૫. | શરદ પવાર : એક વ્યક્તિત્વ | ૧૫૦/- |

**मराठी मध्ये अनुवाद**

| | | |
|---|---|---|
| ૧૬. | प्रासंगिक प्रतिबिंब | 150/- |
| ૧૭. | दोन गांधी | 75/- |
| ૧૮. | प्रियदर्शिनी इंदिरा गांधी | 75/- |
| ૧૯. | शांतिदूत जवाहरलाल | 75/- |
| ૨૦. | पोलादी पुरुष : वल्लभभाई पटेल | 75/- |
| ૨૧. | महामानव बाबासाहेब आंबेडकर | 75/- |
| ૨૨. | क्रांतीवीर वसंतदादा पाटील | 75/- |
| ૨૩. | राष्ट्रवादी शरद पवार | 150/- |

**ENGLISH TRANSLATION**

| | | |
|---|---|---|
| 24. | Dynamic Indira | 200/- |

25. Apostle of peace : Jawaharlal 200/-

## સંપાદિત પુસ્તકો

૨૬. દુલેરાય કારાણી વિશેષ ૩૦૦/-
૨૭. ગુજરાતી ભાષાનું ભવિષ્ય ૨૦૦/-
૨૮. શા માટે માતૃભાષામાં શિક્ષણ જરૂરી ૨૦૦/-
૨૯. વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી શા માટે? કઈ રીતે? ૧૭૫/-
૩૦. દીકરી તે દીવડી (સ્ત્રીભ્રૂણ હત્યા) ૨૦૦/-
૩૧. સ્ત્રી જીવનની ગઈકાલ, આજ અને આવતીકાલ ૨૨૫/-
૩૨. બળાત્કારની સમસ્યા ૨૫૦/-
૩૩. માતૃપિતૃ વંદના ૧૫૦/-
૩૪. માતૃપિતૃ તર્પણ ૧૫૦/-
૩૫. મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ ૨૦૦/-
૩૬. જલ સાક્ષરતા ૨૦૦/-
૩૭. બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા ૨૨૫/-
૩૮. શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ ૨૫૦/-
૩૯. મારા જીવનના યાદગાર પ્રસંગો ૨૦૦/-
૪૦. પ્લાસ્ટિક : પ્રતિબંધ પર્યાય ૨૫૦/-
૪૧. વાર્તા વિશેષ ૩૦૦/-
૪૨. મહાત્મા ગાંધી @ 150 ૩૦૦/-
૪૩. નારી નિર્ભય કેવી રીતે બની શકે? ૩૦૦/-
૪૪. આત્મનિર્ભરતા ૩૦૦/-
૪૫. કોરોનાઃ આફતને અવસરમાં પલટો ૩૦૦/-
૪૬. જીવનમાંથી જડેલી વાર્તાઓ ૩૦૦/-
૪૭. આઝાદીનો અમૃત મહોત્સવ ૩૦૦/-
૪૮. આજના વર્તમાનપત્ર પાસેથી અમારી અપેક્ષાઓ ૩૫૦/-
૪૯. ભૂકંપના બે દાયકા પછીનું કચ્છ ૩૫૦/-
૫૦. હું અખબાર શા માટે વાંચું છું? ૩૫૦/-
૫૨. અખબારની આજ અને આવતીકાલ ૩૦૦/-
૫૩. પાણી બચાવો ૨૦૦/-

## मराठी संपादित पुस्तके

५४. स्त्रीभ्रूण हत्या 250/-
५५. मराठी भाषेचे भवितव्य 200/-
५६. जल साक्षरता 350/-
५७. प्लास्टिक बंदी व पर्याय 200/-

## हेमराज संबंधित पुस्तके : मराठी

५८. कर्मयोगी हेमराज - अरुण गुजराथी 400/-
५९. माणुसकीचा झरा - अरुण गुजराथी 200/-

## હેમરાજ શાહ વિશે પુસ્તકો

૬૦. અસ્તિત્વનો ઉત્સવ (વર્ષ ૨૦૦૧)
૬૧. સાધનાનું સાતત્ય
– અરૂણ ગુજરાતી - નિરંજન મહેતા ૩૫૦/-
૬૨. હેમરાજ વિશેષ
હિતેન આનંદપરા, દીપક મહેતા ૩૦૦/-
૬૩. હેમરાજ સવિશેષ : હિતેન આનંદપરા ૨૫૦/-
૬૪. પડાવ @ 80 : હિતેન આનંદપરા ૫૦૦/-
૬૫. હેમરાજ શાહ : જીવન એક સફર
– સૂચિતા બોઘાણી ૫૦૦/-
૬૬. हेमराज शाह – संघर्षमय जीवनाची सफर 200/-
67. Life Journey of Hemraj Shah 500/-
68. Photography of Hemraj Shah 600/-
– અરૂણ ગુજરાતી, નિરંજન મહેતા
૬૯. આપણો એક થવાનો યોગ (વર્ષ ૨૦૨૦)
૭૦. હેમરાજ શાહના સાહિત્યનું મૂલ્યાંકન
– હરેશ ધોળકિયા ૪૦૦/-
૭૧. હેમરાજ શાહ - અનુભૂતિનું અજવાળું
– હિતેન આનંદપરા, પ્રા. દીપક મહેતા ૪૦૦/-
૭૨. હેમરાજ શાહ - પરમાર્થનો પમરાટ ૫૦૦/-
– પ્રા. દીપક મહેતા, હિતેન આનંદપરા
૭૩. અનેકોમાં એક : હેમરાજ શાહ – કિશોર વ્યાસ ૪૦૦/-
૭૪. ગુજરાતીઓની શાન : હેમરાજ શાહ
– કનૈયાલાલ જોશી ૪૦૦/-
૭૫. હેમરાજ શાહ – વ્યક્તિ એક પ્રવૃત્તિ અનેક
– ભાવેશ શેઠ, સંજય શાહ ૪૦૦/-
૭૬. કળશ છલકે... (નવલકથા) – કિશોર વ્યાસ ૫૦૦/-

**E-mail : hemrajshah@gmail.com**

**Bank Detail : Hemraj V. Shah**
**Bank of Baroda,**
**Thakurdwar Branch**
**BARBO THAKUR**
**A/c. No. 04180100000652**

## પ્રભુને જોયા....

*મારે પ્રભુને પામવા હતા –*
*નકોરડા ઉપવાસો ખેંચી દેહને અપાર કષ્ટ આપ્યું,*
*અગરબત્તીઓ જલાવી રાખના ઢગલા કર્યા,*
*દીવાઓમાં ઘી તો કદી ખૂટવા જ દીધું ના,*
*મોહમાયા ત્યજ્યાના ધખારાયે કીધા,*
*ગુરુઓ - ઉપદેશકોના ઉંબરા ઘસ્યા*
*પ્રભુ તો દૂર અને સુદૂર દીસ્યા....*

*.....થાકી હારી, દ્વેષભાવ ત્યજ્યો*
*ત્યજ્યો અહમ્, કર્યા મન-હૃદય નિર્મળ,*
*દુઃખિયાને દીધો ખભો રોવા, રોતાં શિશુનાં આંસુ લોહ્યાં*
*ભૂખ્યાને દીધું અન્ન, તરસ્યાને જલ,*
*અને કણ કણમાં પ્રભુ તમને જોયા.*

**સૌજન્ય : "સમજણના સૂર"**

# વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ૨૦૨૫ : ૧૦ ઓક્ટોબર

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

*"માનસિક બીમારી થવી એ વ્યક્તિગત કે કૌટુંબિક ભૂલ નથી."*

● **૧૦ ઓક્ટોબર :**

દર વર્ષે ૧૦ ઓક્ટોબરને વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે ઉજવાય છે.

વર્લ્ડ ફેડરેશન ઑફ મેન્ટલ હેલ્થની ભલામણને વિશ્વ આરોગ્યની સામાન્ય સભાએ સ્વિકારી. પ્રથમ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ૧૦ ઓક્ટોબર ૧૯૯૨ના દિવસે ઉજવાયો. ત્યારથી ૧૦ ઓક્ટોબર વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે મનાય છે.

ભારત સહિત વિશ્વના ૧૫૦થી વધુ દેશો આ દિવસ મનાવે છે.

● **વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ શા માટે?**

૧. માનસિક સ્વાસ્થ્ય - આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા.
૨. માનસિક બીમારીઓ તથા માનસિક દર્દી વિશેનું નકારાત્મક વલણ બદલી ગેરસમજ દૂર કરવા.
૩. માનસિક બીમારીઓનું વહેલી તકે નિદાન કરી, સમયસર યોગ્ય મનોચિકિત્સા દ્વારા પ્રેરિત કરવા.
૪. માનસિક દર્દી સારવાર બાદ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે એ માટે પ્રયત્નો કરવા.

● **માનસિક સ્વાસ્થ્યની વ્યાખ્યા :**

અમેરિકન સર્જન જરનલના ૧૯૯૯ના રીપોર્ટ પ્રમાણે માનસિક સ્વાસ્થ્ય - આરોગ્યની વ્યાખ્યા નીચે પ્રમાણે આપેલી છે :

૧. મનના કાર્યો (જેવા કે વિચારો, વર્તણુંક, વાણી, જવાબદારી, અનુભૂતિ, એકાગ્રતા, યાદશક્તિ, ગ્રહણ શક્તિ વગેરે) યોગ્ય રીતે પૂરા કરવા.
૨. આ બધા કાર્યોથી યોગ્ય અપેક્ષા પ્રમાણે પરિણામો મળે, સફળતા મળે.
૩. બધા જોડે પરસ્પરના સંબંધો બાંધે તથા જાળવી રાખે.
૪. બદલાયેલ સંજોગો તથા પરિસ્થિતિને અનુકૂળ થાય.

● **માનસિક સ્વાસ્થ્ય :**

માનસિક સ્વાસ્થ્ય એટલે માનસિક, ભાવનાત્મક, સામાજિક સુખાકારી (Wellness) જેથી વ્યક્તિના વિચારો, વર્તણુંક, લાગણી, વાણી કાબૂમાં રહે.

માનસિક સ્વાસ્થ્ય આરોગ્યનો સૌથી મહત્ત્વનો હિસ્સો છે. આજની ૨૧મી સદીમાં શારીરિક આરોગ્યથી માનસિક આરોગ્ય વધારે મહત્ત્વનું છે. વ્યક્તિ સ્ટ્રેસનો યોગ્ય સામનો કરી શકે અને પોતાનામાં રહેલી માનસિક શક્તિઓ બહાર લાવે તથા સમાજ માટે ઉપયોગી કાર્યો કરી શકે. સમાજના કલ્યાણ માટે પોતાનો ફાળો આપી શકે.

● **માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતતા :**

માનસિક સ્વાસ્થ્ય વિશે સમાજમાં જાગૃતતા ખૂબ જ ઓછી છે. હકીકતમાં હજી પણ ઘણા લોકોમાં નકારાત્મક વલણ છે. જાગૃતતા લાવા માટે નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. **માનસિક સ્વાસ્થ્ય વિશે જાણકારી તથા સમજણ :** માનસિક સ્વાસ્થ્ય વિશે જાણકારી આપવી. કારણકે શારીરિક સ્વાસ્થ્યથી પણ માનસિક સ્વાસ્થ્ય વધુ મહત્ત્વનું છે. માનસિક સ્વાસ્થ્યની અસર વ્યક્તિના વિચારો, વાણી, વર્તણુંક, ભાવનાઓ પર થાય છે.

૨. **માનસિક બીમારીઓના લક્ષણો વિશે જાણકારી :** માનસિક બીમારીઓ જેવી કે હતાશા-ડિપ્રેશનની બીમારી, એન્કઝાયટી ડીસઓર્ડર, ગભરામણની બીમારી – જે સામાન્ય બીમારીઓ છે તેમના લક્ષણો વિશે જાણકારી મેળવવી.

૩. **માનસિક બીમારીઓ વિશેનું નકારાત્મક વલણ નાબૂદ કરવું :** માનસિક બીમારીઓ વિશે વૈજ્ઞાનિક માહિતી આપવી જેથી નકારાત્મક વલણ ઓછું થાય. 'માનસિક બીમારી થવી એ વ્યક્તિની ભૂલ નથી, ગુનો નથી' – એ સૂત્ર અપનાવવું અને યોગ્ય સારવાર માટેનું વાતાવરણ ઊભું કરવું.

૪. **સમાજમાં માનસિક બીમાર વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ કેળવવા માટે કાર્ય કરવું :** સમાજમાં પણ માનસિક બીમાર વ્યક્તિ તથા બીમારીઓ પ્રત્યેનું વલણ બદલવા કાર્યરત રહેવું. બીમાર વ્યક્તિ તથા વ્યક્તિના કુટુંબને સહાનુભૂતિપૂર્વક સ્વીકારવું.

૫. **વ્યવસાયીક મદદ :** જરૂરત પ્રમાણે નિષ્ણાત કે ચિકિત્સકની સલાહ લેવા લોકોને તથા ઓળખીતાઓને પ્રોત્સાહિત કરવા જેથી તેમની તકલીફો દૂર થાય તથા

એ વ્યક્તિ યોગ્ય ગુણવત્તાભર્યું જીવન જીવી શકે, જે એનો મુળભૂત અધિકાર છે.

- **માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટેની મુખ્ય પ્રવૃત્તિઓ :**

૧. પોતાની માનસિક શાંતિને મહત્ત્વ આપો. એવી પ્રવૃત્તિઓ કરો જે વ્યક્તિને આનંદ આપે.

૨. **શારીરિક પ્રવૃત્તિ :** નિયમિત કસરત કરો. જેથી મનોદશા - મુડ સુધરે છે. માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે.

૩. **પૌષ્ટિક આહાર :** સંતુલિત આહાર લો. જેમાં પ્રોટીન, વિટામિન્સ, લીલા શાકભાજી, ફળો લો. જેથી શરીરને જોઈતા યોગ્ય તત્ત્વો મળી રહે. મગજ માટે યોગ્ય ખોરાક મહત્ત્વનો ભાગ ભજવે છે.

૪. **પૂરતી ઊંઘ :** પૂરતી તથા સારી ઊંઘ લેવાથી મગજ યોગ્ય રીતે કાર્ય કરે છે અને વિચારવાની ક્ષમતા સુધરે છે. યોગ્ય સમયે સૂઈ જવું તથા યોગ્ય સમયે ઉઠી જવાથી સ્વાસ્થ્ય સારું રહે છે. દિવસ દરમિયાન સ્ફૂર્તિ પણ સારી રહે છે.

૫. **સામાજિક સંબંધો જાળવો :** મિત્રો, પરિવાર જોડે નિયમિત વાતચીત કરવાથી અને એમની જોડે સમય વિતાવવાથી માનસિક સુખાકારી જળવાય છે, મન પ્રફુલ્લિત થાય છે.

૬. **મનપસંદ પ્રવૃત્તિઓ કરો :** જે પ્રવૃત્તિઓમાં તમને આનંદ આવે છે, તેના માટે નિયમિત સમય ફાળવો. જેથી સ્ટ્રેસ ઓછો થાય.

૭. **તણાવ નિયંત્રણ :** તણાવ / સ્ટ્રેસ ઘટાડવા માટે યોગ, ધ્યાન, વિપશ્યના, માઈન્ડફૂલનેસ જેવી કોઈપણ એક અથવા વધારે ટેકનિક્સ અપનાવો.

- **વર્ષ ૨૦૨૫નું સૂત્ર :**

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે વર્લ્ડ ફેડરેશન ઑફ મેન્ટલ હેલ્થ દર વર્ષે એક સૂત્ર બહાર પાડે છે તથા એ વર્ષ દરમિયાન આ સૂત્રને લગતા જાહેર કાર્યક્રમો થાય છે.

વર્ષ ૨૦૨૫નું સૂત્ર છે : ***"કટોકટી તથા આફતો વખતે માનસિક સ્વાસ્થ્યની સેવાઓની ઉપલબ્ધિ."***

છેલ્લા થોડાક વર્ષોમાં કુદરતી ઓફતો જેવી કે પૂર, અતિવૃષ્ટિ, ભૂસ્ખલના તથા યુદ્ધો, આતંકવાદી હુમલાઓ વધ્યા છે, વધતા રહે છે. આ સમયે ગવર્નમેન્ટનું ધ્યાન રોટી, કપડાં તથા મકાન તરફ જ હોય છે. કટોકટીના સમયે લોકોની આ જ પ્રાથમિક જરૂરતો ચોક્કસ હોય છે પરંતુ માનસિક સ્વાસ્થ્ય વિશે શું?

કટોકટીના આ સમયે માનસિક સ્વાસ્થ્ય પણ મહત્ત્વનું છે, બલકે વધારે મહત્ત્વનું છે. વર્લ્ડ ફેડરેશન ઓફ મેન્ટલ હેલ્થે ખૂબ જ યોગ્ય સૂત્ર આપેલ છે જેથી ગવર્નમેન્ટ તથા અન્ય સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય તરફ જરૂરી ધ્યાન આપે. શારીરિક ફર્સ્ટ એઈડની જેમ માનસિક ફર્સ્ટ એઇડ એ સમયે વધારે જરૂરી છે. જેથી ભવિષ્યમાં માનસિક બીમારીઓ અટકાવી શકાય.

આ વિશે ઊંડાણમાં આગામી લેખમાં જાણકારી મેળવીશું.

***(ક્રમશઃ)***

---

## જીવનમાં હકારાત્મક દીવડા પ્રગટે...

**(અનુસંધાન : પાના નં. – ૫૭ ઉપરથી ચાલુ)**

આપણો અહંકાર છંછેડાતો ન રહે અને આપણામાં રાવણત્વ વધતું ન રહે એ નવા વર્ષથી ચકાસતા રહેવું જોઈએ. આ સમયે આપણું મન સાંકડું ના બની જાય એ માટે જાગૃત બનવું જોઈએ. નવા વર્ષનો ઉત્સાહ મનની ઉદારતા, વિરાટતા સાથે સંકળાયેલો છે. આપણી ભીતર રાવણ, કૌરવ, કંસ, મંથરા, કુબ્જા, પૂતના – બધા જ ડાહ્યા થઈને બેઠા છે. પ્રભુનું શરણું જ્યાં સુધી હશે ત્યાં સુધી આ આસુરી તત્ત્વો માથાભારે નહીં બની શકે. પણ જો પ્રભુને ભૂલવા માંડીશું તો ડાહ્યા થઈને બેઠેલા આ બધા તત્ત્વો મનમાં આવી જશે. આપણા સુખ-શાંતિ હણી લેશે. એટલે નવા વર્ષે પ્રભુનો પ્રેમ આપણા પર સતત વરસતો રહે એ માટે હકારાત્મક બનીએ. પ્રભુને ગમતા રહીએ તેવા થઈને જીવીએ.

આજે વિશ્વ આખુંય કલ્પી ન શકાય એવા તણાવમાંથી પસાર થઈ રહ્યું છે. માનવજાત વધુ સંકુચિત અને સ્વાર્થમય બનતા જતા વાતાવરણમાં ધકેલાઈ રહી છે ત્યારે આવા માહોલમાં દિવાળી - નવા વર્ષની શુભેચ્છા માટે પ્રભુને આ હકારાત્મક પ્રાર્થના કરીએ.

*જ્યાં દુશ્મની હોય ત્યાં દોસ્તી,*
*જ્યાં ધૃણા હોય ત્યાં પ્રેમ,*
*જ્યાં નિરાશા હોય ત્યાં આશા,*
*જ્યાં દુઃખ હોય ત્યાં સુખ,*
*જ્યાં અંધકાર હોય ત્યાં ઉજાસ,*
*જે હું બધાને અર્પણ કરતો રહીશ.*

***આરોગ્યમય, આયુષ્યમય અને આનંદમય જીવન માટે સૌને દિવાળી - નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.***

***નવીન બી. વાછાણી - રાજકોટ***
***મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭***

# જીવનમાં હકારાત્મક દીવડા પ્રગટે – એ જ દિવાળી, નવું વર્ષ

નવીન બી. વાછાણી

★ *ઝાકળ બેઠું પાંદડે ડાળીને શું ભાર?*
*બસ એટલું હળવું જીવવું, શું રાગ-દ્વેષ ને શું ખાર?*
*– કાકા કાલેલકર*

★ *વિદાય આપી દો દર્દ અને અહમને,*
*લઈ જઈએ સસ્નેહે નવ વર્ષમાં સ્વયંને.*
*– પાયલ*

રંગ વિનાની હોળી નહીં તેમ દીવા વિનાની દિવાળી નહીં. વિક્રમ સંવતનો છેલ્લો દિવસ – છેલ્લી રાત – અમાસ તે દિવાળી. દિવાળી, એ પ્રકાશનો ઉત્સવ છે, જ્ઞાનનો ઉત્સવ છે. આપણે જે રીતે જીવ્યા, કામ કર્યું એના લેખોજોખાં કરવાનો - સરવૈયું કાઢવાનો દિવસ છે. દિવાળીએ આત્મનિરીક્ષણ કરવાનું છે અને આપણા પંડમાં જો અંધારું હોય તો દિલમાં દીવોય કરવાનો છે. દિવાળીએ સંકલ્પ કરવાનો હોય છે કે નવા વર્ષથી હું મારામાં પ્રકાશ ઉમેરાતો જાય તે રસ્તે ચાલીશ. પ્રકાશ પથરાતો જાય તેવા પ્રેમમય વ્યવહાર કરીશ. મનુષ્યના સુખ-દુઃખ અને ભવિષ્ય વિધિના લેખ પર નહીં પણ તેના સ્વભાવ અને વ્યવહાર પર નિર્ભર હોય છે.

દિવાળી આપણને શીખવે છે કે અંધારાનો ડર છોડીને જીવનમાં આશાવાદી અને હકારાત્મક અભિગમ અપનાવીએ. દરેક પ્રકારના કલેશ, કંકાસ, કટુતા, કષાયને વિદાય અર્પી આજથી જીવનને ઉજાસમય બનાવીએ. જીવવાની નવી દૃષ્ટિ કેળવીએ. ગત વર્ષમાં આપણને પડેલી મુશ્કેલીઓ અંગે ઈશ્વરને કોઈ ફરિયાદ કરવાની નથી. જેવો સમય હોય તેનો સ્વિકાર કરી, સમાધાન શોધવાનું છે. નવું વર્ષ, નવી જિંદગી, નવી દુનિયા ખડી કરવાનું આપણા સૌના હાથમાં છે. આરંભ થતા નવા વર્ષમાં આનંદ અને આરોગ્યમય જીવવું છે? તો જીવમાં હકારાત્મક્તાના દીપની જ્યોત પ્રગટાવવી પડશે. નવા વર્ષે એ મુજબ જીવવાનો સંકલ્પ કરીએ અને આ પ્રમાણે હકારાત્મક ચિંતન કરીએ.

- સંતોષી બનો. વધારે વસ્તુઓ ભેગી કરવાથી સુખી થવાતું નથી. જાણો છો? નાના દીવે દિવાળી અને મોટા દીવે હોળી હોય છે.
- સમાજમાં નાના-મોટા સૌની સાથે પ્રેમથી ભળવાનું રાખો. વધુ તંદુરસ્ત અને પ્રતિષ્ઠિત બનશો.
- કાયમ આશાવાદી બની રહો. જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી આશ છે. આશા મનુષ્યને ઉત્સાહ અને શક્તિ અર્પે છે.
- ઈશ્વરના આશિર્વાદનો સદા અનુભવ કરો. જીવનમાં કોઈ નિષ્ફળતા છે જ નહીં. નિષ્ફળતા જ સફળતાની સીડી છે.
- સમયની સાથે ચાલો. સમયની સાથે ચાલનાર વ્યક્તિ આદરપાત્ર બને છે, પ્રગતિ કરે છે.
- માણસ માત્ર કપડાથી નથી શોભતો, પણ તે તેના સદ્ગુણ, વાણી, વર્તન અને કર્મથી શોભે છે.
- કોઈને કોઈ રીતે મદદગાર બનતા રહો. જ્યારે મનુષ્ય અન્યને મદદ કરવાનું બંધ કરે છે ત્યારે તેનું આધ્યાત્મિક રીતે મૃત્યુ થઈ જાય છે.
- જિંદગીએ મને શું આપ્યું છે? એવો વિચાર કરતા પહેલાં જેમની પાસે આરોગ્ય, આર્થિક કે કંઈ જ નથી તેમનો વિચાર કરવો. ઈશ્વરે મને લાયકાતથી ઘણું જ વિશેષ આપ્યું છે તેનો સ્વીકાર કરવો.
- જીવનમાં ક્યારેક વાહન વગર ચાલવાનું થાય તો અફસોસ કરવાને બદલે જેમને બંને પગે લકવો થયો હોય તેવી વ્યક્તિને યાદ કરજો. તમને ઈશ્વરની અસીમ કૃપાની ખાતરી થશે.
- કોઈ તમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે, અપમાન કરે કે નુકસાન કરે તો એ વાતથી સંતોષ માનજો કે હું આવી વ્યક્તિ નથી. મા-બાપના સુસંસ્કારોને યાદ કરી તેવી વ્યક્તિ સાથે સદ્ભાવ કેળવજો.
- કોઈ સાથે ઈર્ષ્યા રાખવા કરતાં તેમના પ્રત્યે પ્રેમભાવ રાખવાથી મનને પ્રસન્નતા મળે છે, શાંતિ મળે છે.
- આજે આપણી પાસે શાંતિ નથી તેનું એક કારણ એ છે કે આપણે એકમેકના થઈને નથી જીવતા.
- ભૂતકાળમાંથી શીખવા જેવું શીખો, ભૂલવા જેવું ભૂલો. સંબંધોમાં સાચા સ્નેહ, પ્રેમ અને ક્ષમાભાવ કેળવતા રહો. ઘણા માનવી વર્ષમાં એક જ વાર નવું વર્ષ ઉજવે છે જ્યારે જતું કરનાર, ભૂલી જનાર ઘણા વ્યક્તિઓ દરરોજ ક્ષણ ક્ષણ નવું વર્ષ ઉજવે છે.

આપણા છાના ગમા-અણગમા, પૂર્વગ્રહો - પક્ષપાતોથી આપણે સાવ જ મુક્ત થવું અઘરું છે. નાની નાની બાબતોમાંય

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૬ ઉપર)

ડૉ. અભિલાષા ચૌબલ
પ્રિન્સિપલ કન્સલ્ટન્ટ : હેપેટોલોજી,
નાનાવટી મેક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ - મુંબઈ

# લીવર (યકૃત) કાર્ય પરીક્ષણ (Liver Function Test)ની સમજ

લીવર પરીક્ષણ (LFT) એક અત્યંત ઉપયોગી નિદાન સાધન છે. જે તમારૂં લીવર યોગ્ય રીતે કાર્ય કરી રહ્યું છે કે નહીં તે નક્કી કરવામાં મદદ કરે છે. આ લોહીની તપાસમાં વિવિધ એન્ઝાઈમ, પ્રોટીન અને લીવર દ્વારા બનેલા અથવા પ્રોસેસ કરાયેલા તત્ત્વોનું માપન કરવામાં આવે છે. આ ટેસ્ટના આધારે ડૉક્ટર નક્કી કરી શકે છે કે સ્તરો અસામાન્ય છે કે નહીં અને તે હેપેટાઈટીસ, ફેટી લીવર અથવા પાંડુરોગ (જોન્ડિસ) જેવી પરિસ્થિતિઓથી પ્રભાવિત છે કે નહીં.

આ પરીક્ષણ લીવરની સારવારની પ્રગતિને માપવામાં અને લીવર આરોગ્યમંદ રહે તે સુનિશ્ચિત કરવામાં પણ મદદરૂપ છે.

## લીવર પરીક્ષણના પ્રકારો

LFT વિવિધ પરિમાણો પર આધારિત લોહીની તપાસનો સમૂહ છે. જે લીવરના જુદા જુદા પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સૌથી સામાન્ય તપાસો નીચે મુજબ છે :

★ **ALT ટેસ્ટ (Alanine Transaminase) :** આ એન્ઝાઈમ સામાન્ય રીતે લીવરમાં મળે છે. તેનું સ્તર ઊંચું હોય તો લીવરને નુકસાન અથવા રોગ બતાવી શકે છે.

★ **AST ટેસ્ટ (Aspartate Transaminase) :** આ એન્ઝાઈમ લીવર અને સ્નાયુઓમાં મળે છે. તેનું સ્તર ઊંચું હોય તો લીવર અથવા સ્નાયુ સંબંધિત સમસ્યા હોઈ શકે છે.

★ **ALP ટેસ્ટ (Alkaline Phosphatase) :** આ એન્ઝાઈમ પ્રોટીનને તોડવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે બાઈલ ડક્ટમાં અવરોધ કે લીવરની સમસ્યાઓ શોધવા થાય છે.

★ **બિલીરૂબીન ટેસ્ટ :** જ્યારે લાલ રક્તકણો તૂટે છે ત્યારે બિલીરૂબીન બને છે. તેનું સ્તર વધારે હોય તો પાંડુ રોગ (જોન્ડિસ), લીવર રોગ અથવા બાઈલ ડક્ટમાં અવરોધ સૂચવી શકે છે.

★ **અલ્બ્યુમિન ટેસ્ટ :** અલ્બ્યુમિન લીવર દ્વારા બનેલું પ્રોટીન છે. તેનું સ્તર ઓછું હોય તો લીવરની બીમારી અથવા અન્ય લાંબાગાળાની પરિસ્થિતિઓ હોઈ શકે છે.

આ તમામ પરીક્ષણો અલગથી મહત્ત્વપૂર્ણ માહિતી આપે છે. પરંતુ એક સાથે કરીને લીવરની સંપૂર્ણ સ્થિતિ દર્શાવે છે.

● **લીવર કાર્ય પરીક્ષણ શા માટે મહત્ત્વપૂર્ણ છે?**

લીવર કાર્ય પરીક્ષણોનું મુખ્ય મહત્ત્વ એ છે કે તે ગંભીર થવા પહેલાં જ સમસ્યા અને પરિસ્થિતિઓ ઓળખવામાં મદદ કરે છે. લીવર દરરોજ ૫૦૦થી વધુ કાર્ય કરે છે – પોષક તત્ત્વોને પ્રોસેસ કરવાથી લઈને ઝેર દૂર કરવા સુધી. કોઈપણ વિક્ષેપ ગંભીર આરોગ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.

● **LFT નીચેની રીતે મદદરૂપ છે :**

★ *લીવરના નુકસાનને ઓળખવું :* આલ્કોહોલ સેવન, હેપેટાઈટીસ જેવા ચેપ અથવા દવાઓની આડઅસર – LFT વહેલી તકે સમસ્યા બતાવી શકે છે.

★ *રોગની પ્રગતિ પર નજર રાખવી :* ફેટી લીવર અથવા સિરોહિસિસ જેવી પરિસ્થિતિઓમાં નિયમિત LFT થી રોગની પ્રગતિ જાણી શકાય છે.

★ *ઉપચારની અસરકારકતા માપવી :* લીવર રોગની સારવાર લઈ રહેલા દર્દીઓ માટે. આ ટેસ્ટ બતાવે છે કે દવા યોગ્ય રીતે અસર કરી રહી છે કે નહીં.

● **લીવર કાર્ય પરીક્ષણોથી (LFT) ઓળખી શકાય તેવી પરિસ્થિતિઓ :**

★ હેપેટાઈટીસ વાઈરસ અથવા અન્ય કારણોથી લીવરમાં થયેલો સોજો.

★ ફેટી લીવર રોગ : લીવરના કોષોમાં વધારાની ચરબીનો સંગ્રહ. જે મોટાભાગે મોટાપો અથવા આલ્કોહોલથી જોડાયેલ હોય છે.

★ સિરોહિસિસ : લાંબાગાળાના નુકસાનના કારણે લીવરમાં પડેલ દાઝ/ઝાંખી.

★ લીવર કેન્સર : લીવરમાં અસામાન્ય વૃદ્ધિ કે ગાંઠો.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૦ ઉપર)

# જીવનમાં નાના-નાના પ્રશ્નો : ઉકેલ

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

સમગ્ર દુનિયામાં વ્યક્તિનું સરેરાશ આયુષ્ય વધતું જાય છે. ભારતમાં તે ૭૩ વર્ષથી ઉપર થયું છે. સિનિયર સિટીઝન અને તેથી આગળ સુપર સિનિયર સિટીઝનની કેટેગરીઓના બોર્ડ મોટા ભાગની જગ્યાઓએ લગાડેલા છે, ત્યારે આપણા જીવનમાં નાના-નાના પ્રશ્નો આવે તે સ્વાભાવિક છે. આવા પ્રશ્નોના ઉકેલ હાથવગા હોય તો સારું એમ લાગે છે... ચાલો જોઈએ...

**૧. *આપણા બધાનો અનુભવ છે કે આખી જિંદગીમાં એક વાર મંદિરમાં હવેલીમાં, બેસણામાં ચંપલ, સ્લીપર, બુટ જતા રહે છે. મોટો સમૂહ હોય ત્યાં આવી શક્યતા રહેલી છે, તો શું કરવું?***

☞ તમે મંદિર/હવેલીમાં તેના પ્રાંગણમાં એક જૂતું એક બાજુ ને બીજું જૂતું બીજી બાજુ મૂકી, શક્ય હોય તો ફોટો પાડી લો. શ્રીનાથદ્વારા જેવા મંદિરમાં જૂતા રાખવા માટે ટોકનની વ્યવસ્થા છે.

**૨. *સવારે બી.પી., ડાયાબિટીસની ગોળી લીધી કે નહીં તે યાદ ન રહે તો શું કરવું?***

☞ સાત દિવસની ગોળીઓ, અલગ અલગ ડબ્બીમાં રાખો. ગણી જુઓ. તે પછી પણ પ્રશ્નો રહે તો બી.પી.ની ગોળી ગળી લો, ડાયાબિટીસની નહીં.

**૩. *નાના કામ માટે, મિસ્ત્રી, પ્લમ્બર, એ.સી.વાળા કે લાઈટવાળા આવતા નથી!***

☞ પ્રત્યેકના મોબાઈલ નંબર રાખો. ALTERNATE નંબર પણ રાખો. તેઓની યોગ્ય વિઝીટ ફી આપવી – આવશે. વિશ્વાસ રાખવો.

**૪. *કામવાળાઓ વારંવાર રજા પાડે છે. દર ૨ મહિને ૭ દિવસની રોકડીમાં માણસ ઘણી વખત મળતા નથી.***

☞ કામવાળાઓ મોટે ભાગે રાજસ્થાનના છે. તેઓનું ઘર, બાળકો ત્યાં ભણે છે. સંસાર છે. આવું થશે સ્વીકારી લો. તમારા જ કામમાંથી ૨ કામ એક કામવાળાને, ૨ કામ બીજા કામવાળાને આપો. રોકડીમાં રૂપિયા વધારે થશે, કચકચ ના કરશો. નહિંતર બધા કામ જાતે કરી લો.

**૫. *સિનિયર સિટીઝન તરીકે યાદશક્તિ ઓછી થઈ ગઈ છે, પાસવર્ડ યાદ રહેતા નથી.***

☞ ડિજીટલ દુનિયા સાથે ગમે તેટલી ઉંમર હોય, સાથે રહેવું પડશે. તમારા મોબાઈલમાં Pass-word એપ છે તેમાં તમારા, T.V. લોકર, ચાવી નંબર, મેઈલ, નેટફ્લિક્સ, પ્રાઈમ વીડિયો વગેરેના પાસવર્ડ લખી સેવ કરી શકો છો, દેખાશે.

**૬. *બાથરૂમમાં પડી જવાથી, ૯૦% ટકા લોકોને થાપાનું ફ્રેકચર થાય છે, બોલ તૂટી જાય છે. દુનિયામાં નેવું ટકા લોકોને ૭૦ વર્ષ પછી હાડકામાં કેલ્શિયમ, વિટામિન D3ની ઉણપના લીધે હાડકાં પોચા પડી જાય છે. તે ન થાય તે માટે શું કરવું?***

☞ (૧) બાથરૂમમાં કમોડ તથા નાહવાની જગ્યા સામે હેન્ડલ હોવા જરૂરી છે. પગ મૂકવાની જગ્યાએ ખસી ન પડાય તેવી મેટ આવે છે.

(૨) અમુક ઉંમર પછી પ્રત્યેક ક્રિયાઓ ધીમી ને સાવચેતીપૂર્વક કરવી જોઈએ.

(૩) દર વર્ષે તમારા હાડકાની Bone Density કરાવી Calcium + Vit D3 લેવું જોઈએ.

(૪) તમારા અંડર ગારમેન્ટ બેસીને જ પહેરવા જોઈએ.

**૭. *૩ દિવસથી ૩૦ દિવસ સુધી બહારગામ જવું પડે ત્યારે મહેનત કરીને ઉગાડેલા કુંડાના છોડ સૂકાઈ જાય છે.***

☞ સોસાયટીમાં રહેતા હોઈએ ત્યારે કુંડા નીચે મુકાવી વોચમેન / સ્વીપરને ઉચ્ચક રૂપિયા આપી રાજી કરીએ તો નિયમિત પાણીનો છંટકાવ તથા વખતોવખત માળી આવે ત્યારે તેનું ધ્યાન રાખે.

**૮. *દર સવા કલાકે પેશાબ કરવા જવું પડે છે. લાંબી કે ટૂંકી મુસાફરીમાં વોશરૂમ ન મળે તો?***

☞(૧) બે અંડરગારમેન્ટ પહેરવા – એક ડાયપરવાળી અને બીજી રૂટીન

(૨) ટ્રાવેલ્સની લાંબી મુસાફરી માટે વોશરૂમવાળી લક્ઝરી બસો પણ હવે આવે છે. (શ્રીનાથજી - શ્રીનાથ બસ)

***૯. ચોમાસામાં ભેજના કારણે બારણું બરોબર વસાતું નથી. પહેલાં જેવાં લોક એન્ડ કી નથી તો?***

☞ બારણાની બાજુમાં તૈલી પદાર્થ વેસેલીન / કોપરેલ લગાવવાથી બારણું વસાઈ જાય છે. બહારગામ જતાં એક ચાવી બાજુવાળાને અવશ્ય આપી જવી.

***૧૦. પોતાના ઘરની ચાનો આગ્રહ રાખનાર, આદુવાળી ચા બનાવતાં ફાટી જાય છે. પછી નવી ચા બનાવવાનું મન થતું નથી... તો?***

☞ ચા બનાવવા બે તપેલીઓ વાપરવી. ફ્રીજમાંથી કાઢેલું દૂધ ઠંડુ હોય તો ગરમ કરવા, બીજીમાં ચાનું પાણી મૂકી ચા/મોરસ નાખી ઉકાળવા. દૂધ ચા માં ભેળવ્યા પછી જ વાટેલું આદુ નાખવું અગાઉથી નહીં. દૂધવાળી તપેલી ઠંડી કરી તેમાં ચા ઠંડી કરી શકાય.

***૧૧. ઘરમાં નાના બાળકો, મોબાઈલ/ટી.વી.માં જોઈને ખાવા-પીવાનું રાખે છે. દીકરા, દીકરી તેમના રૂમમાં ભરાયેલા રહે છે.***

આ અઘરી હકીકતોનો ઉકેલ મુશ્કેલ છે. ડિજીટલ યુગમાં બાળકો માટે, રામાયણ, કૃષ્ણ, હનુમાનજીના ચિત્રો સાથે ઍપ ડાઉનલોડ કરવી જોઈએ. પોતપોતાના સંસ્કાર પ્રમાણે પોતાના બાળકો ને પૌત્રો કદાચ અનુકરણ કરે. તેઓના ઘરે જઈએ તો કંઈક ને કંઈક ભેટ લેતા જવું જોઈએ.

***૧૨. સિનિયર સિટીઝનો એકલા રહેતા હોઈએ, ડ્રાઈવિંગ ન કરતા હોઈએ ત્યારે બહાર જવા, રીક્ષા ઉબર, ઓલા કેવી રીતે કરવી?***

☞ કાયમ માટે બે રીક્ષાવાળાઓ (તમારા વિસ્તારના)ના મોબાઈલ નંબર રાખવા. ભાડા કરતાં ૧૦ રૂપિયા વધારે આપવા. ડિજીટલ જમાનામાં, ઉબર, ઓલા બોલાવતાં (મોબાઈલમાં) શીખી જવું પડશે.

***૧૩. વસિયત કરવું કે નહીં? તેની કોપી દીકરા / દીકરીને અપાય?***

☞ વસિયત ચોક્કસ કરવી. બે આંખની શરમ યાદ રાખવી. કોપી ચોક્કસ આપવી / અથવા તેની નોંધની જાણ કરવી. (ક્યાં મૂકી છે?)

***૧૪. બેંક લોકરમાં મૂકેલ વસ્તુઓની યાદી, પુત્ર / પુત્રવધૂ / દીકરીને આપવી જોઈએ?***

☞ કેટલું ગુપ્ત રાખવું તે તમારા મનની વાત છે. તેની યાદી, તમે ક્યાં મૂકો છો તેની જાણ તો કરવી જોઈએ.

***૧૫. બેંકોમાં જવું પડે. સહીના ક્યારેક તફાવત પડે. બેંકોના એકાઉન્ટ હેકર ન જાણે માટે, રાખ્યા નથી તો શું કરવું?***

☞ કાયમના એકાઉન્ટ Expose ન કરવા - એક HDFC BANKનું DEBIT કાર્ડ વાપરવું. બધો જ વ્યવહાર થઈ શકે. મહિનામાં એક વાર મુખ્ય બેંકમાં ચેક લખી HDFC A/C. માં ટ્રાન્સફર કરવા. ડિજીટલ પ્રક્રિયા પૌત્રો પાસેથી શીખી જવી પડશે.

૧૬. વૃત્તિ, મૈત્રી, મોબાઈલનો યોગ્ય ઉપયોગ, સ્વભાવમાં નમ્રતા, પોઝીટીવ અભિગમ – સિત્તેર વર્ષની ઉંમર પછી પણ જીવન જીવવાની કળા, હસ્તગત થઈ શકે છે.

*(નોંધ : લેખક **KJSS**ના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં કાર્યરત છે. તેઓ એમ.ડી. ફિઝીશિયન છે.)*

---

## લીવર (યકૃત) કાર્ય પરીક્ષણની સમજ

**(અનુસંધાન : પાના નં. – ૫૮ ઉપરથી ચાલુ)**

★ પાંડુરોગ (જૉન્ડિસ) : ત્વચા અને આંખો પીળી થવી, જે ઊંચા બિલીરૂબીન સ્તરથી થાય છે.

વહેલી તકે આ પરિસ્થિતિઓ ઓળખી લેવાથી સારવાર વધારે અસરકારક બની શકે છે.

નિયમિત લીવર કાર્ય પરીક્ષણો ઉપચાર શરૂ થયા પછી તેની અસરકારકતા પર નજર રાખવામાં અને લીવર તેની મહત્ત્વપૂર્ણ કામગીરી ચાલુ રાખે છે કે નહીં તેની ખાતરી કરવામાં મદદરૂપ બને છે.

નાણાવટી મેક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ - મુંબઈમાં ચોક્સાઈપૂર્વક નિદાન અને સમગ્ર લીવર આરોગ્ય વ્યવસ્થાપન માટે નિષ્ણાત કાળજી પર તમે વિશ્વાસ મૂકી શકો છો.

ડૉ. અલીશા ચૌબલ અને અમારા નિષ્ણાત હિપેટોલોજિસ્ટ અને લીવર, આંતરડા અને સ્વાદુપિંડ ટ્રાન્સપ્લાન્ટેશન નિષ્ણાતોની ટીમ અઠવાડિયામાં એકવાર સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી અમદાવાદની મુલાકાત લે છે જેથી દર્દીઓને તેમના ઘરની નજીક સારવાર આપી શકાય.

*વધુ માહિતી માટે*
*૭૫૦૬૬ ૧૭૩૬૮ પર કોલ કરો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ તેજસ્વી તારલાઓ : વર્ષ ૨૦૨૫



**ધ્યેય શેફાલીબેન તેજસભાઈ દોશી**
Std.-10 : 93.66%



**મોક્ષ ભાવનાબેન ભરતભાઈ ગાલા**
Std.-10 : 93.66%



**મોનીલ નિધિબેન મનીષભાઈ ગાંધી**
Std.-10 : 93.00%



**ભવ્ય શ્રેયાબેન તપનભાઈ શાહ**
Std.-10 : 92.00%



**અંશ પરિતાબેન તિમિરભાઈ ખોના**
Std.-12 (Commerce) 88.8%



**કાવ્યા રૂપલબેન અલ્પેશભાઈ શાહ**
Std.-12 (Commerce) 88%



**મેહ પ્રેરણાબેન આનંદભાઈ શાહ**
Std.-12 (Commerce) 88%



**સ્નેહ માનસીબેન વિવેકભાઈ દોશી**
Std.-12 (Science) 82%



**ક્રિષા પારૂલબેન સમીરભાઈ દોશી**
Std.-12 (Science) 80%



**કાવ્યા પારૂલબેન અમિતભાઈ છેડા**
Bachelor of Biophysics



**દેવ મિત્સુ ભાવિનભાઈ મોરબીયા**
BBA



**સાહિલ રીટાબેન અલ્પેશભાઈ નંદુ**
B.Tech.



**તન્વી પૂજાબેન નરેન્દ્રભાઈ દંડ**
B. Pharm.



**આર્ય ઝરણાબેન હેમાંગભાઈ પારેખ**
Computer Science



**નમ્ર પરિતાબેન નંદનભાઈ શાહ**
Computer Science



**ક્ચવન નયનાબેન સુનિલભાઈ ગોગરી**
B.E. in Architechture



**ડૉ. નવ્યા હેતલબેન ડૉ. ધીરેન શાહ**
MBBS



**પાર્થ અમિતાબેન અમરભાઈ કોરડિયા**
CA



**નિલય અવંતીબેન દેવેશભાઈ દંડ**
CA



**આકાશ હેમંતીબેન હિરેનભાઈ લોડાયા**
Master in Civil Engineering

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ તેજસ્વી તારલાઓ : વર્ષ ૨૦૨૫



**યોગ જાગૃતિબેન જયેશભાઈ મહેતા**
MBA in Finance



**પ્રીત કવિતાબેન કીર્તિભાઈ નાગડા**
Master in IT



**વિષુ અલ્પાબેન મેહુલભાઈ શાહ**
Master in Science



**એરિક સ્નેહલતાબેન કુમારપાલભાઈ શાહ**
M.Sc. Data Science



**ફેમિ મનીષાબેન દીપેશભાઈ ગડા**
MA (Psychology)



**પ્રશીલ નેહાબેન ભાવેશભાઈ પારેખ**
Master in Computer Engineering



**પ્રક્ષાલ નેહાબેન ભાવેશભાઈ પારેખ**
Master in Biotechnology



**અમીષા વર્ષાબેન દિલીપભાઈ મહેતા**
MBA in Business Intelligence



**હર્ષેશ જ્યોત્સનાબેન અરવિંદભાઈ શાહ**
Technical Architect

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### Non Academic Activity Award : 2025



**દષ્ટિ અંજુબેન અનિલભાઈ મહેતા**
Young Research Scientist - 2025



**મોક્ષીલ શીતલબેન ધવીશભાઈ જૈન**
Chess Champion




**મૌલી નિધિબેન મનીષભાઈ ગાંધી**
Arangetram



**પ્રિશા શીતલબેન ઉમંગભાઈ શાહ**
Arangetram




**દેવાંશ ગુંજલબેન આશિષભાઈ શાહ**
World Mind Sports Champion

Since 1985

**INDOTEX PAINTS**

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


• શુભેચ્છા સહ •



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR
INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

**SKYBLUE**
**STATIONERY MART**
EVERY THING THAT YOU THINK



**South Bopal** : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.** FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

**BMCB BANK**
ESTD 1995
Multi-State Bank

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.


*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**